
તંત્રી : ધીરુ પરીખ
સંસ્થાપક : રવિશંકર રાવળ
વર્ષ બોંતેરમું ● સળંગ અંક : ૮૫૨
જાન્યુઆરી ઓગણીસસો નવાણું

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક



પેન્સિલ સ્કેચ] ઈશ્વર અલ્લા તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન. [રમેશ ઠાકર



મિત્રો] [ઓ. કોકોશ્કા

યુરોપમાં પિકાસોની આકારભંજકતા તથા ઘનવાદની બોલબાલા જામતી હતી ત્યારે ૧૮૮૯માં જર્મનીમાં જન્મેલો ચિત્રકાર ઓ. કોકોશ્કા એના ઘડતરકાળમાં હતો. જર્મનીના ત્યારના વિખ્યાત એક્સ્પ્રેશનિસ્ટ કવિ એલ્સ લાસ્કર શુલરે કોકોશ્કાને સમયના પ્રવાહની બહાર જન્મેલા 'પ્રશિષ્ટ મૂર્ધન્ય કલાકાર' તરીકે બિરદાવેલો. પોતાના સમયના કલાપ્રવાહથી ઊફરા જઈને કોકોશ્કાએ પરિષ્કૃત અને પ્રશિષ્ટ શૈલીમાં આકારોની નખશિખ જાળવણી કરી તેજ રંગરમણાથી પોતાની વિશિષ્ટ ચિત્રશૈલી ઊભી કરી હતી. આ શૈલીનું અહીં આપેલું ચિત્ર 'મૈત્રી' એક ઉત્તમ નમૂનો છે. આ ચિત્ર એમણે ઈ.સ.૧૯૦૭માં તૈલરંગોમાં તૈયાર કર્યું હતું.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૨મું — અંક ૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

અંકનિર્દેશ

કુમાર સળંગ અંક ૮૫૨

ચિત્રો		
ગાંધીજી (સ્કેચ : રમેશ ઠાકર)		પૂઠું-૧
મિત્રો (ચિત્રકાર : ઓ. કોકોશ્કા)		પૂઠું-૨
કાવ્યો		
તમારા બે વિશે	ઉશનસ્	૩
વરસ ફરે છે ગોળ!	ભાનુપ્રસાદ પંડ્યા	૩
ક્યારેક મોજ આવે તો	રમણિક સોમેશ્વર	૩
એ જ સજનવા ભૂલ!	મનોહર ત્રિવેદી	૩
ઉત્થાન	કરસનદાસ લુહાર	૩
ચરિત્ર		
ટોમચાચા	અશોક હર્ષ	૪
જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી - ૧૮	સ્વ.જયન્તીલાલ મહેતા	૩૧
વાર્તા-લઘુકથા-ધ્યાનકથા		
શ્લોકસભા	જ્યોતિષ જાની	૬
પ્રામાણિકતા (લઘુકથા)	ભગીરથ બ્રહ્મભટ્ટ	૨૫
વારસો (ધ્યાનકથા)	બહાદુરભાઈ જ. વાંક	૪૫
લેખો		
એક ઐતિહાસિક ચિરસ્મરણીય પ્રસંગ	ડૉ. પ્રિયબાળા શાહ	૧૧
વિદાયની રીત (સ્થિર નદી, સરતાં નીર)	પ્રીતિ સેનગુપ્તા	૧૩
ક્રિશ્ચિયન કેલેન્ડર	પ્રફુલ્લ એ. પરીખ	૧૬
આવો, શીખીએ અંગ્રેજી -૧૭	ધનુભાઈ મહેતા	૨૩
સંગીતશાસ્ત્ર - ૨૧	ડૉ. હસુ યાજ્ઞિક	૨૭
પસ્તીનાં પાનાં	ડૉ. પ્ર. ચુ. વૈદ્ય	૨૯
યુફેઝીઆ (હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર)	હેમેન્દ્ર એ. શાહ	૩૪
ઇન્ડિયન એસોસિએશન ફોર...સાયન્સ (સંસ્થા-પરિચય)	પ્રા. સુરેશ ર. શાહ	૩૫
ઇતિહાસધારા	અશોક હર્ષ	૪૫
વિભાગો		
વાચકો લખે છે...		૧
પ્રસંગપરાગ	કુલીનચંદ્ર યાજ્ઞિક	૯
અતીતમાં અવગાહન (વિવિધ પ્રકારનાં દૂધ - ડૉ.શિવપ્રસાદ ત્રિવેદી)		૩૮
અડકો-દડકો (અમારા છેલભાઈ - શ્રદ્ધા ત્રિવેદી, મારા શો-કેસમાં - રમેશ ત્રિવેદી)		૩૯
કંકાવટી (હસુ પટેલ - કમલા પરીખ)		૪૧
કલાવાર્તા (રોમેશ મિસ્ત્રીની સાઇબર આર્ટ, શિલ્પી હરિપ્રસાદ)	બંસીલાલ દલાલ	૪૨
સાહિત્યસંપર્ક (ડૉ. ઉપેન્દ્રભાઈ પંડ્યાનું નિધન - ભાનુપ્રસાદ પંડ્યા, પ્રાપ્ત પ્રકાશનો)		૪૪
ગોખરુ (આયુર્વેદ અને ઔષધ - ૧૨)	સ્વ. વૈદ્ય નવીનભાઈ ઓઝા	૪૬
માધુકરી (ડૉ.મધુસૂદન પારેખને ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક - ચંદ્રકાન્ત શેઠ, એઇડ્ઝની શોધ, હું પગારવધારો સ્વીકારતો નથી - સંજય ભાવે, કોલેજ અને ઉત્સવો - લીલાબહેન પટેલ, શરદીમાં રાહત શી રીતે મેળવશો)		૪૬
છેલ્લું પાનું		૫૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦,
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૨૭૦ અને પાંચ વર્ષના રૂ.૪૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

'પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક, તરીકે સાદ્યંત પ્રકટ થતું 'કુમાર' માસિક પત્રોમાં ગૌરવને પ્રાપ્ત કરી રહ્યું છે. એમાંની વિષય-વિવિધતા સાથે વાચન-સામગ્રીની ભદ્રતા અને જ્ઞાનપ્રદતા વગેરે સર્વ ગુજરાતી સામયિકોમાં 'કુમાર'ને વિશિષ્ટ રીતે ઉચ્ચ અગ્રતાનુક્રમ અપાવે છે. આદ્યતંત્રીશ્રી રવિશંકર રાવળ અને શ્રી બચુભાઈ રાવતના સમયની પરિપુષ્ટતા 'કુમાર' અત્યારે ધારણ કરી રહ્યું છે તે આનંદની બાબત છે.

હજુ તેમાં છબીકળા, સિક્કા-ટિકિટ સંગ્રહનો માહિતી-વિભાગ ઉમેરાય તો યુવાવર્ગને તેમાંથી જાણવાનું મળે.

વળી, જાહેરખબરો સાથે પસંદગીનાં કાવ્યો, ઉદ્ધરણોની પદ્ધતિ ખરેખર ઉચિત અને આવકાર્ય છે. તેના કારણે જાહેર-ખબરો પણ અધિક વાચનક્ષમ બને છે.

'કુમાર'ના જૂન, ૧૯૯૭ના અંકમાં આવરણ પાન-૪ ઉપર એક 'કુમાર'પ્રેમી તરફથી શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની 'એ મારી પ્રાર્થના નથી'નો અનુવાદ છપાયો છે તેનું પદ્ય-રૂપાંતર વર્ષોથી મારી પ્રાર્થનાપોથીનો ભાગ બની રહેલ છે. તેના મૂળ કવિ, કે ગુજરાતી રૂપાન્તરકાર વિશે મને ખબર ન હતી. પરંતુ મૂળ તે રવીન્દ્રનાથનું છે તે જાણી આનંદ થયો. હજુ તેના ગુજરાતી રૂપાન્તરકારની ખબર નથી. ક્યાંક મેં છપાયેલું વાંચેલું અને ગમી જવાથી મેં પ્રાર્થનાપોથીમાં ટપકાવી લીધેલું - તે આખું આ સાથે રજૂ કરું છું. પ્રાર્થના કંઠસ્થ કરવામાં એથી સુગમતા રહે છે :

એવી પ્રાર્થના મારી

કરો રક્ષા વિપદમાંહી - ન એવી પ્રાર્થના મારી,
વિપદથી ન ડરું કો'દી, પ્રભુ, એ પ્રાર્થના મારી.
મળો દુ:ખ-તાપથી શાન્તિ - ન એવી પ્રાર્થના મારી,
સહુ દુ:ખો શકું જીતી, પ્રભુ, એ પ્રાર્થના મારી.
સહાયે કો'ચડી આવો - ન એવી પ્રાર્થના મારી,
તૂટે ન આત્મબળ-દોરી, પ્રભુ, એ પ્રાર્થના મારી.
મને છળહાનિથી રક્ષો - ન એવી પ્રાર્થના મારી,
ડગું ન આત્મશ્રદ્ધાથી, પ્રભુ, એ પ્રાર્થના મારી.
પ્રભુ, તું પાર ઉતારે, ન એવી પ્રાર્થના મારી
તરી જાવા ગ્રહું શક્તિ, પ્રભુ, એ પ્રાર્થના મારી.
તું લે શિરભાર ઉપાડી - ન એવી પ્રાર્થના મારી,
ઉપાડી હું શકું સ્હેજે, પ્રભુ, એ પ્રાર્થના મારી.
સુખી દિને સ્મરું ભાવે - દુ:ખી અંધાર રાત્રિએ,
ન શંકા તું-વિશે આવે, પ્રભુ, એ પ્રાર્થના મારી.

- મોહનભાઈ જાની (અમદાવાદ)

'કુમાર'ના દીપોત્સવી અંકમાં શ્રી નરોત્તમ પલાણે 'ઇતિહાસધારા' (ઓગસ્ટ અંક)માં મેં વડોદરા પરના શાસનના અંત વિશે જે લખ્યું છે તેની સાથે ભો.જે.- વિદ્યાભવન પ્રકાશિત ઈતિહાસ-ગ્રન્થ (મરાઠાકાળ)માં પ્રસિદ્ધ થયેલા લખાણની સરખામણી કરીને બંને વચ્ચેના તફાવત પરથી ક્યું લખાણ સાચું એ પ્રશ્ન ઉઠાવ્યો છે અને સત્યશોધનની નજરે તે ઉચિત જ છે.

હું માનું છું ત્યાં સુધી મારું લખાણ સત્યની વધુ નજીક છે. દાજી પટેલ નામ સાચું નથી, કારણ દાજી શબ્દ ગુજરાતી નહિ, પણ મરાઠી છે અને તે અટક તરીકે વપરાય છે. આમ, 'દાજી પટેલ' એ રૂસ્તમઅલીનો જીવ બચાવતાં તેને વડોદરા વસાવ્યો હોવાનું અને દલા પટેલની પત્નીએ તેને પોતાનો ધર્મનો ભાઈ બનાવ્યો હોઈને પોતાની પુત્રીને 'મામા'ને ત્યાં જવા દે એ જેટલું સ્વાભાવિક જણાય છે એટલું બાબી (ભો.જે. પ્રકાશિત ગ્રન્થમાં રૂસ્તમઅલીના સ્થાને તેનો ભાઈ સુજાતખાન) તેને અંબાજી જતી રોકીને ચૌદ દિવસ પોતાની પાસે રાખે એ એટલું સ્વાભાવિક નથી જણાતું. છતાં જો કથા વિરુદ્ધ પુરાવા મળે તો તે માન્ય રાખવામાં મને કશો વાંધો નથી. - અશોક હર્ષ (અમદાવાદ)

'કુમાર'માં ડૉ. પ્ર.ચુ. વૈદ્યનાં 'પસ્તીનાં પાનાં' વાંચતાં વિસ્મૃતિનાં પડળો નીચે ઢંકાયેલો કોઈ પ્રસંગ કે સમાંતર અનુભવ યાદ આવી જાય છે. નવેમ્બરનો (૮૫૦મો) અંક વાંચતા પણ એવું જ થયું.

૧૯૪૦ કે ૪૧ દરમિયાન ભાવનગર-માં ઘરશાળા બાલમંદિરમાં સરદાર પૃથ્વીસિંહ આઝાદને નિમંત્રેલા ત્યારે પહેલી વાર તેમનાં દર્શન થયેલાં. મારી વય ત્યારે છ કે સાત વર્ષની, એથી એમના વ્યક્તિત્વ કે પરાક્રમી ભૂતકાળ અંગે માહિતી ન હતી. ૧૯૪૨માં સ્વાતંત્ર્ય-સંગ્રામ દરમિયાન મારા પિતાશ્રી (માનભાઈ ભટ્ટ) પાસે એમની અવરજવર થવા લાગેલી ખરી, પરંતુ ત્યાર પછી થોડાં વરસો બાદ એમની જીવનકથા વાંચવા મળી ત્યારે જ એમનું પ્રદાન સમજી શકેલો. ૧૯૫૦માં ભાવનગરથી અભ્યાસાર્થે હું વડોદરા આવ્યો અને પછી ત્યાં જ રહી પડ્યો છું.

૧૯૮૮ના ઉનાળામાં (જૂની) દિલ્હી રેલવે સ્ટેશને મારી ગાડીની તપાસ કરતો હતો. તે દિવસો દરમિયાન દૂરદર્શન પર પ્રસારિત થતી એકાદ શ્રેણીમાં ભૂમિકા કરતી કોઈ અભિનેત્રી પ્લેટફોર્મ પર આવેલી હોઈ તેનાં દર્શન માટે પડાપડી કરતાં લોકોની ભીડ જામી ગયેલી. હાલવા-ચાલવાની જગ્યા પણ રહેલી નહીં. એથી એને ચાતરીને આગળ જવાનો પ્રયત્ન કરતા એક ખૂણે ભોંય પર સરસામાન સાથે સરદાર પૃથ્વીસિંહને હાથરૂમાલથી હવા ખાતા એકલા-અટૂલા બેઠેલા જોયા. વર્ષો પહેલાં ભાવનગરમાં જોયેલા તે જ મુદ્રા આંખ સામે જોવા મળી. ખાદીનાં શ્વેત સુરવાલ, કુરતા અને ઊંચી દીવાલની ગાંધીટોપી. ટટ્ટાર અને પડછંદ બાંધો ને ખુમારીભર્યો ચહેરો. ચરણસ્પર્શ અને પ્રણામ કરી મેં એમને મારી ઓળખ આપી એટલે તેઓએ સસ્મિત કહ્યું, 'તેંય ખરો મને, આવા સ્થળે, અણધાર્યા સંજોગોમાં, આટલાં બધાં વરસો પછી પણ ઓળખી કાઢ્યો. ચિત્રકારને બદલે પોલીસખાતામાં ડિટેક્ટિવ થઈ શક્યો હોત. બ્રિટિશ સરકાર પાસે તારા જેવો કોઈ હોત તો હું ત્યારે જ પકડાઈ ગયો હોત.' આમ કહી એ ખડખડાટ હસી પડ્યા. ત્યારે એમના હાસ્યમાં ફરિયાદ કે કડવાશનો અંશ પણ ન હતો તે છતાં, પ્રયત્ન કરવા છતાં, હું હસી શકેલો નહીં. - જ્યોતિ ભટ્ટ (વડોદરા)

તમારા બે વિશે / ઉશનસ્

[શિખરિણી • સૉનેટ]

તુંમાં ને તેમાં મેં કશું પરખ્યું છે તત્ત્વ સરખું :
તમે બન્ને એવાં મુજ નયનમાં ને હૃદયમાં
વસ્યાં સાથે; રેખા ઘડીઘડી ભળી રમ્ય લયમાં
થતાં એકાકારે! ઘડી પછી જુદાં; ને હું વલખું;

તમો બન્ને સાથે લગની લગી છે એવી જીવને...
હું છાતી ફાડી, ત્યાં ઉભય તમને દાખવી શકું,
અલભ્યાં બન્ને છો; સરખું બીજુંયે તારવી શકું :
તને સંબોધેલું ત્યહીં જ તું; એને એનું તુજને!

હું ઝંખું, ચાહું છું ઉભય તમનેઃ કિન્તુ સમજું :
હું આ શું પામું છું? પ્રશમ અથવા ક્ષોભ? અથવા
બધું એકી સાથેઃ દરદ પણ ને દર્દની દવા ?
ન જાણું : સામીપ્યે તમ ઊકલું કે બંધન ભજું?

વસું બે ખંડોના વગરઉમરાના ઘરમહીં,
હું નિત્યે મસ્જિદે સરકું મયખાના મહીં થઈ!

વરસ ફરે છે ગોળ! / ભાનુપ્રસાદ પંડ્યા

[સવૈયા]

મબલખની મોસમને ભાળી છુમંતર ખાલીપો!
ટેકરીઓ પર આળોટે કૈં લીલોછંમ રાજીપો!

તળિયાને નિત વારે વારે પાળ નોતરાં આપે,
તરંગ પર છલકાતું તળિયું જળગાણું આલાપે!

સમીરભેળી બિડાતી જો સોડમની આંગળીઓ,
એ હરખે ખગરવની બાજે સૂરીલી વાંસળીઓ!

વાડ પરે વૈશાખે દીઠા કાંટા જે અણિયાળા,
જાંબલિયાં ફૂલો ઓઢી તે નાચે જયમ તરગાળા!

મેળા ને ઓચ્છવમાં મસ્તી હવે ચઢી ચગડોળ,
વરસ દીસતું વાંકુંચૂંકું છતાં ફરે છે ગોળ!

ક્યારેક મોજ આવે તો / રમણીક સોમેશ્વર

[ગઝલ]

થોડા સમીપ રહીએ, થોડાક દૂર જઈએ,
કહીએ તો ઘણું કહીએ, ક્યારેક મૌન રહીએ.
રહીએ તો અહીં સૌની સાથે જ સદા રહીએ,
એવુંય બને પાછા બહુ દૂર સરી જઈએ.
ક્યારેક ડૂબકી તો, ક્યારેક પકડ-દાવો,
એવું નથી કે કાયમ કાંઠે જ ઊભા રહીએ.
આ કેફ કંઈ જુદો છે, આ નાદ અલખનો છે,
માગો જરા અમસ્તું, ત્યાં આભ ધરી દઈએ.
સમજો, અગર સજનવા, તો વાત બહુ સરલ છે :
જેવા તમે ચહો છો, એવા જ અમે છઈએ.
કાયમ તો કેમ કહીએ વાતો બધી જ મનની ?
ક્યારેક મોજ આવે તો આમ ગઝલ કહીએ.

એ જ સજનવા ભૂલ ! / મનોહર ત્રિવેદી

[ગાન]

વૃક્ષ વગરનું આંગણું, નહીં છાંયો, નહીં ફૂલ;
એને ઘર ધાર્યું અમે એ જ સજનવા ભૂલ!
અવરજવરથી કોઈના પડે ન પગની ધૂળ,
કોઈ ત્યાં ગાયું અમે એ જ સજનવા ભૂલ!
પંખીની બોલાશનું મળે ન ટીપું સુખ,
મન કાં ના વાર્યું અમે એ જ સજનવા ભૂલ!
નીર-વછોયાં નેણલાં હરખ-વછોયાં વેણ,
ફળિયું શણગાર્યું અમે એ જ સજનવા ભૂલ!
હૈયાં હાડે દુબળાં હાથ હંમેશાં રાંક,
સપનાને ભાર્યું અમે એ જ સજનવા ભૂલ!
ફૂહેણ નજરનું મોકલી તમે રહ્યાં'તા ચૂપ,
મટકું ના માર્યું અમે એ જ સજંનવા ભૂલ!

ઉત્થાન / કરસનદાસ લુહાર

[ગઝલ]

બુઝાયેલું જલાવી ફાનસ ઊભો થવાનો;
અન્ધાર થૈ પડેલો માણસ ઊભો થવાનો!
એ પ્રાણને ચડાવી પોરસ ઊભો થવાનો;
ને પ્હાડનેય ફૂહેવાને 'ખસ' - ઊભો થવાનો!
અવરોધ ઓગળી ને સૌ ખળખળી જવાના;
માણસ તો ધોધમાર ને ધસમસ ઊભો થવાનો!
બેસી રહે શી રીતે જોતો ઉબડ ને ખાબડ;
કરવા બધુંય સમથળ, સમરસ ઊભો થવાનો!
ચોમેર ફેલશે બસ મઘમઘતી માણસાઈ!
માણસ ભીતર રહેલો માણસ ઊભો થવાનો!


એક નવલકથાના પાત્રના મૂળમાં રહેલા વાસ્તવિક

ટૉમચાચા

— અશોક હર્ષ —

એક કાળે દુનિયાના અનેક ભાગોમાં પ્રચલિત ગુલામી પ્રથા સામે જેમ જેમ લોકમત કેળવાતો ગયો તેમ તેમ તેના પ્રત્યેનો વિરોધ વધતો જઈને છેવટે એ પ્રથાનો અંત આવ્યો. એ પ્રથા પ્રચલિત હતી એ દરમિયાન એની વિરુદ્ધ પ્રકાશિત થયેલા સાહિત્યમાં હેરિયર બીચર સ્ટોની નવલકથા 'અંકલ ટૉમ્સ કેબિન' તેની આગવી ભાતના કારણે સૌથી વધુ પ્રસિદ્ધ છે. પરંતુ એના વાચકોમાંના બહુ ઓછા જાણતા હશે કે નવલકાથાના નાયક 'અંકલ ટૉમ' અથવા ટૉમચાચાના પાત્રાલેખન માટેની પ્રેરણા સ્ટોએ એક ગુલામના વાસ્તવિક જીવન પરથી મેળવી હતી.

આ સાચુકલા ટૉમચાચાનો જન્મ ઈ. ૧૭૮૯માં અમેરિકાના મેરિલેન્ડ મુકામે થયેલો. એનું જન્મનું નામ જોસિયાહ હૅન્સન. એને જ દૃષ્ટિ સમક્ષ રાખીને શ્રીમતી સ્ટોએ પોતાની નવલકથાનું સર્જન કરેલું, જેમાં કાળાઓને લગતી ગોરાઓનાં વૃત્તિ અને વર્તન પર પ્રકાશ પાડી ગુલામી પ્રથા સામેનો તેમનો વિરોધ સક્રોધ વ્યક્ત કરેલો છે - જો કે ગુલામી પ્રથાની અમાનુષીતાથી તે પૂરેપૂરાં વાકેફ ન ગણાય. આમ છતાં



શ્રીમતી સ્ટો અને તેમનો કથાનાયક બંને સાહિત્યક્ષેત્રે અવિસ્મરણીય જ રહ્યાં છે.

ટૉમચાચાને ગુલામ તરીકે તેમના ખેતરમાં કામ કરતા શ્રીમતી સ્ટોએ દર્શાવેલ છે, પણ એ પર વિશેષ પ્રકાશ ન પાડતાં તેમણે ટૉમચાચાની સાદાઈ પર વિશેષ ભાર મૂક્યો છે એટલું જ નહિ, પરંતુ પોતાના પર જુલ્મ કરતા કાળા-ગોરા સહુને માફ કરતા દર્શાવ્યા છે. સાયમન લેગ્રી નામના ક્રૂર માલિકના હાથનો અમાનુષી માર સુધ્ધાં તે ચૂં કે ચાં કર્યા વગર સહન કર્યે રાખે છે.

ટૉમચાચાના પિતાએ પોતાની પત્નીની મશ્કરી કરવા બદલ એક ગોરા પર આક્રમણ કરતાં તેને સારી પેઠે ફટકારવા ઉપરાંત તેનો એક કાન કાપી નાખવામાં આવ્યો હતો અને તેનાં પત્ની અને પુત્રને અલગ-અલગ માલિકોને વેચી દેવામાં આવ્યાં હતાં.

ગુલામ તરીકે જોસિયાહ હેન્સન તેના માલિકને પૂરો વફાદાર રહીને ખંતપૂર્વક પોતાનું કામ કરતો રહેતાં એના માલિકને એના કામ તરફ જોવું ન પડતું. ખેતરની સંભાળ રાખવા ઉપરાંત તે દિલ દઈને ખેતી કરતો અને જે પાક ઊતરે તે જાતે જ બજારમાં લઈ જઈ ભાવ કરીને વેચી આવતો. વેચાયેલા માલના બધા જ પૈસા તે માલિકને આપી દેતો.

જોસિયાહે ૨૨મા વર્ષે તેની પડોશમાં રહેતી એક છોકરી સાથે લગ્ન કર્યાં. આ પછી તે એના માલિકના કહેવાથી તેના ભાઈને ત્યાં પત્ની, બે બાળકો તથા ૧૮ ગુલામો સાથે કેન્ટુકી પહોંચ્યો. અહીં ફાજલ સમયમાં પાદરીનું કામ કરતા રહી તેણે થોડીક અંગત બચત એકઠી કરી. પરંતુ ગુલામ તરીકે તેને મુક્ત કરવા તેનો આ માલિક તૈયાર ન થતાં છેવટે તેણે ત્યાંથી નાસી જવાની યોજના ઘડી, અને મિત્રોની મદદથી સને ૧૮૩૦ના ઑક્ટોબરની ૨૮મીએ સંયુક્ત રાજ્યોની સરહદ પાર કરી કેનેડા પહોંચી ગયો.

કેનેડામાં હેન્સને લાકડાં વહેરવાનું એક કારખાનું શરૂ કરવામાં ભાગ રાખ્યો. આ કારખાનું અખરોટનાં લાકડાં બોસ્ટન મોકલતું હતું. કારખાનાને થતા નફાનો અમુક ભાગ શ્રમશાળાની સ્થાપનામાં વાપરવામાં આવ્યો, જેમાં કાળા-ગોરા તેમજ કૅનેડિયન આદિવાસીઓ શિક્ષણ લેતા. આ રીતે સંપન્ન બનતાં હેન્સન અવારનવાર સંયુક્ત રાજ્યોમાં જઈ આવીને બીજા ૧૧૮ ગુલામોને મુક્ત કરાવતો આવ્યો.

સને ૧૮૫૧માં હેન્સ ઈંગ્લંડ ઊપડ્યો - ત્યાં ભરાનારા પ્રદર્શનમાં પોતાના લાકડાના નમૂના પ્રદર્શિત કરવા તેમજ શ્રમશાળા માટે ભંડોળ એકઠું કરવા. આ મહાન પ્રદર્શનમાં કાળો પ્રદર્શક માત્ર એ એક જ હતો. ત્યાં એ કેન્ટરબરીના આર્ચબિશપને મળતાં તેમણે પૂછ્યું, 'તમે કઈ વિદ્યાપીઠનાં સ્નાતક છો?'

'સંકટ વિદ્યાપીઠનો', હેન્સને હસતાં હસતાં જવાબ આપ્યો.

આર્ચબિશપના આશ્ચર્યનો એ જાણીને પાર ન રહ્યો કે, હેન્સનની જિંદગીનો મટો ભાગ એક ગુલામની સ્થિતિમાં વીતેલો. આથી તેમણે પૂછ્યું, 'તો પછી અમારી ભાષા તમને આવી સરસ શી રીતે આવડી?'

મેં મન સાથે નક્કી કર્યું હતું, 'મારે સારા પ્રચારકોને સાંભળવા અને તેમના પૈકી જે સરસ બોલતાં હોય તેમનું અનુકરણ કરવું' હેન્સને જવાબ આપ્યો.

શ્રીમતી સ્ટોના પુસ્તકમાંના 'અંકલ ટોમ' અને આ સાચા ટોમચાચાની બોલીમાંનો તફાવત આ પરથી સહેજે સમજી શકાશે.

ગુલામીની પ્રથા પર તટસ્થ ઇતિહાસવિદોનું સંશોધન નવો જ પ્રકાશ પાડે છે. તેમનો અભિપ્રાય એ છે કે, હેન્સનની કામગીરી નોંધપાત્ર છતાં અજોડ નહોતી. દક્ષિણનાં ખેતરોમાં નાનાં ફાર્મોમાં તો લગભગ બધા જ ઓવરશીઅરો કાળા રહેતા. દક્ષિણમાં લોખંડનું એક મોટું કારખાનું પણ કાળાઓ જ સંભાળતા હતા.

અમેરિકાના આંતરવિગ્રહ પહેલાં પુખ્ત વયના ગુલામો પૈકી ૨૭ ટકા જેટલા કુશળ કારીગર તરીકે લુહાર, સુથાર વગેરેનો ધંધો કરતા હતા. મુક્ત માનવીની જેમ જ ગુલામો પણ પોતાનો ધંધો સ્વતંત્ર રીતે કરી શકતા હતા, પોતાના માલની જાહેરાત કરી શકતા હતા, પૈસાની લેવડ-દેવડ કરી શકતા હતા તેમજ પોતાની રહેણાંકની સ્વતંત્ર તજવીજ કરી શકતા હતા. પોતે ગુલામ હોવાનું એને ત્યારે જ લાગતું જ્યારે તે પોતાના માલિકને પોતાની આવકમાંથી નક્કી કરેલી રકમ આપવા જતો. ઉત્પાદનમાં વધારો કરનાર અંતે ગુલામોને રોકડ ઇનામો પણ મળતાં હતાં. વળી, કેટલાક માલિકો તો એવા પણ હતા. જે પોતાના નફામાં પોતાના ગુલામોને ભાગ આપતા હતા એક ગોરો માલિક તો પોતાના નફાના ત્રણ ભાગ પાડીને એમાંના બે ભાગ પોતાના ગુલામોમાં વહેંચી પોતે એક જ ભાગ રાખતો હતો. લગભગ અઢી લાખ ગુલામોનાં જીવનના સંશોધન પછી બે પ્રોફેસરો રોબર્ટ ફોગેલ અને સ્ટેનલી એગરમેને બહાર પાડેલા 'ટાઈમ ઓન ધ ક્રોસ'માં આ બધી વિગતો દર્શાવવામાં આવી છે, જે દર્શાવે છે કે દક્ષિણના બધા જ માલિકોનું ગુલામો પ્રત્યેનું વર્તન હૃદયહીન ન હતું. મોટાભાગના માલિકોને ગુલામી પ્રથા ગમતી ન હતી, પણ તેનો અંત કેમ લાવવો તેની એમને સૂઝ નહોતી પડતી. આ પ્રથા સામે જોસિયાહ હેન્સન અથવા ટોમચાચા જેવા કેટલાય તેજસ્વી કાળાઓ મેદાને પડ્યા હતા. આપણે એટલું યાદ રાખવાની જરૂર છે કે બધા જ માલિકો દુષ્ટ ન હતા કે બધા જ કાળા આ ગુલામી પ્રથાનો ભોગ બન્યા નહોતા. □

ટૉમચાચાની આલેખિકા
હૅરિયટ બીઅર સ્ટો

લોકહૃદય પર સીધી ને સચોટ અસર કરનારાં જે થોડાંક પુસ્તકો છે એમાં શ્રીમતી હૅરિયટ બીઅર સ્ટોનું 'અંકલ ટૉમ્સ કૅબિન' અગ્રગણ્ય છે. તે પ્રસિદ્ધ થયાના એક જ વર્ષ બાદ તેની ૧૨૦ આવૃત્તિઓ બહાર પડી ને ૩,૦૦,૦૦૦ નકલો વેચાઈ ચૂકી હતી. એક ગુલામ તરીકેના ટૉમચાચાના જીવનના તેમાં થયેલા આલેખને ગુલામો પ્રત્યે પ્રેરેલી કરુણાને વશ થઈને યુરોપમાંના કેટલાય ગુલામમાલિકોએ તેમના ગુલામોને મુક્તિ આપી દીધેલી. આ પુસ્તકે જ અમેરિકામાં ગુલામી વિરુદ્ધ હવા જમાવી, જેમાંથી જન્મેલા આંતરવિગ્રહના અંતે ગુલામીની અમાનુષી પ્રથાનો અંત આવ્યો.



એક ધર્માધ્યક્ષની પુત્રી અને પ્રોફેસરની પત્ની હૅરિયટ ઈ.૧૮૧૧ના જૂનની ૧૪મીએ જન્મેલી. અભ્યાસ બાદ એણે પોતાની બહેન કૅથરિનની શાળામાં શિક્ષિકાનો વ્યવસાય સ્વીકારેલો અને કૅથરિનના આગ્રહથી જ તે ગુલામીના કલંક વિરુદ્ધ લખવા પ્રેરાયેલી. 'અંકલ ટૉમ્સ કૅબિન'ને મળેલી ખ્યાતિથી પ્રેરાઈ તેણે ગુલામી વિરુદ્ધ બીજી પણ એક નવલકથા લખેલી પણ તે પ્રથમ પુસ્તકના મુકાબલે તરત જ ભુલાઈ જવા પામી. ઈ.૧૮૯૬ના જુલાઈની ૧લીએ તે અવસાન પામી.

આ અંકનું પૂઠું : કલાકાર રમેશ ઠાકરે મહાત્મા ગાંધીના લગભગ સવાસો જેટલા સ્કેચિઝ તૈયાર કર્યા. તેમાંથી એક સ્કેચ અબ્દુલ ગફ્ફારખાન સામે કૈંક હસ્તાક્ષર પાડવા માટે ધર્યો ત્યારે અબ્દુલ ગફ્ફારે ઉર્દૂમાં એ સ્કેચ પર લખાણ કરી આપ્યું તે આ પ્રમાણે છે : 'આજે મારી પાસે અહીંથી અતિ દૂર રાજકોટથી એક મહાશય રમેશ ઠાકર પધાર્યા છે. કહે છે કે ઘણાં લોકોએ ગાંધીજી વિશે લખ્યું છે; આપ પણ એમના વિશે લખી આપો.' હું કહું છું કે, ગાંધીજી વિશે ઘણું બધું લખાયું છે. જે એમણે કહ્યું છે તેનું અનુકરણ કરો, જે કંઈ થશે તે અનુકરણ દ્વારા જ થશે, લખવાથી થશે નહિ.

શ્લોકસભા

જ્યોતિષ જાની

જૂહુના સમુદ્રકિનારાની બરોબર સામે આવેલા સાત માળના બિલ્ડિંગ 'સંવાદિતા'ની આજુબાજુ હારબંધ વાહનો ગોઠવાઈ ગયાં છે. 'સંવાદિતા'ના સાતમે માળે આવેલા એક અદ્યતન ફ્લૅટનો વિશાળ ખંડ, સ્વાધ્યાય ખંડ, શાંત શૈલીમાં, તંતોતંત સૂચના મુજબ, શણગારવામાં સહુ એકચિત્ત બની રહ્યાં છે.

'આ કોર્નરમાં હજી બરોબર ભૂરી આભા પથરાઈ નથી'. બાવીસેક વર્ષનો અસીમ ખૂબ ધીમેથી એના મોટાભાઈને સૂચવે છે. સમગ્ર ખંડ ચંદનની સુવાસથી મહેક મહેક થઈ ગયો છે. આનંદની આછી લહર ખંડમાં હરતાંફરતાં જગન્નાથના કુટુંબનાં સભ્યોના ચહેરા ઉપર ફરકી રહી છે. પ્રસન્નતા, પણ શાંત, મૌન જેવી. ઝીણી નજરે પારખનારને એવો પણ અનુભવ થાય કે હરતાફરતા ચહેરાઓ ઉપરથી પ્રસરતી પ્રસન્નતામાં ગાંભીર્ય અને માધુર્યનું એક અજબ સાયુજ્ય છે!

*

જગન્નાથ સંગીતના અચ્છા જાણકાર હતા. ગમ્મતમાં નિકટના મિત્રો એમને પંડિત જગન્નાથ કે પંડિત જસરાજ-જગન્નાથ કહેતા! એમનું વાદ્ય સિતાર. સારંગી વગાડી જાણે. પણ જગન્નાથ ખરેખર પૂર્ણ કળાએ ખીલે મન મૂકીને ગાય ત્યારે, અને છેલ્લાં વરસોમાં મન મૂકીને સાંભળનારને ડોલાવી દે, એવું મુક્ત ગાન ગાતા. જોગ અને જોગિયા - સવારના આ બન્ને રાગો, જગન્નાથને ખૂબ પ્યારા.

'જોગ કે જોગિયાની કોઈ બંદિશ ગાતાં ગાતાં જ, અદ્દ્ભુત શાંતિમય વાતાવરણમાં હું ચિરવિદાય લઈશ.' ૮૯ વર્ષની વયે ધોતિયાનો કછોટો લગાવી, જૂહુના દરિયાકિનારે કોઈ યુવાનને શરમાવે એવી ઝડપી ચાલે મૉર્નિંગ વૉક કરતા જગન્નાથે, એમના નિકટતમ મિત્રને કહેલું.

અક્ષરશઃ એમની વાત સાચી પડી, એનું મુગ્ધકર, પારાવાર આશ્ચર્ય હજી એમના એ નિકટતમ મિત્ર સુંદરરાજન્ સહુને આનંદ સાથે કહે છે.

*

જગન્નાથે ચાર વર્ષ પહેલાં બનાવેલું વિલ, આજ સુધીમાં કોઈએ આવું કદી વિચાર્યું ન હોય, જીવન અને મૃત્યુના સમગ્ર અર્થને, એનાં રહસ્યોને પ્રકટ કરે એવું ચિરંજીવ છે, એમ સુંદરરાજને દીકરાઓ અસીમ અને એના મોટાભાઈ સૌરભને ફોનમાં જણાવેલું.

'શબ્દોને જડ રીતે વળગી ન રહેશો, બેટા! શબ્દોની નાભિમાં રહેલી સુગન્ધને તમારાં લોહીમાં ભેળવી દઈ, જીવનમાં વણી લેજો.' જગન્નાથનાં વિલનું આ વાક્ય ધીમેથી, ચીપીચીપીને, ભારપૂર્વક અસીમ-સૌરભને ફોન ઉપર કહ્યા પછી, મરણોત્તર શ્લોકસભા ભરવાની વાત વિલમાં લખી છે, એની પૂરી વિગતો પણ કહી છે.

સુંદરરાજન જગન્નાથના વિલ સાથે હવે કોઈ પણ ક્ષણે આવશે. શરણાઈવાદક ઉસ્તાદ અને એમના સાગરીતો આવી ગયા છે. દીવાનખંડમાં બેઠા છે. સૌરભની પત્ની ચારુ એમની સરભરા કરી રહી છે.

વિલનો અત્યંત વ્યવસ્થિત રીતે ડ્રાફ્ટ કરીને, જગન્નાથે જીવનભર પોતાના સલાહકાર બની રહેલા ઍડ્વોકેટ નિત્યાનંદ શર્માને બતાવ્યો હતો. પછી સુંદરરાજનને વાંચી સંભળાવ્યો. પાંચ વર્ષ પહેલાંની એક સવારે. એ સવારે બન્નેએ ટેરેસ ગાર્ડનમાં આરામ ખુરશી ગોઠવી જે વાતો કરી, એને જગન્નાથે સુંદરરાજનની જાણ બહાર ટેઈપ પણ કરી લીધી હતી.

વિલનો ડ્રાફ્ટ પૂરેપૂરો સાંભળ્યા પછી, સુંદરરાજનના મનમાં જે અવઢવ, શંકા અને પૃચ્છા હતી, એનો જગન્નાથે શાંત ચિત્તે, પ્રસન્નતાથી જવાબ આપી, એમના મનનું પૂરેપૂરું સમાધાન કર્યું હતું. એટલે તો, વાતોનું પૂર્ણવિરામ આવ્યું ત્યારે બન્ને મિત્રો મુક્તમને એટલું તો હસ્યા હતા... ટેઈપમાં એ હાસ્ય, અને એનાં ચિરંજીવ પડઘા પણ સમાઈ ગયા છે.

'બા, આજે હોત તો...'

સ્ફૂર્તિથી સમગ્ર ફ્લૅટમાં ઘૂમી વળી, સહુની સરભરામાં ગૂંથાયેલી ચારુએ, જગન્નાથનાં વાદ્યોને એક બાજઠ ઉપર કલાત્મક રીતે ગોઠવી રહેલા સૌરભને ધીમેથી કહ્યું, 'ઓહ, લગભગ આ ક્ષણોમાં હુંય બાને જ યાદ કરું છું - '

'એમ?'

'હા! વિચાર આવ્યો કે બાએ બાપુજી કરતાં વહેલી ચિરવિદાય લીધી એ સારું થયું.'

'કેમ?'

'બાપુજીએ જે રીતે એમનાં મૃત્યુને પૂર્ણ ઉત્સવ અને આનંદનો પ્રસંગ બનાવ્યો છે, એ કદાચ બાને ખૂંચ્યા કરતું હોત.'

'હા! એ સાચું. એટલે તો બા મને કોઈક વાર કહેતાં, ચારુ! જોજે, હું તારા બાપુજી કરતાં જલદી ચાલી જઈશ.'

'હા, ચારુ! મને પણ બાએ એક વાર કહેલું. ત્યારે મેં તો એમની સમક્ષ બાપુજીની ફિલસૂફી - કોણ જાણે, એ શું સમજ્યા હશે? - કહી, 'બા! મૃત્યુની ન તો કદી ઇચ્છા કરવી, ન એનો કશો ભય રાખવો!''

*

સૌરભ-ચારુનો સંવાદ અટકી ગયો. સુંદરકાકા (કે રાજનકાકા) આવી ગયા હતા. જગન્નાથના કુટુંબમાં કોઈ સુંદરરાજનને સુંદરકાકા કહેતું તો કોઈ રાજનકાકા! કુટુંબ સાથે એ અલગારી, એકલા જીવ એટલા ઓતપ્રોત બની રહ્યા હતા.

સુંદરકાકાની છોંતેર વરસની બે આંખોમાં આજે નવી ચમક છે. સહુને એનો અણસાર આવી ગયો. અને ભ્રમરો તો સહુની એ વાતે ઊંચકાઈ કે એમણે માથે મજાનો રંગીન સાફો પહેર્યો હતો! રેશમી કથ્થઈ રંગની અલીગઢી શેરવાની. આવા જ સજીધજીને સુંદરકાકા નખશિખ સુંદર બનીને ગયા વરસે, એમના જન્મદિને આવેલા. સંગીતની મહેફિલથી એમનો જન્મદિન 'સંવાદિતા'ના ફ્લૅટમાં જ ઊજવતા જગન્નાથના નેવું વરસના તાંબા જેવા લાલ ચહેરા ઉપર અકથ્ય આનંદ હતો. ગમ્મત તો એ વેળા થઈ જ્યારે રમૂજમાં એમણે અસીમ, સૌરભ-ચારુને પૂછેલું,

'ચાલો, દીકરાઓ, આજે તમારે જજ બનવાનું છે. મારા અને જગન્નાથમાં વધારે ઘાટીલું - રૂપાળું કોણ?'

કહેવું સાચે જ અશક્ય હતું કે કોણ વધારે ઘાટીલું?

જગન્નાથે કહેલું, 'હવે અમારી વયમાં બહારનું નહિ, ભીતરનું સૌંદર્ય જોવાનું હોય.'

'જગન્નાથ, દીકરાઓને એમનો સ્વતંત્ર નિર્ણય લેવા દો. બહાર અને ભીતર બધું સમજે એવા પુખ્ત અને રુચિમાં તમારાથી ક્યાંય ઊણા પડે એવા નથી.'

ત્રણેય વતી ચારુએ ધીમેથી આંખો નચાવતાં કહેલું, ગાય ત્યારે બાપુજી અને નાચો ત્યારે તમે. સુંદરકાકા ગેલમાં આવી જતા ત્યારે ચૈતન્યપ્રભુની જેમ નાચતાય ખરા!

*

'જગન્નાથની ઇચ્છા પ્રમાણે, વિલમાં લખ્યા મુજબ આપણા કાર્યક્રમ-ઉત્સવ શરૂ કરીએ, એ પહેલાં મને એ કહો કે બાઉલ ભજનિકો આવી ગયા છે? હા, શરણાઈવાદક ઉસ્તાદને મળીને હું આવ્યો. પણ મુક્ત હાસ્યની મહેફિલ માટે કોને બોલાવવા? તમે કોઈ આયોજન કરી શક્યા છો? આપણે જેમને આ ઉત્સવમાં અનૌપચારિક આમંત્રણ આપ્યાં છે, એ સહુ હવે આવવામાં હશે. જો કે કુતૂહલપ્રિય સ્નેહી જનો તો સમય કરતાં વહેલાં આવી ગયાં હોય એમ લાગે છે, ખરુંને, ચારુ બેટા?'

'સુંદરકાકા, હાસ્ય-મહેફિલનો કાર્યક્રમ આપણે.....'

'અચૂક કરવાનો. ક્રમમાં પૂર્ણાહુતિ રૂપે એ ત્રીજો કાર્યક્રમ હશે. પણ મારા જગન્નાથનો એ તો સૌથી પ્રિય કાર્યક્રમ. જગન્નાથ શું કહેતો, ખબર છે, અસીમ! Laugh with the Lord! ભગવાન સાથેય હસવાનું. સદ્ભાગ્ય કે રંગભૂમિના એક હાસ્યનટ એની મંડળી સાથે આવશે. કન્ફર્મ કરીને જ આવ્યો છું. જિનીઅસ છે, સંભાળજો.

ધર્મપત્નીના નામ ઉપરથી જગન્નાથે આ વિશાળ ફ્લૅટનું નામ 'વિદ્યાકુંજ' આપ્યું હતું. જગન્નાથ જેમાં રોજ સંગીતનો રિયાઝ કરતા, સ્વાધ્યાય અને યોગાભ્યાસ કરતા એવા એક વિશાળ ખંડને 'જગન્નાથનો ઊડતો રથ' એવું નામ પણ સુંદરરાજને નક્કી કરી દીધું હતું. અને જગન્નાથના ઊડતા રથને ભવ્ય અને ગૌરવપૂર્ણ રીતે શણગારવામાં કોઈ જ કચાશ અસીમ-સૌરભ-ચારુએ રહેવા દીધી નથી.

જગન્નાથે એમના વિલમાં જરા અમસ્તું - 'તમને ગમે તો' કહીને છેલ્લે લખ્યું હતું, 'ફૂલો નહીં, એકેય નહીં.'

'સુવાસ, ચારુ બેટા, તને જ ગમતી ચંદનની.. એની સુવાસમાં પ્રાણ પુલકિત કરે, એવા અદ્ભુત ઔષધીય ગુણો છે.'

'જગન્નાથનો ઊડતો રથ' તેથી તો આ ક્ષણે ચંદનની મહેક થઈ રહ્યો છે. લિફ્ટમાં આવનજાવન કરતાં 'સંવાદિતા' બિલ્ડિંગના અન્ય રહેવાસીઓ પણ શ્વાસ ઊંડો લઈ લઈને મહેક અનુભવતા હતા.

'સોનલવરણા ગમછાથી વીંટાળેલો શ્રીમદ્ ભગવત્‌ગીતાનો મોટો ગ્રંથ નજરે ચઢે એમ જ ગોઠવશો ને, અસીમ? ના, કોઈ શ્લોકનું ગાન નહીં.'

બીજા બાજઠ ઉપર શ્રીમદ્ ભગવતગીતાનો ગ્રંથ ભૂરી આભાની વચ્ચે સોનેરી કિરણની જેમ નજરે ચઢે, એટલી ચોકસાઈ અસીમે રાખી હતી.

'અને હા, મહર્ષિ શ્રીઅરવિંદનું 'સાવિત્રી' તો સૌરભ તું નહીં જ ભૂલે. યાદ છે, એક વાર તું દસમા ધોરણમાં હતો, ત્યારે મારા સ્વાધ્યાય ખંડમાં ધસી આવ્યો હતો. અને સાવિત્રીનું મોટેથી ગાન કરતાં આ પંક્તિ ફરી ફરીને હું ઘૂંટતો હતો : 'A deathbound Littleness is not all we are.' થોડો સંવાદ થયો આપણી વચ્ચે અને તું ફૂટબોલની મૅચ રમવા દોડી ગયો.

સૌરભે રાજનકાકાને, ચારુને અને અસીમને ભેટ આપવા ચૂપચાપ મહાકાવ્ય 'સાવિત્રી'ની બીજી ત્રણ નકલો ખરીદી લીધી હતી. 'સાવિત્રી'ના ચાર ગ્રંથો ત્રીજા બાજઠ ઉપર શાંત મુદ્રામાં ગોઠવાઈ ગયા હતા.

વાદ્યો? તમારા લોહીમાં ભળી ગયાં હશે. સૌપહેલાં ચારુએ વાદ્યો જ ગોઠવ્યાં હતાં ને ? તાનપુરો એક નહીં, પૂરા ત્રણ!

*

કુતૂહલપ્રિયોની મંડળીમાં જગન્નાથ સંદર્ભે જબરી ઉત્તેજના સાથે ગુસપુસ ચાલી રહી છે. અધિક મહિલાઓ જ હોય.

'બહુ વિચિત્ર માણસ...'

'હું તો પાગલ જ કહું. લગ્નમાંય ના હોય, એવી ધામધૂમ કરવાનું વિલમાં લખી ગયા છે, એટલે બાપડાં છોકરાંવ પણ શું કરે?'

'વિચિત્ર કહો કે પાગલ! મને તો એની ખૂબ ઈર્ષ્યા આવે છે. કમાયો ત્યારે કેવું કમાયો? મહાબળેશ્વરમાં બંગલો અને માથેરાનમાં ફાર્મહાઉસ, બોલો.'

'અને જીવ્યો કેટલું? એકાણું વરસ અને માન્યામાં ના આવે એવું મરણ. કહે છે, ગાતાં ગાતાં શાંતિથી તકિયા ઉપર

ઢળી પડ્યો અને આંખો મીંચાઈ ગઈ.

'હં... જબરો ડોસલો, બે દિવસો પહેલાં જ સવારે લિફ્ટમાં મળ્યો હતો. મારી સામે જોઈને કેવું તો મીઠું હસ્યો.'

'મહાબળેશ્વરનો બંગલો મોટા દીકરાને લખી આપ્યો અને માથેરાનનું ફાર્મહાઉસ નાના, કુંવારાને.'

'વિદ્યાબહેનનોય સ્વભાવ સારો હતો. પણ કોઈ વાર કહીએ કે તમારે ત્યાં ભજનમંડળી બોલાવોને? તો કહે,, ના, બહેન, એમને એ ગમતું નથી. એ પોતે જ આખા ને આખા ભજનમંડળી જેવા છે!'

બંગાળીમાં ગાન ગાતા, ભજન લલકારતા અને ચૈતન્ય પ્રભુની જેમ મસ્ત બનીને નાચતા બાઉલ ભજનિકોની મંડળી પણ આવી ગઈ છે. શ્વેત વસ્ત્રપરિધાનમાં મંડળીનો એકેએક ભજનિક શોભતો હતો.

સાંજના છ વાગવામાં હજી થોડી ક્ષણો બાકી હતી ત્યાં તો સહુ જગન્નાથના ઊડતા રથમાં, વિશાળ એવા સ્વાધ્યાય ખંડમાં, ગોઠવાઈ ગયા છે.

છોંતેર વરસના સુંદરકાકાએ સહુનું સ્મિત સાથે અભિવાદન કર્યું. અણસારથી જ શરણાઈવાદક ઉસ્તાદને, હાથની અજબ છટાથી, આરંભ કરવા સૂચવ્યું. ઉસ્તાદ શરણાઈની જીભ બરોબર સજ્જ કરતા હતા, ત્યારે સુંદરરાજને સહુ ઉપસ્થિતોને કહ્યું : 'આ પ્રસંગે મારા દિલોજાન મિત્ર જગન્નાથે જે ઢબથી, શૈલીથી અને ગૌરવપૂર્ણ રીતે મરણોત્તર કાર્યક્રમ સૂચવ્યો છે, એમના વિલમાં, એનો આરંભ શરણાઈના સૂરથી થશે. જગન્નાથે તો ઉસ્તાદ માટે દરબારી કાનડા રાગ પણ સૂચવ્યો છે, પણ ઉમેર્યું છે, છતાં જે દિલમાં આવે, એ જ વગાડે.'

શરણાઈવાદન પૂરું થયા પછી, વિલમાં - વિલને ત્રણ મહત્ત્વના અંશોમાં એમણે વહેંચ્યું છે - લખેલો, પહેલો અંશ, એનો સારાંશ હું કહીશ.

એ પછી બાઉલ ભજનિકો, ભજન ગાતા ગાતા નૃત્ય કરે ત્યારે જેમને ઇચ્છા થઈ આવે, હૃદય ઊછળી પડે એ જોડાઈ જાય. જેમને ઇચ્છા ના થાય એ ભજન સાથે નૃત્યનો આનંદ જ માણે.

હું માનું છું, ઉત્સવની ચરમ સીમાએ આપણે, સહુ પહોંચ્યા હોઈશું, ત્યારે હું વિલનો બીજો અંશ આપની સમક્ષ રજૂ કરીશ.

પૂર્ણાહુતિ પ્રસંગે આવશે હાસ્ય, પછી ત્રીજો અંશ હું પૂરો કરીશ.

સુંદરરાજનના છેલ્લા શબ્દો પૂરા થાય, એ પહેલાં તો દરબારી કાનડાની સૂરની બન્દિશે જગન્નાથના 'ઊડતા રથ'માં ઉપસ્થિત સૌને જકડી લીધા. કેટલાકે મંત્રમુગ્ધ બની આંખો મીંચી દીધી છે. કોઈ ડોલી રહ્યાં છે, તો બીજાં કેટલાંક ખંડની ભૂરી આભામાં સૂરની છોળોમાં નહાઈને હૃદયથી ઊછળી રહ્યાં છે.

અચાનક એક નિમિષમાત્રમાં ચારુ, સૌરભ અને અસીમની આંખો એકસાથે મળી. ત્રણેયના કાનમાં જગન્નાથ બોલે છે, 'ચારુ બેટા, તું તો રોજ મને એકનું એક જ ભજન ગાવાનું કહે છે : ઘૂંઘટ કા પટ ખોલ રે, તોકો પિયા મિલેંગે. તું કહીશ એટલી વાર એ ભજન હું ગાઈશ. અહર્નિશ ગાઈશ. કબીરનું આ ભજન હું કયા રાગમાં ગાઉં છું, એ ખબર છે?' બાપુજીએ હસતાં હસતાં ત્રણેયની કસોટી કરેલી.

ઉસ્તાદના શરણાઈના સૂરમાં જગન્નાથનો ધબકતો કંઠ આકંઠ પી રહ્યાં હતાં - ત્રણેય. છ આંખોમાંથી તેજની એક આકૃતિ પળમાં બંધાઈ અને સૂરરૂપે, ચેતનવંતી હવામાં પ્રસરી રહી.

શરણાઈવાદન પૂરું થયા પછી કેટલીય મિનિટો એ આંખો મીંચીને બેસી રહ્યા.

વિલનો પ્રથમ અંશ વાંચવાનો આરંભ કર્યો ત્યારે એમનો અવાજ ભીનો થઈ ગયો છે. ધીમો પણ પડી ગયો છે :

'જીવન જ મારું પરિપૂર્ણ છે. ધન્ય, ધન્ય, ધન્ય, એમ ત્રણ વાર કહેવાનું મન થાય અને બધી જ ઇચ્છાઓ નામશેષ થઈ હોય, ત્યારે મરણોત્તર કોઈ ઇચ્છા પ્રકટ કેમ કરું છું? હું તમારા સૌના હૃદયના ધબકારમાં છું. અનુભવો છો ને? તો હવે...'

સુંદરકાકાનો અવાજ ભીનો થઈ ગયો છે, શબ્દો ગળાની બહાર નીકળતા નથી. બે-ત્રણ વાર પાણીના ઘૂંટડા ભરી, ખોંખારો ખાઈ, ઊંડો શ્વાસ લઈ, મક્કમ સ્થિર અવાજે એમણે વિલનો પહેલો અંશ આગળ વાંચવા માંડ્યો :

'મૃત્યુ જેવી અત્યંત અનિવાર્ય અને સુંદરતમ, અદ્ભુત ઘટના બીજી એકેય નથી, એ સત્ય સમજાવવા આ વિલ લખી-લખાવી રહ્યો છું. વરસોનાં એકધારાં ચિંતન-મનનનો આ અમૃતમય સંદેશો તમને, મારાં વ્હાલાં સંતાનો, પહોંચાડવો છે. જીવતેજીવ સ્વમુખે ન તો તમે સાંભળવાના હોશમાં હો, અને કદાચ હું પણ એટલો સજ્જ ના હોઉં.'

સુંદરરાજન થોડી સેકન્ડ અચાનક મૂક બની રહ્યા છે. પછી એમણે અસીમ, સૌરભ, ચારુ ઉપર એક ઝડપી નજર ફેરવી લઈ કહ્યું : 'જગન્નાથની મથામણનો હું સાક્ષી છું. એ જાણતા હતા કે એમને જે કહેવું છે, એ શબ્દોમાં પકડાય એવું નથી એટલે ક્યાંક એ શબ્દોને, ભાષાને પણ, ઓળંગી જવાની મથામણ કરે છે. હું જગન્નાથના શબ્દોમાં, એમના વિલનો અત્યંત મહત્ત્વનો અંશ હવે કહું : 'તમે મૃત્યુને એક અંતિમ, અકળ પરમ સત્ય તરીકે જેટલું વહેલું જીવનમાં સ્વીકારશો, જીવનમાં એ ક્ષણથી પૂર્ણતા તરફની તમારી ગતિનો આરંભ થશે. મૃત્યુને સ્વીકારવાથી જ જીવનમાં એક અદ્ભુત સમતુલા આવશે. આ સમતુલા તમને સ્થિતપ્રજ્ઞતાની કોટિએ લઈ જશે. બધી જ ઘટનાઓને તમે આનંદથી સ્વીકારશો. સુખ સાથે દુ:ખને પણ સ્વીકારશો.

'દિવસ અને રાત, બન્નેને આવકારશો. વસંત-ગ્રીષ્મ સાથે

હેમંત-શિશિરનાં પણ ઓવારણાં લેશો. પ્રકાશ માટે બારી ઉઘાડશો છતાં અંધકાર આવતાં બારી બંધ ન કરશો. એટલે જીવનમાં બનતી અનેક ઘટનાઓની વચ્ચેય ભીતરમાં તમે શાંત હશો, પૂર્ણ હશો, પ્રસન્ન હશો.

'અસીમ! તારી ડાયરીમાં આટલા શબ્દો લખી રાખ. ના બેટા, આ મારી આજ્ઞા નથી, કે ઇચ્છાય નથી. તને મારી આ વાત એક અમૃતમય સત્ય તરીકે સમજાઇ હોય, તો જ તું ધ્યાન આપજે.

'સૌરભ, ચારુ બેટા, તમે ખરેખર અ-મૃત છો, અજર છો, શાશ્વત છો, પૂર્ણ છો એવો અનુભવ આ જીવનમાં જ શક્ય છે. ખેલદિલ અને પ્રયોગશીલ હો તો મારી આ વાતને પડકારી જુઓ.

'મૃત્યુને સ્વીકારશો તો જીવનની સોનેરી ધાર નીકળશે અને તમે પૂરી ઉત્કટતાથી જીવશો. એક એક ક્ષણ પછી જો જીવન તમને કેટલું અઢળક આપે છે! તમારે તો માત્ર ખોળો જ પાથરવાનો રહેશે.'

સુંદરરાજને આટલું વાંચતાં ખૂબ કાળજી રાખી, પૂરતા સજાગ રહ્યા છતાં ફરી ટોન ભારેખમ થઈ ગયો.

'વિલનો પહેલો અંશ અહીં પૂરો થયો છે,' એમ કહીને બેસવા જતા હતા ત્યાં ભીતરમાં કશોક ઉછાળો આવ્યો કે ભરતી આવી? ચૈતન્યપ્રભુની જેમ બધી જ લાજમર્યાદા છોડી એ નાચવા લાગ્યા. નાચતા, નાચતા એમણે બાઉલ ભજનિકોને ઈશારાથી સૂચવ્યું, આરંભ કરી દો : ઢોલક, મંજીરા અને કરતાલ સાથે ગુલાલ ઊડ્યો અને ભજનો શરૂ થયાં ત્યારે સુંદરરાજન શરણાઈવાદક ઉસ્તાક નજીક બેસી ગયા.

'ઉસ્તાદોં કે ઉસ્તાદ જગન્નાથજીએ કહ્યું છે, એ તમને કહું છું. આ કોરા ચેકમાં એક લાખ રૂપિયા સુધીની જે રકમ બોલશો, એ હું હમણાં જ લખી દઈશ. બાબુજીએ સહી કરીને જ મને ચેક આપ્યો છે.'

બે હાથ જોડીને શરણાઈવાદકે કહ્યું, 'ગુસ્તાખી માફ. મજાક મત કરો રાજનજી, જગન્નાથજી જૈસે સમજદાર ઔર ઉમદા આદમી અબ કહાઁ મિલેંગે? દરબારી કાનડા બજાને કા મૌકા મિલા, ઐસા સુહાના અવસર અબ ફિર કબ મિલેગા? રાજનજી, સબસે બડા પુરસ્કાર તો મિલ ચુકા થા. જબ જગન્નાથ જૈસે બડે કલાકાર કી પિછાન હુઈ! મજાક મત કરો, રાજનજી.'

બાઉલ ભજનિકોના પહેલા ભજનનો ઢાળ સરળ છતાં હૃદયસ્પર્શી હતો અને ઢોલક, કરતાલ, મંજીરાએ એવી તો આબોહવા ફેલાવી દીધી કે સમગ્ર હૉલનું વાતાવરણ પરમ મંગલકારી, ચેતનાની આબોહવાથી સુગંધમય બની ગયું. મૃત્યુ, મૃત્યુનો ખ્યાલ, મૃત્યુનો ડારતો ભય બધું જ આ આબોહવામાં ઓગળવા લાગ્યું.

અસીમ ક્યારે ભજનિકોની મંડળીમાં જોડાઈ ગયો તે એને પોતાનેય ખબર નથી. સૌરભ-ચારુ સ્વયં શિવ-પાર્વતી જેવું નાચવા લાગ્યાં. મંત્રમુગ્ધ આબોહવામાં કોણ, ક્યારે, કેવી રીતે જોડાઈ ગયાં, એની કોઈને સુધબુધ નથી. સુંદરરાજનના આનંદની સીમા નહોતી. છ વર્ષનો બાળક આનંદવિભોર બની નાચતો હોય, ગાતો હોય, એમ એ નાચી રહ્યા છે.

જીવનભર જગન્નાથે એમને મૃત્યુના ડરને દૂર કરવા, અનેક રીતે સમજાવ્યા હતા. છતાં ખૂણે-ખાંચરે મૃત્યુનો બિહામણો ચહેરો એમને ડરાવ્યા કરતો હતો. અને આજે, થોડી જ ક્ષણોના, ભીતરના પરદા ઉપર ઝબકી જતો એ ડરામણો ચહેરો અદશ્ય થઈ ગયો. એ ચહેરાને બદલે કરુણામય, વાત્સલ્યનો પ્રકાશપુંજ એ જોઈ રહ્યા.

આજુબાજુ હૉલમાં ક્યાંય જગન્નાથ સિવાય બીજું કોઈ હતું જ નહીં? જગન્નાથ ઢોલક વગાડે અને જગન્નાથ જ કરતાલ વગાડે, મંજીરાય એ વગાડે અને નાચતા નાચતા જે ભજનો લલકારે, એ ય જગન્નાથ! આકાશરંગી ભૂરી છાંયવાળા જગન્નાથના 'ઊડતા રથ'ની ઉઘાડી બારીઓમાંથી નવી ચેતનમય પ્રાણ-ઊર્જાનો ધોધમાર પ્રવેશ થતો હોય એમ કોઈ થાકતું નથી, અટકતું નથી.

'જગન્નાથ, જગન્નાથ'નો સાદ કરીને, વારાફરતી સહુને ભેટતા, સુંદરકાકાને સૌરભે મૃદુતાથી, સમજાવીને રોક્યા ન

પ્રસંગપરાગ

કુલીનચંદ્ર યાજ્ઞિક

વર્ષો પહેલાંની વાત છે. નડિયાદમાં ત્યાંના પ્રખર વેદાંતી અને સાક્ષર મણિલાલ નભુભાઈની જન્મશતાબ્દીનો કાર્યક્રમ હતો. અમદાવાદથી વિદ્વાનો આવ્યા હતા. ઉમાશંકર જોશીએ મણિલાલને ભવ્ય અંજલિ આપી. પણ તેમાં ઉલ્લેખ કર્યો કે મણિલાલ ક્યારેક ગાંજા-ચરસનું સેવન કરતા. નડિયાદના કવિ-ચિત્રકાર ફૂલચંદભાઈ ઝવેરભાઈ શાહ મણિલાલને પોતાના ગુરુ માનતા. તેમનાથી સહન ન થયું. બોલવા ઊભા થયા. કહ્યું કે, 'અમારા ઉત્કૃષ્ટ વિદ્વાનોની આવી વાત ન કરવી જોઈએ. એમને વ્યસન નહોતું. અમારા નડિયાદના સમર્ષિ જેવા એ સાક્ષરો હતા. તેમની બદનામી ન થાય.'

સભામાં સોપો પડી ગયો. વાતાવરણ બોઝિલ. ઘડીક રહીને અમદાવાદના મોહક વ્યક્તિત્વ ધરાવતા સાક્ષર ચૈતન્યપ્રસાદ દીવાનજી ઊભા થયા. વાત વાળી લીધી : 'નડિયાદના સાક્ષરો માટે અમને - આપણને સૌને ભારોભાર માન છે. તેમને માટે અત્યંત આદર સાથે જ અમે આવ્યા છીએ...નડિયાદ અને અમદાવાદનું આકાશ એક જ છે. અહીંના સમર્ષિઓ અમારા આકાશમાં પણ ચમકે છે. અમારા ય એ એટલા જ પૂજ્ય છે.'

સૌનાં મન હેઠાં બેઠાં. સમારંભ સુપેરે પૂરો થયો. □

હોત તો ઘડીક સ્થિર થઈ, થંભી ગયેલો સમય સાવ જ ઓગળી ગયો હોત. શાશ્વત ઉત્સવની ઝાંખી કરી, સહુ સાવ શાંત, મૂક બની બેસી ગયાં છે. અકલ્પ્ય એવા અનુભવે સૌને અવાક્ કરી દીધા છે.

આનંદથી ઉભરાતા સુંદરરાજને, બન્ને આંખોમાં જીવનના ધબકારની તાજી સ્ફૂર્તિ મેળવી લીધી છે. વિલ વાંચવાની રહીસહી ઔપચારિકતા પણ ઓસરી ગઈ.

'હવે વિલનો બીજો અંશ. એ અંશ કદાચ મારા ટોનમાં જે ગાંભીર્યની અપેક્ષા રાખે છે, એ હું ખોઈ બેઠો છું. જગન્નાથે જે લખ્યું છે એના જ શબ્દોનો પડઘો તમે સાંભળવા પ્રયાસ કરજો :

'વર્ષો સુધી સતત મથામણ કરતો રહ્યો કે મારા જીવનની આ એક અત્યંત એવી પરમ કલ્યાણકારી, મને પોતાને ય નિરંતર આશ્ચર્ય થાય એ વાત વિલમાં લખવી કે નહીં અને વિલમાં લખ્યા પછીય એને કુટુંબ-પૂરતી મર્યાદિત રાખવી કે મારી ચિરવિદાય સાથે એને ય અલોપ થવા દેવી?

'બાવીસ વર્ષ પહેલાં મને અમલાનો પહેલવહેલો પરિચય થયો, અમલા, અમલાદેવી, અમલાદીદી!

'અસીમ, બેટા, સૌરભ-ચારુ બેટા, તમે શ્રીમદ્ ભગવદ્-ગીતાના ગ્રંથમાં કે મહર્ષિ શ્રીઅરવિંદ રચિત 'સાવિત્રી'ના મારા રોજના અધ્યયન ગ્રંથમાં હરેક સોમા પાને, એની છબી જોશો.

'અમલાના દૈવી, શાશ્વત, ખુલ્લા આકાશ જેવા એક જ સ્મિતે મારા જીવનને સંપૂર્ણ વળાંક આપ્યો. એક ફાર્મહાઉસ પછી આંખો મીંચીને ખરીદી લીધું. અને એક કલાત્મક કુટીર ખાસ અમલા માટે બનાવી. બે હાથ જોડી, પ્રાર્થના કરી અમલાને કહ્યું, 'અહીં જ હવે કાયમ નિવાસ કરો. અને મને સુપાત્ર ગણો તો મિત્ર, શિષ્ય, જિજ્ઞાસુ, સહયાત્રી જે રીતે સ્વીકારી શકો એ રીતે સ્વીકારી લો.' મને પ્રસન્નતાથી અમલાએ સ્વીકાર્યો.

'જીવનમાં એ પછી, જે અ-મૃતના ઘૂંટ લીધા, જે અમૃતમય જ્ઞાન મેળવ્યું, જીવનને કેવળ આનંદના પર્યાયરૂપ જીવવાનો લ્હાવો મેળવ્યો અને અંતિમ ક્ષણને, ચિરવિદાયને કે મૃત્યુને શોકરૂપે નહીં, ચિરંજીવ શ્લોકરૂપે, ઉત્સવરૂપે જોતાં, અનુભવતાં ય શીખ્યો, એનું નિમિત્ત કેવળ અમલા છે. મારા જીવનની એ ધન્યતમ પળ હતી.

'હવે વર્ષોથી અમલા મૌન છે. બહાર અને ભીતર સાવ મૌન; પણ એની આંખોમાં અને સ્મિતમાં જે અસ્ખલિત, શાશ્વત વાણી છે, એ આપણાં કોઈની પાસે નથી.

'મુલાકાત આપે તો જરૂર મળજો, અમલાદીદીને!' સુંદરરાજન સ્ટેચ્યૂ જેવા બની રહ્યા છે. કેટલીય ક્ષણો પછી હોંશમાં આવ્યા, ત્યારે ધીમેથી એ જાણે સ્વગત ગણગણ્યા :

'વિલનો આ બીજો અંશ સીલબંધ કવરમાં એડ્વોકેટ નિત્યાનંદ શર્મા પાસે, જગન્નાથે રાખ્યો હતો. આ એક જ વાત, જગન્નાથે મારાથી છુપાવી રાખી હતી. આજે જાણીને મારા આનંદની સીમા નથી. અમલાની આ વાતમાં જગન્નાથે કોઈને વધારે નજદીકના કે દૂરના ગણ્યા નથી. એ ય બહુ સૂચક છે.'

ચારુના અણસારથી સૌરભ ત્વરાથી ઊભો થયો અને ભગવદ્ગીતાના સોમા પૃષ્ઠ ઉપર રાખેલી અમલાદીદીની છબી લઈને સહુ સમક્ષ પ્રકટ કરી.

સૌમ્ય, શાંત, શાશ્વત જેવા એ સ્મિતમાં, એ હસતી આંખોમાં, એ અપૂર્વ નિર્દોષ ચહેરામાં ઉપસ્થિત સૌની આંખો સ્થિર બની ગઈ. આંખો દ્વારા વાણીનો, અસ્ખલિત પ્રવાહ વહી રહ્યો છે, એ સહુએ અનુભવ્યું.

હવે પૂર્ણાહુતિ કાર્યક્રમ. જગન્નાથના શબ્દોમાં 'ભગવાન સાથે હસવાની ભાગીદારી.'

હાલમાં ઉપસ્થિત સહુ આ ક્ષણોમાં કેવળ સ્તબ્ધ છે. આ અવનવી, અનોખી સ્તબ્ધતામાં નર્યા વિસ્મયનો એક ઘટાટોપ છે. તેથી જ, હસવાના કાર્યક્રમ વિશે કે હસવાની વાત અંગે એકએક જણ સાશંક છે. જરાય સાશંક નથી માત્ર એક હાસ્યનટ. આજે એ હાસ્ય કલાકાર પૂર્ણ કળાએ ખીલીને આવ્યા છે. આવા ય માણસો જો આ પૃથ્વીગ્રહ ઉપર વસતા હોય તો જરૂર ભગવાન ક્યાંય છુપાએલા હોવા જ જોઈએ. અને જો ભગવાન ક્યાંય પણ છુપાયા હશે, તો એ મારા કરતાં કેવોય અદ્ભુત હાસ્યનટ હશે. મારા ભગવાન તો હાસ્યમૂર્તિ જ હોય.

હાસ્યકલાકાર સૌને વંદન કરીને ઊભા થયા. 'પોપટ...પોપટ જોયો છે?' જેવું કશુંક કહેતાં હાસ્ય કલાકારે વીજળીની ત્વરાથી પોપટની આકૃતિ જેવી અંગભંગિ કરી અને પોપટ નિમિત્તે ધીમેધીમે, વાતને એવી તો ચગાવી કે સમગ્ર બ્રહ્માંડમાં ફેલાયેલાં હાસ્યનાં આંદોલનો અને મોજાંઓ જગન્નાથના 'ઊડતા રથ' તરફ ખેંચાવા લાગ્યાં.

પહેલા જ ઝાટકે, હાસ્યકલાકારે સુંદરરાજનને એવા મંત્રમુગ્ધ કર્યા કે થોડી ક્ષણોમાં પગ ઉલાળી ઉલાળીને હસતા સુંદરરાજન, માની ના શકાય એવી હાસ્યરાજનની મૂર્તિ બની રહ્યા.

હાસ્યના આ એક જ મોજાના ખેંચાણ સાથે, ધોધ પડે એમ હાસ્યનાં મોજાં ચોગરદમ પ્રસરી રહ્યાં...

'હાસ્ય વિના નથી અણુ પણ ખાલી રે,' જેવી વાત જોતજોતામાં બની ગઈ.

એકબીજાંની સામે, હાસ્યથી બેવડ઼ત્રેવડ વળી જઈ, આંગળી તાકતાં સહુએ આંખમાં હાસ્યની ચમક સાથે, એક જ ક્ષણે, એકસાથે સાક્ષાત્કાર કર્યો - 'એકેએક હસતા ચહેરામાં જગન્નાથ હસી રહ્યા છે. એકેએકની ઓળખ એકમાત્ર જગન્નાથ બની રહ્યા છે.'

હાસ્યકલાકાર પોતેય હવે પોતાના વશમાં નથી. કૂદી-કૂદીને એ હસે છે. એના હાસ્યનાં આંદોલન સહુને વશ કરી, હસાવે છે. અને હસતાં હસતાં સહુ કૂદે છે, નાચે છે.

સમગ્ર સૃષ્ટિ હાસ્યથી તરબોળ બની રહી.

સંપૂર્ણપણે સ્થિર થઈ ગયેલા સમયનો ફરી આરંભ થયો.

શાંત મુદ્રામાં હજીય રહેલા સુંદરરાજને જગન્નાથના મરણોત્તર વિલનો છેલ્લો અંશ, માત્ર થોડા શબ્દો, સહુ સમક્ષ પ્રકટ કર્યા :

'અમલાએ મને જે આપ્યું છે, એ શાશ્વત છે, તેથી જ, જગન્નાથ નામરૂપે ઓગળી જઈ હું કેવળ શાશ્વત આનંદરૂપે જીવ્યો છું. અને શાશ્વતકાળ સુધી ધબકતો રહીશ.' □

એક ઐતિહાસિક ચિરસ્મરણીય પ્રસંગ

— ડૉ. પ્રિયબાળા શાહ —

સામાન્ય રીતે માણસ જે વાતાવરણ કે સમાજમાં ઊછર્યો હોય તેના ઉપર તેની અસર થયા વગર રહેતી નથી. અલિપ્ત રહેવા ધારે તો પણ મનુષ્ય સામાજિક પ્રાણી છે તેથી તેના રંગે રંગાયા વગર રહે નહીં.

મહાત્મા ગાંધીની સ્વરાજ્યની ચળવળ ૧૯૩૦ દરમિયાન શરૂ થઈ ત્યારે સમજશક્તિ પ્રાપ્ત કરેલી હોય તેવાં બાળકો ગાંધીજીની અસરથી મુક્ત રહ્યાં નથી. તે વખતનો જુવાળ કાંઈક જુદો હતો. દરેકને એમ થાય કે પોતે પોતાનો ફાળો તેમાં આપવો જોઈએ. પાંચ-સાત વર્ષનું બાળક હોય તો તેની શક્તિ અનુસાર ગાંધીજીના કાર્યક્રમમાં ભાગ લે : જેમ કે તેના ઘરની આસપાસ કૉંગ્રેસ-પત્રિકા પણ વહેંચી આવે. એકલદોકલ પોલીસ કે પોલીસવાન તેની પાસેથી પસાર થાય તો તરત જ તે બોલી ઊઠશે કે 'ઈન્કિલાબ ઝિંદાબાદ' આવું ઉષ્માભર્યું વાતાવરણ તે વખતે હતું.

જે સમયે આવું વાતાવરણ ગુંજતું હતું ત્યારે મારો અભ્યાસ પ્રાથમિક શાળામાં ચાલતો હતો. આથી જે કાંઈ હું લખીશ તે મારી બાળપણની સ્મૃતિને આધારે છે, તેથી વિગતોમાં કાંઈક સ્મૃતિદોષ પણ જણાશે.

મારું મોસાળ કાંઈક સુધરેલું ગણાય, તેથી ગાંધીજીની અસર હેઠળ હતું અથવા બીજી રીતે વિચારીએ તો મહાત્મા ગાંધીજીની અસર આ કુટુંબમાં હોવાને કારણ જ્ઞાતિમાં કાંઈક આગળ પડતું કે સુધરેલું કુટુંબ ગણાતું. મોસાળના ઘરમાં સ્ત્રીવર્ગમાં તો મારાં નાની સિવાય બીજું કોઈ હતું નહીં, પરંતુ તે ઘરનું કામ પરવારીને વિદેશી કાપડની દુકાને પીકેટિંગ કરવા જાય, સભા-સરઘસમાં જાય, ઘેર રેંટિયો કાંતે, ખાદી પહેરે, ગાંધીજીની સાયંપ્રાર્થનામાં હાજરી આપે. આને કારણે સભા-સરઘસમાં જવાની અમને પણ લાભ મળતો. વહેલી સવારે પ્રભાતફેરીમાં જવાનો બહુ ઉમંગ આવતો, કારણ કેટલેક લત્તે લત્તાવાસીઓ પ્રભાતફેરી ફરનારા દરેક દરેક બાળકને મીઠાઈ આપતા. અમને બાળકોને ખૂબ આનંદ આવતો.



ક્વચિત્ ગાંધીજીના હરિજન આશ્રમમાં સાયંકાલે પ્રાર્થનામાં જવાનો પણ લાભ મળતો.

ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહ માટે દાંડીકૂચનો કાર્યક્રમ તૈયાર કર્યો. ઘેરેઘેર આ કાર્યક્રમની ચર્ચા થવા લાગી. દાંડીકૂચનો દિવસ નજદીક આવતો ગયો ત્યારે કોણ કોણ ગાંધીજીની સાથે જશે અથવા ટ્રેન કે મોટર રસ્તે જશે તેની પણ વિચારણા ચાલતી હતી. આશ્રમમાંથી ગાંધીજીએ દાંડીના રસ્તે પ્રયાણ કર્યું ત્યારે તો આશ્રમવાસીઓ ખૂબ ગળગળાં થઈ ગયાં અને અતિ લાગણીને કારણે કેટલાંક તો આંસુ સારતાં હતાં. તે દિવસ આજે પણ મને યાદ આવે છે. આવી વિરાટ માનવ મેદની ત્યાર પછી ૧૯૫૬માં વિનોબાજી જ્યારે અમદાવાદની મુલાકાતે આવ્યા ત્યારે જોઈ હતી. આબાલવૃદ્ધ સૌ દર્શનાર્થે ઊમટ્યાં હતાં.

ગાંધીજી હાથમાં એક લાકડી લઈને નીકળી પડ્યા હતા. તેમને થોડે સુધી વળાવવા માનવમહેરામણ ઊમટ્યો હતો. શાળાઓમાં તે દિવસે રજા હતી કે નહીં તે આજે યાદ નથી, પરંતુ એટલું તો જરૂર યાદ છે કે અમારા ઘરમાંથી અમે કોઈ તે દિવસે શાળાએ ગયાં ન હતાં. ઘરમાં લગ્નોત્સવ હોય કે નૂતન વર્ષ હોય તે રીતે વહેલી સવારે અમે બધાં ઊઠ્યાં અને તૈયાર થઈને ગાંધીજીના આશ્રમે ગયાં. મારાં મા, માશી, નાનીમા, હું તથા મામા, નાના વગેરે સાથે હતાં. આ બધાંનું પ્રેરણાબળ તે મારાં નાનીમાના ભાઈ શ્રી રણછોડલાલ અમૃતલાલ હતા. એટલે આ સમગ્ર કાર્યક્રમમાં રણછોડમામાનું આખું કુટુંબ મોખરે હતું. ગાંધીજીની સાથે કેટલાયે માઈલો સુધી અમે ચાલ્યાં હોઈશું. પછીથી રસ્તામાં જ ગાંધીજીએ રણછોડમામાને બોલાવીને કહ્યું, 'રણછોડભાઈ! હવે તમે પાછા વળો.' અમે બધાં પાછાં વળ્યાં. ગાંધીજી તો પગરસ્તે દાંડી ગયાં હતા. મારાં નાનીમા, માસી વગેરે ટ્રેનમાં દાંડી ગયાં હતાં, એવું આજે પણ યાદ છે. ગાંધીજીએ જ્યારે મીઠાના કાયદાનો ભંગ કરવા સત્યાગ્રહ કર્યો, ત્યારે મારા મોસાળ પક્ષનાં કેટલાંક સભ્યો પણ ત્યાં હાજર હતાં, તેઓએ દાંડીમાં હાથે પકવેલું મીઠું એકત્ર કર્યું હતું. આજે આ મીઠું ઘરમાં સ્વચ્છ શીશીમાં ભરેલું છે!

ગાંધીજીની સભા વિશાળ ચોગાનમાં ભરવી પડતી. તેમના અસંખ્ય અનુયાયીઓ હતા, તેથી મોટી સભા અમદાવાદમાં સાબરમતી નદીને કિનારે ભરાતી. ગાંધીજી માટે ઊંચો મંચ બંધાતો. મને તો કાંઈ સમજણ પડતી ન હતી. છતાં ગાંધીજીની સભામાં હાજરી આપવાનો શોખ અને હોંશ હતાં. એવું યાદ છે કે એક સભામાં ગાંધીજીએ પોતાના હાથે પકવેલા મીઠાની હરાજી કરી હતી. ત્યારે મનમાં એમ જરૂર થતું કે ગાંધીજી કેવા વેપારી છે! નાનકડી મીઠાની પડીકીમાંથી કેટલી મોટી રકમ મેળવે છે! આપણે પણ મીઠાની પડીકીનો વેપાર કરીએ. જો

કોઈ આપણને એટલા પૈસા આપે તો કેવી મજા પડી જાય!

મારા મામા શ્રી લલિતમોહન જમનાદાસ ધંધુકા-ધોલેરાના સત્યાગ્રહ માટે ગયા હતા અને પછી તેમની ધરપકડ થઈ હતી. રણછોડમામાને ધરાસણા જવાનું હતું. તેઓ જવાના હતા ત્યારે તો શહેરે પણ તેમને ઉમળકાભેર વિદાય આપી હતી. અને તેઓ રેલવે રસ્તે જવા નીકળ્યા હતા. તેમનું શહેરમાં ખૂબ માન હતું. તેથી સરકારને પણ તેમની ધરપકડ અમદાવાદ શહેરમાંથી કેમ કરવી તે અંગેની ખૂબ મૂંઝવણ હતી. રણછોડમામા ટ્રેનમાં ધરાસણા જવા નીકળ્યા. ટ્રેનને અડધે રસ્તે રોકીને પોલીસે તેમની ધરપકડ કરી હતી. તેમને પકડીને અમદાવાદની સાબરમતી જેલમાં લાવવામાં આવ્યા હતા. અમે પણ તેમની મુલાકાત લેવા જેલમાં ગયાનું આજે પણ સ્મરણ છે. મારા લલિતમામા જેલમાં હતા. પહેલાં સાબરમતી જેલ, પછી યરવડા અને થાણાની જેલમાં છૂટક છૂટક ચારથી પાંચ વર્ષ કાઢ્યાં છે.

સ્વરાજ્ય મેળવ્યા વગર ગાંધીજી સત્યાગ્રહ આશ્રમમાં પાછા નહીં ફરવાનો નિશ્ચય કરીને અમદાવાદથી ગયા હતા. ત્યાર બાદ બે વખત અમદાવાદ પધાર્યા હતા. ત્યારે આંબાવાડીમાં આવેલા અમારા રણછોડમામા (રણછોડલાલા અમૃતલાલ)ને બંગલે રહ્યા હતા. તે વખતે અમારા જેવડાં બાળકોને માટે તો જરૂર ઉત્સવનો પ્રસંગ બનતો. આખો દિવસ રણછોડમામાને બંગલે રહેવું, કૂદાકૂદ કરવી અને જે કોઈ નેતાઓ આવે તેમના તરફ કુતૂહલથી જોવું. તે નેતાઓમાં સામાન્ય બીજા માનવી કરતાં વિશેષ શું છે તે પણ જાણવાની જિજ્ઞાસા હતી. ગાંધીજી હોય ત્યારે પૂ.કસ્તુરબા તો અવશ્ય ત્યાં હોય જ. આ ઉપરાંત સ્રીરત્નોમાં શ્રીમતી સરોજિની નાયડુ, મીઠુબહેન પીટીટ, રેહાના તૈયબજીને જોયાનું યાદ છે. ગાંધીજી આવવાના હોય ત્યારે તેમના આવવાના સમય પહેલાં ઘરનાં તમામ સભ્યો અને અમે બાળકો ગાંધીજીના સ્વાગત માટે સૂતરની આંટીઓ લઈને ઊભાં રહેતાં. ગાંધીજી ખુલ્લી મોટરમાં આવે, ગાંધીજી મોટરનાં પગથિયાં ઉપર ઊભા રહીને દરેકની સૂતરની આંટી હસતે મુખે સ્વીકારતા હતા. ગાંધીજી અમારાથી ઊંચા અને અમે રહ્યાં નાનાં. મને યાદ છે તે પ્રમાણે ખૂબ ઠેકડા મારીને ગાંધીજીને 'હાર' પહેરાવવાના પ્રયત્નો કર્યા હતા. ગાંધીજીના આગમન સમયે ત્યાં હાજર રહેલાઓમાં સરદાર વલ્લભભાઈ પટેલ, પં.મદનમોહન માલવિયા, અબ્બાસ તૈયબજી, પં.જવાહરલાલ નેહરુ વગેરે હતા.

ગાંધીજી જેટલા દિવસ મામાને બંગલે રહેતા, તેટલા દિવસો અમે પણ ત્યાં રહેતાં, તેથી રોજ વહેલી સવારે આંખો ચોળતાં ચોળતાં પ્રાર્થનામાં જતાં. પ્રાર્થનામાં શરૂઆતમાં 'રઘુપતિ રાઘવ રાજારામ'ની ધૂન બોલાતી અને પછી ગાંધીજી કોઈ એક જાણીતી વ્યક્તિને એક ભજન ગાવાનું કહેતા. આ ભજનો આશ્રમ ભજનાવલીમાં છે. તે દિવસની પ્રાર્થનામાં ગવાયેલું ભજન 'મને ચાકર રાખોજી' આજે પણ યાદ છે.

આ ભજન કાકા કાલેલકરના પુત્રે ગાયું હતું. તે 'બાળ' કે 'બાળાસાહેબ'ના નામથી ઓળખાતા. આ ભજનના અર્થની ત્યારે જરા પણ ખબર ન હતી હવે તો કાંઈક સમજાય છે. આ ભજન આજે પણ કાનમાં ગુંજ્યા કરે છે અને તે દિવસની ગાંધીજીની પ્રાતઃકાળની પ્રાર્થનાનું આછું ચિત્ર નજર આગળ તરે છે. સવારની પ્રાર્થના પછી ગાંધીજી સાથે થોડેક સુધી અમે ફરવા જતાં. અમારો દિવસ નિશાળની ચિંતા વગર આનંદમાં ને આનંદમાં પસાર થતો.

એક વખત રણછોડમામાની ઇચ્છા થઈ કે, ગાંધીજી જેવા મહાન નેતા મારે ઘેર અતિથિ બન્યા છે, હિંદુસ્તાનભરના અનેક નેતાઓ અને અન્ય જનો તેમની મુલાકાતે આવીને દર્શન પામીને ધન્ય થાય છે તો તેવો લાભ મારાં કુટુંબીજનોને પણ મળવો જોઈએ. ગાંધીજીને આ અંગે વાત કરી. તેઓએ તરત જ સંમતિ આપી અને અમે ઘરનાં સૌ ગાંધીજીને મળવા એક ઓરડામાં એકત્ર થયાં. ગાંધીજીની સાથે ખૂબ નજદીકથી વાતો કરવાનો આ ધન્ય પ્રસંગ. આથી દરેકનાં હૈયાંમાં આનંદ ઊભરાતો હતો. ગાંધીજીએ વાતવાતમાં સૌપ્રથમ પ્રશ્ન કર્યો કે, 'તમે બધાં વિદેશી કાપડ પહેરો છો?' સૌએ ના પાડી. ગાંધીજી ચતુર હતા. તરત જ બીજો પ્રશ્ન પૂછ્યો : 'ઘરમાં વિદેશી કાપડ છે? કબાટો અને પેટીઓ વિદેશી કાપડથી ભરેલી છે?' આનો જવાબ આપવામાં તો સૌને મુશ્કેલી થઈ. સૌ મૂંઝાવા લાગ્યાં પણ સત્ય તો બોલવું જોઈએ. બધાંએ પોતાનો બચાવ કરતાં કહ્યું કે, 'હા, કાપડ ઘરમાં છે પણ અમે તે પહેરતાં નથી.' ગાંધીજીએ પ્રત્યુત્તર વાળ્યો કે, 'જો તમે પહેરતાં નથી તો તેવું કાપડ શા માટે ઘરમાં રાખ્યું છે? કોઈક વખત તમને તે કાપડ પહેરવાનો મોહ થશે. માટે તે કાપડ મને આપો. તમારી પેટીઓ અને કબાટો ખાલી કરો અને સ્વદેશી કાપડ માટે તેમાં જગા કરો.'

બધાંએ તેમાં સંમતિ આપી. રણછોડમામાની મોટરમાં સૌ પોતપોતાને ઘેર ગયાં અને ઘરમાં જેટલું વિદેશી કાપડ હતું તે સઘળું એકઠું કરીને લઈ આવ્યાં. કેટલું કિંમતી તે કાપડ હતું! કસબી કોરવાળી સાડીઓ, રેશમી સાળુ, જરીની બુટ્ટીઓવાળી અનેક સાડીઓ તેમજ બ્લાઉઝ, સાચી જરીના ચણિયાચોળી, સરસ મજાની બાળકોની ટોપીઓ વગેરે વગેરે.

બીજે દિવસે વહેલી સવારની પ્રાર્થનામાં શેઠ રણછોડભાઈના કુટુંબીજનોના વિદેશી કાપડની હોળી થવાની છે તેની વાત તો બરાબર ફેલાઈ ગઈ હતી. તેથી પ્રાર્થનામાં પણ બહુ મોટો માનવસમુદાય હાજર હતો. વહેલી સવારે વિદેશી કાપડનો મોટો ઢગલો પ્રાર્થનાના સ્થળે કરવામાં આવ્યો. પ્રાર્થના બાદ

(અનુસંધાન પૃ.૨૨)

વિદાયની રીત

• પ્રીતિ સેનગુપ્તા •

સામ્યવાદી વિચારસરણીના જુસ્સામાં ચીનનાં ઘણાં શહેરોનાં નામ બદલવામાં આવેલાં. જાણીતાંમાં 'પીકિન્ગ'નું 'બેન્જિન્ગ' બન્યું, ને 'નાનકિન્ગ'માંથી 'નાનજિન્ગ' થયું. એ જ રીતે કેન્ટોન શહેરનું નામ પણ એનું એ ના રહ્યું, બલકે બદલાઈને તદ્દન જુદું જ થયું : ગુઆન્ગજો. પહેલાં પહેલાં તો યાદ પણ ના રહે એવું રૂપાંતર! જોકે આ પછી પણ, એ આંગ્લ નામોથી જાણીતી થયેલી બાબતો તો હજી પણ મૂળ રૂપે જ ઓળખાતી રહી છે - જેમ કે, 'પીકિન્ગ ડક' કહેવાતી મિજબાનીની વાનગી કે પીકિન્ગ યુનિવર્સિટી. કેન્ટોનના દાખલામાં તો એવું બન્યું કે એ નામને ધરમૂળથી કાઢી નાખવું કે ભૂલી જવું શક્ય જ નથી; કારણ કે ચીનની મુખ્ય ભાષાઓમાંની એક 'કેન્ટોનિઝ ભાષા' છે. શહેરને ભલે 'ગુઆન્ગજો'નું નામાભિધાન મળ્યું, પણ ત્યાંની વિશિષ્ટ ભોજન-શૈલી, ત્યાંની પ્રજા ઇત્યાદિની ઓળખાણ બદલી નથી જ શકાઈ. એ બધાં માટે, હજી પણ, 'કેન્ટોનિઝ' શબ્દનો જ વ્યવહાર કરાતો હોય છે.


વિદેશી હકૂમતની આવી પ્રચ્છન્ન અસરો તો રહેવાની જ. વર્ષોથી દઢ થયેલી આદતો એમ કાંઈ ખંખેરાઈ જાય? તેથી ગુઆન્ગજો શહેરના જૂના વિભાગમાં એક ખૂબ સરસ, લાક્ષણિક કેન્ટોનિઝ રેસ્ટોરાંમાં બેસી મેં દિવસનું ખાણું ખાધું હતું. શહેર ગુઆન્ગજો, શૈલી કેન્ટોનિઝ!

જમ્યા પછી ચાલીને જૅકી અને હું મરકત મણિની એક ફૅક્ટરી પર ગયાં હતાં. જૂનો લત્તો, એટલે રસ્તા સાંકડા ને ગાડીઓ રાખવાની જગ્યા ઓછી, તેથી ચાલવું જ પડે. બીજા માળ પરની એ ફૅક્ટરીમાં સમારકામ થઈ રહ્યું હતું, તેથી દાદરનાં પગથિયાં પર ધૂળ, કચરો, તારનાં ગૂંચળાં વગેરે પડેલાં હતાં. સાચવીને ચડતાં ઉપર ગયાં. અંદરના એક ભાગમાં બનાવાયેલા નાના નાના હિસ્સામાં બેસીને ઘણા કારીગરો, ખંત અને ધીરજથી, મરકતના નાના ટુકડાઓ પર સુંદર આકૃતિઓ કંડારી રહ્યા હતા. કોઈ વાતોમાં કે મુલાકાતીઓ સામે જોવામાં સમય ના બગાડે. એ બધા પોતપોતાના કામમાં રત હતા, તો બીજા કેટલાક કરીગરો બપોરનું ખાણું ખાવા ઊઠેલા હતા.

ફૅક્ટરીના બીજા ભાગમાં ખૂબ મોટી દુકાન ગોઠવાયેલી હતી. ફરજપૂર્વક મેં એક આંટો માર્યો. અનેકવિધ અલંકારો - થોડાં મોતી, થોડું સોનું, પણ વધારે મરકત મણિની સાથેનાં. મને છેક આગલે દિવસે જ વિચાર આવેલો કે વધારે નહીં, પણ વીંટી માટે એક નંગ ખરીદી શકાય. ઘેરો શ્યામ-હરિત રંગ મને પસંદ પડેલો, પણ આ બધા ઘણા મોંઘા રત્ન-પાષાણ હતા, ને મને એમની ઉત્તમતા અંગે સમજણ નહીં, તેથી મેં કશું ખરીદ્યું નહીં. પ્રવાસ પાછળ હિસાબ વગરના પૈસા ખર્ચી શકું, પણ ખરીદીમાં જીવ નહીં!

અમારી વાન પાસે પાછાં પહોંચ્યાં તો ડ્રાઇવર ના મળે. એ ગાડી બંધ કરીને ક્યાંક જતો રહેલો. અડધોએક કલાક એની રાહમાં ગાળ્યા પછી જૅકી અને હું જૂના શહેરના લત્તામાં ચાલ્યાં. જેને શહેરના સ્થાપત્યને ઇતિહાસનો વારસો કહેવાય તે આગવાં, પુરાણાં ઘરો-મકાનો ક્યાં તો તોડી નાખવામાં આવી રહ્યાં હતાં, અથવા એમના નીચલા અંશો, દુકાનોમાં ફેરવાઈ રહ્યા હતા. નવા ચીનને વારસામાં નહીં, વ્યાપારમાં રસ હતો.

દેશના સર્વોચ્ચ અને મહત્તમ નેતા, એકાણુ વર્ષના ડેન્ગ શ્યાઓપિન્ગના નૂતન અભિગમ પ્રમાણે લગામ સહેજ ઢીલી મુકાઈ-ના મુકાઈ અને આર્થિક ક્ષેત્રે અંગત નફો મેળવવા



અંગે છૂટ અપાઈ-ના અપાઈ, ત્યાં તો આખા દેશમાં યાઁગ્ત્સેનાં અણધાર્યાં, ગાંડાંતૂર પૂરની જેમ પૈસા કમાવાનો લોભ ફરી વળ્યો. અસાધારણ શીઘ્ર ગતિથી આર્થિક અને નાણાંકીય વિકાસ થવા માંડ્યો. સ્વાભાવિક રીતે જ, એ આખી પ્રજાને સરખી રીતે સુખી ને સંપન્ન બનાવી નથી રહ્યો. આમ, ચીનનું જે સામર્થ્ય છે, તે જ એની ભયજનક કચાશ પણ છે. અર્થશાસ્ત્રીઓ આ ભય તરફ નિર્દેશ કરીને પૂછી રહ્યા છે; 'શું ચીન એવો મહા-તારક બનશે કે જે જેમ જેમ બળતો જાય તેમ તેમ વધારે દેદીપ્યમાન બનતો રહે?'

સત્તાના કેન્દ્ર બેજિન્ગનો જાણે હવે કોઈને ડર નથી રહ્યો. ને બેજિન્ગ પાસે પૈસા પણ ઘટતા જાય છે. એનું કારણ એ કે પ્રાંતો હવે બેજિન્ગને કરના પૂરતા પૈસા આપતા નથી. ક્રમશઃ પ્રાંતો અને પરગણાં વધારે ને વધારે સત્તા અખત્યાર કરતાં જાય છે. શાંઘાઈ અને ગુઆન્ગઝો જેવાં મુખ્ય ને ધન-પ્રચુર બંદર-શહેરો તો જાણે ફાવે તે કરતાં થઈ ગયાં છે. ત્યાંના આગેવાનો પોતપોતાના પ્રદેશની આર્થિક પ્રગતિ માટે વિદેશી નાણાં-રોકાણ, વસ્તુઓના વેચાણ વગેરે અંગે વિચારવા માંડ્યા છે. લાંચ-રુશ્વત અત્યંત વધ્યાં છે, કાયદા અને નિયમોનું પાલન ઘટ્યું છે.

ખેડૂતો અનાજ ઓછું પકવી રહ્યા છે, કારણ કે બીજા પાકોમાં એમને વળતર ઘણું વધારે મળે છે. તીવ્ર અછત થશે તો ધાન ખરીદવા પાછળ ચીન ઘણું નાણું ગુમાવી બેસશે. ઉપરાંત, અભૂતપૂર્વ સંખ્યામાં - અનુમાન મુજબ બાર કરોડ-ચીની લોકો (અમેરિકાની લગભગ અડધી પ્રજા) બાપ-દાદાનાં ગામડાં છોડીને, ધન-લાભની ઈપ્સાથી, શહેરોમાં પહોંચી ગયાં છે. શહેરોમાં ગીચતા અને ગુનાનું પ્રમાણ કારમી રીતે વધી ગયું છે. દરિયા-કિનારા પરનાં મોટાં શહેરો 'નવ્ય શ્રીમંતાઈ'થી પ્રફુલ્લિત થઈ રહ્યાં છે, તો વિશાળ દેશમાંના સુદૂરના પ્રદેશો પાછળ ને પાછળ પડતા જાય છે. સામ્યવાદી ચીનમાં જાણે રાતોરાત અત્યંત શ્રીમંત અને અત્યંત દરિદ્ર પ્રજા સર્જાઈ ગઈ છે!

સંયમના હિમાયતી ચીની વિચારકો માને છે કે ચીનને એક નવી, વિશ્વસનીય વિચાર-નીતિની તેમજ સંયત, સુનિયંત્રિત પ્રગતિની આવશ્યકતા છે. વળી, રાષ્ટ્રિયતા અને રાષ્ટ્રિય એકતાનો વિચાર ખૂબ ગંભીર રીતે ચીને કરવો જ પડશે; કારણ કે, સોવિયેત યુનિયનના કિસ્સા દ્વારા સ્પષ્ટ થયું છે તેમ, નાના દેશો કરતાં ઘણી વધારે સહેલાઈથી મોટા દેશો ભાંગી પડતા હોય છે.

સ્થિર લાગતા જીવનના પ્રવાહમાં સમયનાં ચંચળ નીર ક્યાં સુધી છૂપાં રહી શકે? વમળો બનીને એ ઘૂમરી ખાવા માંડવાનાં જ. ત્યારે પ્રવાહ અસ્થિર બનવાનો અને અરક્ષિત બનવાનો. ચીનના વર્તમાનમાં કંઈક આવું થવા માંડ્યું છે. હશે ચીનને એનો અંદેશ, એનો ખ્યાલ? એની જાણ, એનો ભય? ત્યાં ફરતાં ફરતાં મને આવા પ્રશ્ન થતા હતા. પ્રજામાંના કેટલાને થતા હશે?

ગુઆન્ગઝોના જૂના ભાગના રસ્તાઓ પર દુકાનો અને હાટડીઓનો અંત નહોતો. અને શું શું નહોતું મળતું ત્યાં! બૂટ-ચંપલ, કપડાં, ઘડિયાળો, પ્રસાધનો અને કેટલી તો કેક-બિસ્કિટની બેકરીઓ. બધું સસ્તું પણ ખૂબ લાગ્યું. સુઘડ રીતે વાળીને પ્લાસ્ટિકમાં વીંટાળીને વેચાતાં શર્ટ જોઈને આનંદ માણ્યો! બૂટ-ચંપલની એક હાટડી બહુ જણને ગમતી લાગી. ત્યાં એક સેન્ડલ મને ગમી ગયાં, પણ સામાનનો વિચાર કરીને લીધાં નહીં! કેટલીક દુકાની પાસે પોતાનાં જનરેટર્સ હતાં. એમનાથી જ હતો એમાં ઝગઝગાટ પ્રકાશ. વળી, એ મૂકેલાં સાંકડી ફૂટપાથ પર, અને એમનો અવાજ હતો ખૂબ જ મોટો. વાતચીત કરવાનું તો ત્યાં શક્ય જ નહોતું.

← જૂના નાનજિન્ગ શહેરનું એક દૃશ્ય



બેજિન્ગ શહેરનું એક દૃશ્ય ↓



એ રસ્તાઓ પર એક દિશામાં ટ્રાફિક જતો હતો - એટલે કે મોટરોનો ટ્રાફિક. સાઈકલો ને મોટર-બાઈક બંને તરફ જઈ શકતી હતી. એટલે રસ્તો વળોટતાં ધ્યાન બંને તરફ રાખવું પડે. છતાં શહેરના નિજી, દૈનિક જીવનનો અનુભવ મેળવવાની સરસ તક મને મળી હતી. બને તેટલી વિગતો પકડવાનો પ્રયત્ન મારી નજર કર્યા કરતી હતી. મને કેન્ટોનિઝ સ્ત્રીઓ-યુવતીઓ ખૂબ અદ્યતન લાગી. બધી ચપોચપ, ટૂંકાં વસ્ત્રો પરિધાન કરેલી હતી. ઘણી એ જ કપડાંમાં સાઈકલ પર જતી પણ દેખાતી હતી. ક્યાં હતો એમને કોઈ અંદેશ, કોઈ ભય? અત્યારે તો એ નવા ચીનની આધુનિકતામાં મસ્ત હતી.

જેકીનું મંતવ્ય એમ હતું કે આ જૂના લત્તા જરા પણ સારા નહોતા, અને એ બધાને આધુનિક કરવા જોઈએ. મારું માનવું એમ હતું કે એ લત્તા ઘણા સારા હતા, કારણ કે એકમાર્ગી ટ્રાફિકને કારણે ત્યાં જરા વધુ નિરાંત અને શાંતિ હતાં. કોણ કોનો મત બદલી શકે?

જેકીની યાદીમાં હજી એક સ્થાન બાકી હતું - પ્રદર્શનગૃહ. વર્ષમાં બે વાર ત્યાં ઘરને માટે જરૂરી વસ્તુઓનું પ્રદર્શન ભરાતું હતું. નીચેના વિશાળ ખંડમાં ઘણી હાટડીઓ લાગેલી હતી. જાતજાતની વસ્તુઓ મળતી હતી - ચીની દવાઓ, છોકરાંનાં રમકડાં, કપડાં, ઘરવખરી, અને ચીની હસ્ત-કળા. વળી, બેકરી અને સુપરમાર્કેટ પણ હતાં. જોવાની મજા આવે, ને ખરીદવું હોય તો સસ્તું પડે, પણ બસ, હવે સ્ટેશને જવા હું તૈયાર હતી. એકદમ જાણે થાક લાગી ગયો, ને થયું કે, 'બસ, હવે બહુ થયું.'

ચીન છોડ્વાનો સમય આવી ગયો હતો, એ વિચારની કનડગત પણ મનને હતી. સમય પર ગુસ્સો ચડતો હતો. કેમ નહીં બેસાતું હોય એનાથી ગૂંચળું વાળીને ક્યાંક? ચીન સાથેનું સંધાન પૂરું થતું હતું, અને મન જરા ઉદાસ થઈ ગયું હતું. હું હોન્ગકોન્ગ પાછી જવાની હતી, ને તે પણ ટ્રેનમાં. ગુઆન્ગજો એટલે કે કેન્ટોનથી હોન્ગકોન્ગ સુધીની ટ્રેન પચાસ વર્ષોથી ચાલતી આવી છે. છતાં, ભૂમિ-માર્ગે ચીનમાં આવવા કે જવાનો ખ્યાલ અવનવો લાગે છે. ચીન તો દૂરદૂરની કેવી અપ્રાપ્ય, અભેદ્ય, રહસ્યમય જગ્યા! ત્યાં સહેલાઈથી પહોંચાય જ કઈ રીતે? પણ એ શક્ય હતું, અને એ અનુભવ હું મેળવવાની હતી - એનો થોડો ઉત્સાહ પણ હતો.

ગુઆન્ગજોનું ટ્રેન-સ્ટેશન પ્રદર્શન-ગૃહથી બહુ દૂર નહોતું. પણ શું ભીડ હતી ત્યાં! જેકી મને ઉતારીને બહારથી જ જતો રહ્યો. એનું કામ પૂરું થયું. હવે મારું જે થવાનું હોય તે થાય! મારી બેગ ખેંચીને હું ઇમિગ્રેશન હૉલમાં ગઈ. ખૂબ બાફ ને ગરમી હતાં ત્યાં. બધાં પરસેવે રેબઝેબ થતાં હતાં. મેં પંખો કાઢ્યો, ને લાંબી લાઈનમાં એક એક ઈંચ આગળ જવા માંડી. મારો વારો આવ્યો ત્યારે પાસપોર્ટની તપાસણીમાં, વિદાય-સિક્કો મળવામાં, અલબત્ત, ઘણી વધારે વાર થઈ. ભારતીય પાસપોર્ટ ખરો ને!

રાહ જોવાનો કક્ષ પણ એવો જ ગરમ હતો. ત્યાંની બારીઓ પણ ખોલાઈ ન હતી. ઘણાં નીચે જ બેસી ગયાં. હું બારણાં પાસે ઊભી રહી. એની બહાર પ્લૅટફૉર્મ હતું, અને ટ્રેન નં.૯૪ પહેલેથી જ આવીને ઊભેલી હતી. ઊપડવાની પચીસ મિનિટ પહેલાં એનાં બારણાં ખૂલ્યાં, અને અમને અંદર જવાની રજા મળી. બે નંબરની બોગીમાં મારી બેઠક છેંતાલીસ નંબર પર હતી. એકથી પિસ્તાળીસ નંબર એક અમેરિકન પ્રવાસી-જૂથના હતા. એમની સાથે આવેલી અમેરિકન ગાઈડ મારી સાથે બેઠી. મારી બેગ પરનું મારું નામ જોઈને મને કહે, 'હું તમને જાણું છું.' થયું એવું કે ન્યૂ યૉર્કની જે ટ્રાવેલ-એજન્સી દ્વારા ચીનનો આ પ્રવાસ ગોઠવેલો, એમાં જ એ કામ કરતી હતી. અમે બહુ વાતો કરી અને પોતપોતાના મત-અનુભવોની આપ-લે કરી. સારું થયું. એમ કરતાં મન જરા વળ્યું.

બહાર પરિસર ટેકરિયાળો હતો, અને સદંતર લીલચીટ્ટો હતો. જ્યાં જ્યાં સહેજ પણ શક્યતા હતી ત્યાં બધે ખેતી કરવામાં આવેલી હતી. લોકો નાની ઝૂંપડીઓમાં રહેતાં હતાં. 'સેન્જેન' ચીની ભૂમિકામાંનું, સરહદ પરનું શહેર હતું. ત્યાં ઊંચાં, ચોખ્ખાં, અદ્યતન મકાનો ચોતરફ બની ગયાં હતાં. સમકાલીન આધુનિકતાનો પગપેસારો ચીનમાં ત્યાંથી થતો હતો. સેન્જેન ચીન અને હોન્ગકોન્ગ વચ્ચેનું એકબીજામાં પસાર થવા માટેનું, કાનૂની સ્થાન હતું. હજારોની સંખ્યામાં લોકો ત્યાંથી ચીન ને હોન્ગકોન્ગમાં આવ-જા કરે છે. લાગે છે તેટલું સહેલું નથી ચીન છોડી હોન્ગકોન્ગમાં ઘૂસી જવું. ગેરકાનૂની રીતે ઘૂસવાની ચેષ્ટા કરનારાંને રોકવા/પકડવા માટે તારની વાડ હતી. કદાચ એ વૈદ્યુતિક પણ હોય.

સેન્જેનના સ્ટેશન પર થોડી મિનિટો ઊભી રહ્યા પછી ટ્રેન ખડખડાટ કરતી 'ન્યૂ ટેરિટરી' કહેવાતા હોન્ગકોન્ગની ગીચતાને ઓછી કરવા ચીને ૯૯ વર્ષ માટે આપેલા ભૂમિ-ભાગમાં પ્રવેશી. કાનૂની રીતે હું હોન્ગકોન્ગ જઈ રહી હતી. ચીનને અનિચ્છા સાથે છોડવું પડ્યું હતું.

સલિલ-પ્રગલ્ભા યાઁગ્ત્સે દૂર દૂરના પૂર્વ-ચીની સમુદ્રમાં ભળી જવા ઉતાવળી હશે, અને 'મારું' વહાણ ઉપરવાસનાં પાણીમાં શ્રમપૂર્વક જતું હશે, ત્યારે એમના એ વતનથી હું વિચ્છેદ પામી હતી. એમની ભાષાના 'કેમ છો ?' માટેના શબ્દની સાથે સાથે 'આવજો' માટેનો શબ્દ પણ મેં શીખી લીધો છે. તાઈ ચિએમ, ચીન - તાઈ ચિએમ. (સંપૂર્ણ) ◻


ક્રિશ્ચિયન કૅલેન્ડર

પ્રફુલ્લ એ. પરીખ

ક્રિશ્ચિયન કેલેન્ડર જે સામાન્ય રીતે અંગ્રેજી કેલેન્ડર તરીકે ઓળખાય છે તે આજે વિશ્વનાં લગભગ બધાં જ રાષ્ટ્રોમાં પ્રચલિત છે અને વિશ્વની દરેક પ્રજાએ પોતાના રોજિંદા સામાન્ય તેમજ આંતરરાષ્ટ્રિય વ્યવહારની સરળતા અને સુગમતાને લઈને અપનાવ્યું છે. આમ જુઓ તો અર્વાચીન કેલેન્ડર, જેના પોપ ગ્રેગરી ૧૩માના અમલ દરમિયાન ઈ.સ. ૧૫૮૨માં કરાયેલા સુધારાઓને લઈને એમના નામ ઉપરથી 'ગ્રેગોરીઅન કેલેન્ડર' (Gregorian Calendar) તરીકે ઓળખાય છે તે કંઈક અંશે રોમન કેલેન્ડર અને મહદ્ અંશે 'જૂલિઅન કેલેન્ડરની (Julian Calendar) સંવર્ધિત આવૃત્તિ જ છે. એમાં રહેલી કેટલીક મૂળભૂત ક્ષતિઓ દૂર કરવામાં આવે તો તે ખરેખર 'કાયમી વિશ્વ કેલેન્ડર' બનવાની ક્ષમતા ધરાવે છે. સરળ સમજ માટે આપણે અહીં એને અંગ્રેજી કેલેન્ડર તરીકે ઓળખીશું.

દુનિયાભરમાં નાગરિક હેતુઓ માટે અત્યારે જે અંગ્રેજી કેલેન્ડર વપરાય છે તેને મૂળભૂત રીતે ઈસાઈ ધર્મ સાથે કાંઈ જ સંબંધ નહોતો. એક મત પ્રમાણે આ કેલેન્ડર ઉત્તર યુરોપમાં અર્ધજંગલી અવસ્થામાં વસતી જાતિઓનું મૂળ પંચાંગ હતું. તેમનું વર્ષ વસંતઋતુના આરંભ પહેલાં ક્યારેક શરૂ થતું હતું. ઘણું કરીને માર્ચ ૧ થી ૨૫ સુધીમાં એ વર્ષના કુલ ૧૦ માસ તથા ૩૦૪ દિવસ હતા અને તે લગભગ ઉત્તરાયણ સમયે (ડિસેમ્બર ૨૫) પૂરું થતું. બાકીના ૬૧ દિવસો સુષુપ્તિ કાળના દિવસો ગણાતા હતા. આ કાળ દરમિયાન શિયાળાને લીધે કશું કામ થઈ શકતું નહિ અને તેથી તે દિવસો ગણનામાં લેવાતા ન હતા. રોમન નગરરાજ્યમાં પણ આજ પંચાંગ પહેલાં વપરાતું હતું. પરંતુ કેટલાક સુધારા કર્યા અને ઈ.પૂ. ૪૬ની સાલમાં જૂલિઅસ સીઝરે (Julius Caesar- 100-44 B.C.) તેને છેવટનું સ્વરૂપ આપ્યું. આ પ્રમાણે સુધારાયેલું પંચાંગ 'જૂલિઅન કેલેન્ડર' કહેવાયું.

અગાઉ જણાવ્યા પ્રમાણે ઉપર્યુક્ત કેલેન્ડરમાં શરૂઆતમાં માર્ચથી ડિસેમ્બર સુધીના ૩૦૪ દિનવાળા ૧૦ માસ હતા. આ મહિના ચાંદ્રમાસ (Lunar Months) હતા એમ નિશ્ચિત રીતે કહી શકાય. દંતકથા કાળના બીજા રોમન રાજા પોમ્પિલિઅસે (Pompilius) લગભગ ઈ.સ.પૂ. ૬૭૩ની સાલમાં કેલેન્ડરના બીજા બે માસ (૫૧) દિવસ ઉમેર્યા હોય એમ મનાય છે. આમ, વર્ષના કુલ દિન ૩૫૫ થયા. જાન્યુઆરી (બે તરફ મોઢાંવાળા દેવ જુનસના નામ પરથી) માસથી શરૂઆત થઈ અને તે પછી ફેબ્રુઆરી અને માર્ચ લેવાતાં માર્ચ ત્રીજો માસ થયો. મહિનાઓના દિન અનુક્રમે ૨૯, ૨૮, ૩૧, ૨૯, ૩૧, ૨૯, ૩૧, ૨૯, ૨૯, ૩૧, ૨૯, ૨૯ હતા. વર્ષનો ઋતુઓ સાથે મેળ બેસાડવા માટે ૨૨ કે ૨૩ દિનનો એક અધિક મહિનો (મર્શિડોનિઅસ નામનો માસ) જરૂરત પ્રમાણે બે કે ત્રણ વર્ષે ફેબ્રુઆરી અને માર્ચ વચ્ચે ઉમેરવામાં આવતો. હકીકતમાં આ અધિક માસ કોઈક વાર ૨૭ દિનનો તો કોઈક વાર ૨૮ દિનનો હતો, જે ફેબ્રુઆરીની ૨૩ની પછી ઉમેરવામાં આવતો. ફેબ્રુઆરીની છેલ્લી પાંચ તારીખો કે જે અધિક માસ પછી ગણતરીમાં લેવાવી જોઈતી હતી તે લેવાતી નહિ. અને પરિણામે અધિક માસ ૨૨ કે ૨૩ દિવસનો થઈ જતો. અધિક માસ દર એકાન્તર વર્ષે ઉમેરાયો હોત તો ચાર વર્ષમાં ૨૨ + ૨૩ = ૪૫ દિનનો ઉમેરો થાત એટલે કે સરેરાશ એક વર્ષમાં ૧૧૧/૪ દિન ઉમેરાયા હોત. આ રીતે વર્ષમાન ૩૬૬ ૧/૪ દિનનું થઈ જાત, જે ખરેખરી લંબાઈ કરતાં એક દિન



જેટલું વધારે છે. પરંતુ 'અધિક માસ' અવ્યવસ્થિત રીતે, કોઈ વાર બે વર્ષે તો કોઈ વાર ત્રણ વર્ષ પછી ઉમેરાતો હોવાથી વર્ષનો આરંભ ધીરે ધીરે ખસવા લાગ્યો હતો અને યોગ્ય ઋતુ શરૂ થતાં પહેલાં વર્ષનો આરંભ થઈ જતો હતો.

લગભગ ઈ.પૂ. ૪૫ની સાલ સુધી રોમન લોકોને વર્ષમાનની શુદ્ધ લંબાઈનો બહુ સ્પષ્ટ ખ્યાલ ન હતો. ઈ.પૂ. ૪૪ની સાલમાં જૂલિઅસ સીઝરે ઇજિપ્ત ઉપર વિજય મેળવ્યા બાદ ઇજિપ્તના ખગોળશાસ્ત્રી સોસિજીનીસની (Sosigenes) સલાહ પ્રમાણે પ્લુત વર્ષની (Leap Year) વ્યવસ્થા દાખલ કરી. આ ખગોળશાસ્ત્રીએ સૂચવેલું કે વર્ષમાનની લંબાઈ ૩૬૫ ¹/૪ દિનની ગણવી અને તેમ કરવા માટે સામાન્ય વર્ષની લંબાઈ ૩૬૫ દિનની રાખવી અને દર ચાર વર્ષે એક વધારાનો દિન દાખલ કરવો. મહિનાઓની લંબાઈ જેમ હતી તેમ રાખી પ્લુત વર્ષનો વધારાનો દિવસ માર્ચના કાલેન્દ્રસની પહેલાંના છઠ્ઠા દિનને બેવડાવીને મેળવવામાં આવ્યો. ઈ.પૂ.૪૪ની સાલમાં જૂલિઅસ સીઝરના માનમાં માર્ચથી પાંચમા આવતા માસ ક્વિન્ટિલિસનું નામ બદલીને જુલાઈ (જૂલિઅસ ઉપરથી) રાખવામાં આવ્યું. અને ઈ.પૂ.ની સાલમાં જૂલિઅસના વંશજ ઑક્ટેવિયસ સીઝર (Octavious Caesar) જે ઑગસ્ટના નામથી પણ ઓળખાતો તેના માનમાં છઠ્ઠા માસ સેક્સ્ટિલિસનું નામ બદલીને ઑગસ્ટ રાખવામાં આવ્યું. વળી, રોમન સરમુખત્યારોને ખુશ કરવા જુલાઈ તથા ઑગસ્ટ મહિનાઓના દિન ૩૧ કરવામાં આવ્યા અને તે માટે ફેબ્રુઆરીમાંથી બે દિવસ ઓછા કરવામાં આવ્યા. આ રીતે ફેબ્રુઆરીના ૨૮ દિન કરવામાં આવ્યા હતા, એવો એક ખ્યાલ પણ વ્યાપક રીતે પ્રવર્તે છે.

વર્ષારંભ ખસવાને કારણે ઈ.પૂ. ૪૬નું વર્ષ, સાચી ઋતુનાં આરંભ કરતાં ૯૦ દિવસ વહેલું શરૂ થતું હતું. આ કારણે પહેલાં ૨૩ દિનનો અધિક માસ ફેબ્રુઆરી પછી દાખલ કરીને પછી નવેમ્બર તથા ડિસેમ્બર વચ્ચે વધારાના ૬૭ દિન ઉમેરીને મહિનાઓને ઋતુઓના હિસાબે તેમના સાચા સ્થાને આણવામાં આવ્યા. આમ, ઉપર્યુક્ત વર્ષમાં કુલ ૪૪૫ દિવસ થયા. ઇતિહાસમાં આ વર્ષ 'ગોટાળાઓનું વર્ષ' (Year of Confusion) તરીકે જાણીતું થયું છે. પરંતુ સંપૂર્ણ પંચાંગ તો હજી ઘણું દૂર હતું. વર્ષારંભ શિશિર-સંપાતથી (Winter Solstice) એટલે કે ૨૫મી ડિસેમ્બરથી કરવાની સીઝરની ઇચ્છા હતી, પરંતુ લોકોએ તેનો વિરોધ કર્યો. કારણ કે ઈ.પૂ. ૪૫ની સાલના જાન્યુઆરીની ૧લી તારીખે અમાસ થવાની હતી. વળી, લોકો અમાસને શુકનવંતી ગણતાં હતાં. આમ, સીઝરને પણ રૂઢિગત મનાતી કોઈ ચાંદ્ર પરિઘટનાથી નવી ગણતરી શરૂ કરવાની લોકોની ઇચ્છાને અનુસરવું પડ્યું.

સીઝરે ખગોળશાસ્ત્રી સોસિજીનસની સલાહ પ્રમાણે પ્લુત વર્ષની (Leap Year) પ્રથા દાખલ કરી અમલમાં આણેલો સુધારો લગભગ ચોક્કસ હોવા છતાં ખગોળીય ગણિત પ્રમાણે ૩૬૫ દિવસ ઉપરાંત દિવસનો જે ભાગ - ૬ કલાક (૧/૪ દિવસ) ગણતરીમાં લેવાનું નક્કી કર્યું હતું, તે ખરેખર તો પૂરા ૬ કલાક ન હતા, પણ ૧૧ મિનિટ અને ૧૪ સેકન્ડ જેટલા ઓછા હતા. (સુધારા પ્રમાણે દિ. ૩૬૫-૦૬ ક.૦૦ મિ.૦૦ સે.- ખરેખર ઋતુવર્ષમાન દિ. ૩૬૫-૦૫ ક. ૪૮ મિ. ૪૬ સે. = ૧૧ મિનિટ ૧૪ સેકન્ડ).

ઉપર પ્રમાણેની ગણતરી ધ્યાનમાં લેતાં એવું થાય કે સામાન્ય વર્ષની શરૂઆત જરા વહેલી થયેલી ગણાય. એટલે કે સૂર્યે જે બિંદુથી પોતાની વાર્ષિક આકાશી યાત્રા શરૂ કરી તે બિંદુ પર નિયત સમયે પાછા ફરવાને બદલે તે ૬ કલાક વહેલો આવે. આ હિસાબે ૪ વર્ષ દરમિયાન વર્ષની શરૂઆત ૧ દિવસ વહેલી થાય. આ પરિસ્થિતિ નિવારવા માટે સીઝરે દર ૪થા વર્ષ ફેબ્રુઆરી મહિનામાં ૧ વધારાનો દિવસ ઉમેરવાનું નક્કી કર્યું, જેથી તે વર્ષના ૩૬૬ દિવસ થાય. એને પ્લુતવર્ષ કહેવામાં આવે છે.

આ સુધારો કરવા છતાં પણ જૂલિઅન કેલેન્ડર ક્ષતિરહિત બનતું નથી. જો દર ૪થા વર્ષે ૧ દિવસ વધારાનો ઉમેરીએ તો તે વર્ષે લગભગ પોણા કલાક જેટલો વધારે થાય, એટલે ત્યાર પછી જે નવું વર્ષ શરૂ થાય તે લગભગ ૪૫ મિનિટ મોડું શરૂ થાય અને આ ગણતરીએ સદી પૂરી થતાં વધારાનો સમય લગભગ પોણા દિવસ જેટલો થવા જાય. આ અનિયમિતતા ૪ સદીને અંતે એકઠી થઈ ૩ દિવસ જેટલી થવા જાય.

ખગોળીય ગણિત પ્રમાણે આ રીતે જે ક્ષતિ આવી તેનાથી ઊભી થતી વ્યાવહારિક મુશ્કેલીઓ ધ્યાનમાં આવતાં વાર ન લાગી. તેમાંય ખાસ કરીને ઈ.પૂ.૪૪ પછી થોડાક સમયમાં સીઝરનું ખૂન થયું અને લીપ યર જે દર ચોથા વર્ષે ગણાવવું જોઈતું હતું તે ભૂલથી દર ત્રણ વર્ષે ગણાતું રહ્યું અને એ ભૂલ ધ્યાન પર આવ્યા વિના ૩૬ વર્ષ સુધી ચાલી. આથી લીપ યરના ૯ દિવસને બદલે ૧૨ દિવસ ઉમેરવામાં આવ્યા. પહેલા રોમન સમ્રાટ ઑગસ્ટસે (Augustus - 63 BC - AD.14) આ ભૂલ સુધારી અને ઈ.પૂ. ૮ થી ઈ.સ. ૪ સુધીમાં જે વધારાના દિવસો ગણાઈ ગયા હતા તે ઓછા કર્યા. આમ કરવાથી દર વર્ષે .૨૫ જેટલો દિવસ વધારે થયો અને ભૂલ નજીવી થઈ. .૦૦૭૮ દિવસ જેટલી રહી. એટલે કે વર્ષમાં ૧૧ મિનિટ જેટલી જ ભૂલ રહી. આમ, જૂલિઅન કેલેન્ડર એના અસ્તિત્વમાં આવ્યા પછી કેટલાય દસકા બાદ લગભગ બરાબર બન્યું. કાળગણનાની દૃષ્ટિએ આવી ઘટનાઓ ખૂબ જ મહત્ત્વની હોવા છતાં પણ ભુલાઈ જાય છે.

જૂલિઅન સુધારા સમયે સૂર્ય વસંતસંપાત (Vernal / Spring Equinox) ઉપરથી પસાર થતો હતો. પણ ઈ.સ. ૩૨૫માં નાઈસ (Nicaes - Rome)ની કાઉન્સિલ મળી તે દરમિયાન તે ખસીને ૨૧મી માર્ચે આવ્યો જે વસંતસંપાતની ખરી તારીખ હતી. આ તારીખ ઇસ્ટર અને ક્રિશ્ચિયન ધર્મના નક્કી અને

ચલ, વર્ષ દરમિયાન આવતા તહેવારોની ગણતરી કરવામાં ખૂબ જ મહત્ત્વની હોવાથી તે કાયમ કરવામાં આવી.

ક્રિશ્ચિયન ધાર્મિક કેલેન્ડરમાં કેટલાક તહેવારો નક્કી થયેલી તારીખે ઉજવાય છે જ્યારે કેટલાક ચલ ઉત્સવો અઠવાડિયાના નક્કી કરેલા વાર પ્રમાણે ઉજવાય છે. આમાંના ઘણાખરા ઈસ્ટર પહેલાં કે તે પછી નિશ્ચિત સમયને અંતરે આવે છે. એક વાર કોઈ વર્ષનો ઇસ્ટર દિન નક્કી થઈ જાય એટલે બાકીના ચલ ઉત્સવોની તારીખો તરત જ નક્કી કરી શકાય છે. ઈ.સ. ૩૨૫માં નાઈસની કાઉન્સિલે ઇસ્ટર દિન નક્કી કરવા નીચેનો નિયમ સ્થાપ્યો છે - માર્ચની ૨૧મીએ કે ત્યાર પછી આવતી ચંદ્રની સુદ ૧૪ પછીના પહેલા રવિવારે ઇસ્ટર ગણવો. દર વર્ષે ઇસ્ટર ક્યારે આવશે તેના કોઠા, ચાંદ્રમાસની સરેરાશ લંબાઈના આધારે તૈયાર કરેલા હોય છે. પરંતુ ઉપરના નિયમને લઈને હવે એવી કોઈ ગણતરી અગાઉથી કરવાની રહેતી નથી. ઇસ્ટરની તારીખ પર આધાર રાખનારા મુખ્ય ઉત્સવોની વ્યવસ્થા નીચેના કોઠામાં દર્શાવી છે :

ઇસ્ટર (માર્ચ-એપ્રિલ) પહેલાંના દિવસ		ઇસ્ટર પછીના દિવસ	
સેપ્ટુઆ જેઝિમા સન્ડે	૬૩	લો સન્ડે	૭
ક્વિક્વાજેઝિમા સન્ડે	૪૯	રોગેશન સન્ડે	૩૫
એશ વેડનસડે	૪૬	એસેન્શન ડે	૩૯
ક્વોડ્રા જેઝિમા સન્ડે	૪૨	વ્હિટ સન્ડે	૪૯
પામ સન્ડે (જેરુસેલમમાં જીઝસનો પ્રવેશ)	૭	ટ્રિનિટી સન્ડે	૫૬
ગુડ ફ્રાઈડે (જીઝસનો વધ દિન)	૨	કોપર્સ ક્રિસ્ટી	૬૦

ક્રિશ્ચિયન ધર્મના અન્ય તહેવારો

એડવેન્ટ (પ્રથમ રવિવાર)	નવેમ્બર
ક્રિસમસ (નાતાલ) જીઝસનો જન્મદિવસ	૨૫ ડિસેમ્બર
નવું વર્ષ	૧ જાન્યુઆરી
એપીફની	ક્રિસમસ પછી ૧૨ દિવસ
ઈસ્ટર-સૅટરડે	માર્ચ-એપ્રિલ
ઈસ્ટર - સનડે (મૃત્યુ પછી ૩જા દિવસે જીઝસ ક્રાઈસ્ટનું પુનરુત્થાન)	માર્ચ-એપ્રિલ
એસેન્સન સનડે	મે માસ

આ બધા સુધારા કરવા છતાં પણ અગાઉની ભૂલ તો ચાલુ જ રહી અને ખગોળની ગણતરી અસ્તવ્યસ્ત કરતી રહી. નાઈસની કાઉન્સિલની ગણતરી પ્રમાણે વર્ષ (ઈ.સ.૩૨૫) ૭ દિવસ પાછળ હતું. અને ૧૬મી સદીમાં તો તે ભૂલ વધીને ૧૦ દિવસ જેટલી થઈ ગઈ અને વસંતસંપાતનો દિવસ ૧૧મી માર્ચે આવ્યો. પાનખરની શરૂઆત સપ્ટેમ્બરની ૧૧મીએ અને ટૂંકામાં ટૂંકો દિવસ ૧૧ ડિસેમ્બરે આવ્યો તથા લાંબામાં લાંબો દિવસ ૧૧મી જૂને આવ્યો. આ હકીકતથી જણાશે કે સીઝર ભલે એવો આદેશ કરે કે નવા વર્ષની શરૂઆત વસંતસંપાતથી ન કરવી જોઈએ, પણ વસંતસંપાત એ કુદરતની એવી ઘટના છે કે જેની અવગણના થઈ શકે નહિ.

હવે અઠવાડિયા અને મહિનાનાં નામ જે હાલમાં પ્રચલિત છે તે અંગે ટૂંકમાં જોઈએ. અઠવાડિયું એક મનુષ્ય કલ્પિત વિભાગ હોવાથી તેના દિવસો અમુક નિશ્ચિત સંખ્યાના હોવા જોઈએ એવું પણ નથી. 'અઠવાડિયું' શબ્દ આઠ દિવસનો ખ્યાલ આપે છે, નહિ કે સાત દિવસના સમાહનો. ઘણા દેશોમાં ૩થી માંડી આઠ દિવસનું અઠવાડિયું પણ હતું.

ઇજિપ્તમાં લોકોએ સાત દિવસનાં નામ સૂર્ય, ચંદ્ર અને પાંચ ગ્રહો - મંગળ, બુધ, ગુરુ (બૃહસ્પતિ), શુક્ર અને શનિનાં નામ ઉપરથી પાડ્યાં હતાં જે પાછળથી રોમન લોકોએ પણ અપનાવ્યાં હતાં. છતાં સૂર્ય-ચંદ્રને તેઓ ગ્રહો તરીકે જ ગણતા. આજે અઠવાડિયાના દરેક વાર માટે જે નામ વપરાય છે તે મૂળ તો રોમન લોકોના દેવતાઓનાં નામ ઉપરથી પાડવામાં આવ્યાં છે. અને તેમાંથી તે સેક્સન અને અંગ્રેજી ભાષામાં આવ્યાં.

ભારતીય	અંગ્રેજી	ગ્રહ	અંગ્રેજી નામ શાના ઉપરથી પડ્યાં
૧. રવિવાર	Sunday	Sun	Sun સૂર્ય
૨. સોમવાર	Monday	Mon	Moon ચંદ્ર
૩. મંગળવાર	Tuesday	Mars	Tiw યુદ્ધના રોમન દેવ
૪. બુધવાર	Wednesday		Mercury Woden મુખ્ય ટ્યૂટોનિક દેવ અથવા ઓડીન
૫. ગુરુવાર	Thursday		Jupiter Thar મેઘગર્જનાવાળા ટ્યુટોનિક દેવ
૬. શુક્રવાર	Friday	Venus	Frigg ઓડિનની પત્ની ફ્રિગ
૭. શનિવાર	Saturday	Saturn	Seterne શનિ

વર્ષના મહિના

નામ	દિવસ	કોના પરથી નામ પડ્યું
૧. જાન્યુઆરી	૩૧	જાનુસ-સ્વર્ગના દરવાજાના પહેરેગીર
૨. ફેબ્રુઆરી	૨૮/૨૯	ફેબ્રુઆલીઆ-પાપના પ્રાયશ્ચિત્ત માટે ઠરાવેલો બલિદાનનો દિવસ
૩. માર્ચ (પાર્શ્યસ-૩૧) ૧	૩૧	મંગળ, યુદ્ધદેવ, કદાચ એમ સૂચવે છે કે શિયાળાને લીધે બંધ રહેલું યુદ્ધ ફરીથી શરૂ કરી શકાય.
૪. એપ્રિલ (એપ્રિલિસ-૩૦) ૨	૩૦	એપરિર - ઊઘડવું (કળીઓ) માટેનો લેટિન શબ્દ

૫. મે (મેઈશ-૩૧) ૩૧ મેઈઆ - વનસ્પતિના વિકાસની
  ૩ દેવી
૬. જૂન (જુનિયસ-૩૦) ૩૦ જુવેનિસ - 'જુવાન' માટેનો
  ૪ લેટિન શબ્દ
૭. જુલાઈ (કિંવટીલિસ-૩૧) ૩૧ જૂલિઅસ સીઝર-રોમન
  ૫ સમ્રાટ
૮. ઓગસ્ટ (સેક્સ્ટૂલિસ-૩૦) ૩૧ ઓગસ્ટસ - રોમન
  ૬ સમ્રાટ
૯. સપ્ટેમ્બર (સેપ્ટમ-૩૦) ૩૦ સેપ્ટમ - 'સાત'ની સંખ્યા
  ૭ માટેનો લેટિન શબ્દ
૧૦.ઓક્ટોબર (ઓક્ટા-૩૧) ૩૧ ઓક્ટો-'આઠ' માટેનો
  ૮ લેટિન શબ્દ
૧૧.નવેમ્બર (નોવેમ-૩૦) ૩૦ નોવેમ - 'નવ'ની સંખ્યા
  ૯ માટેનો લેટિન શબ્દ
૧૨.ડિસેમ્બર (ડેસીમ-૩૦) ૩૧ ડિસેમ - 'દસ'ની
  ૧૦ સંખ્યા માટેનો લેટિન શબ્દ
કુલ દિવસ ૩૬૫/૩૬૬ લીપ યર

(પહેલાંનું રોમન વર્ષ ૧૦ મહિનાનું ૩૦૪ દિવસનું માર્ચથી શરૂ થતું હતું, જેથી સપ્ટેમ્બર એટલે સાતમો મહિનો અને એ પ્રમાણે આગળ. મહિનાનાં જૂનાં નામ - દિવસો કૌંસમાં દર્શાવ્યાં છે.)

નીચેના જોડકણાથી મહિનાઓના દિવસ સરળતાથી યાદ રહી શકશે :

૩૦ દિવસ છે સપ્ટેમ્બર, એપ્રિલ, જૂન ને નવેમ્બર,
બીજા બધા ૩૧, અપવાદ છે ફેબ્રુઆરી,
નિયમ મુજબ ૨૮, લીપયરમાં ૨૯.
30 days have September, April, June and November
All the rest have 31, Excepting February alone
Which has but 28 days clear
and 29 in each leap year)

અગાઉ જણાવ્યા પ્રમાણે વસંતસંપાતની સમયાંતરે બદલાતી રહેતી તારીખ ખગોળીય-કેલેન્ડરમાં અવ્યવસ્થા ઊભી કરતી. આ સંબંધમાં સૌથી વધુ ચિંતિત થયેલા માણસોમાં રોજર બેકન (Roger Bacon) એક હતો. તેણે પોપ કલેમેન્ટ ચોથાનું આ બાબતમાં ધ્યાન દોર્યું. પરંતુ પોપ પર તેની કંઈ અસર ન થઈ. પોપ સિક્ષટસ ચોથાને (ઈ.સ. ૧૪૭૧-૧૪૮૪) લાગ્યું કે કેલેન્ડરમાં સત્વરે કંઈ સુધારા કરવાની જરૂરિયાત ઊભી થઈ છે, તેથી તેણે જર્મન ખગોળશાસ્ત્રી રેગીઓમોન્ટાનસને (Regiomontanus) સલાહ માટે રોમ બોલાવ્યો. અને તે ઈ.સ. ૧૪૬૫માં રોમ આવ્યો પણ ખરો, પરંતુ કમનસીબે ત્યાં નિયમિત રીતે આવતા પ્લેગનો બીજા જ વર્ષે ભોગ બન્યો અને મરી ગયો. પોપ પોતે રોગમાંથી બચી ગયા પણ તેમણે કરવા ધારેલા સુધારા રેગીઓમોન્ટાનસની સાથે જ દફનાઈ ગયા.

કેલેન્ડરની રચનામાં આવતા આવા ફેરફારો એટલા બધા દેખીતા હતા કે તે તરફ આંખમીંચામણાં કરવાનું શક્ય ન હતું. મધ્યયુગ દરમિયાન ઘણા નિરીક્ષકોએ તે ફેરફારો બતાવ્યા હતા અને તેના ઉપાય કરવા માટે પ્રયત્નો પણ કર્યા હતા. જોકે આ માટે એ અગત્યનું હતું કે જૂલિઅન કેલેન્ડરમાં ચોક્કસ રીતે કેટલી ભૂલ હતી તે નક્કી કરવાની અને તે સાથે તે ભૂલ સુધારવા માટે વ્યાવહારિક રીતે શાં પગલાં લેવાં જોઈએ તે જાણવાની જરૂર હતી. પરંતુ સુધારો કરવામાં જે મુખ્ય મુશ્કેલી હતી તે તેને સુધારવાનાં પગલાં લેવાની હતી. કારણ કે ગણતરીમાં કેટલી ભૂલ હતી તે તો ચોક્કસ કરવામાં આવી હતી. ઈ.સ. ૭૩૦માં એક ઍંગ્લોસેક્શન સાધુ બેડેએ (Menk Bede) જાહેર કર્યું હતું કે જૂલિઅન કેલેન્ડર પ્રમાણે ૩૬૫ ૧/૪ દિવસનું ગણતરીમાં લેવાતું વર્ષ કુદરતી વર્ષ કરતાં ૧૧ મિનિટ ૧૪ સેકન્ડ વધારે લાંબું રહી ગયું છે. અને દરેક ૧૨૮ વર્ષના ગાળામાં વિષુવદિન ૧ દિવસ પાછો જાય છે. આ હકીકત ધ્યાનમાં આવવા છતાં ત્યાર પછીનાં ૮૦૦ વર્ષ સુધી તે સબંધી કંઈ પણ કરવામાં આવ્યું નહિ.

જૂલિઅન કેલેન્ડરમાં સુધારા કરવાની અગત્ય પર સતત ભાર મૂકવામાં આવતો હતો અને તેમાંય ખાસ કરીને ક્રિશ્ચિયન ચર્ચના સત્તાવાળાઓ તરફથી જેમન ક્રિશ્ચિયન ધર્મનું ધાર્મિક કેલેન્ડર તૈયાર કરવા માટે એની ખાસ જરૂર હતી. આ બાબત ચર્ચવા માટે કોન્સ્ટન્સ, બાઝલે, લેટરન (રોમન શહેરો)માં ઈ.સ. ૧૫૧૧માં કાઉન્સિલો મળી હતી અને છેવટે ટ્રેન્ટમાં મળેલી કાઉન્સિલની છેલ્લી બેઠકમાં (ઈ.સ.૧૫૬૩) પોપનું ધ્યાન ખેંચાયું.

જૂલિઅન કેલેન્ડર આખા રોમન સામ્રાજ્યમાં વપરાતું હતું. ક્રિશ્ચિયન ધર્મના આગમન બાદ પણ તે ટકી રહ્યું હતું અને બહુ પ્રચલિત હોવાથી ૧૫૦૦ ઉપરાંત વર્ષો સુધી ઉપયોગમાં લેવાતું રહ્યું. પરંતુ ક્રિશ્ચિયન લોકોએ તેમના પોતાના તહેવારો જે મૂળે યહૂદી હતા તે તેમાં દાખલ કર્યા. આ માટે તેમને ચાંદ્ર અને સૌર માસ અને અઠવાડિયાના દિવસોની ગણતરી કરવાની જરૂર રહેતી.

અત્યારે ચાલતો ક્રિશ્ચિયન ઈસ્વીસન બહુ મોડો વપરાશમાં આવ્યો હતો. ઈ.સ. ૫૩૦ના અરસામાં સિરિયન બિશપ ડાયોનીલિયસ એકઝીગુસે (Bishop Dionysius Exiguss) કરેલાં સંશોધનથી જીઝસ ક્રાઈસ્ટનું જન્મવર્ષ નક્કી થતાં તે જન્મવર્ષથી ઈસ્વીસનની રજૂઆત કરવાનું ઠરાવવામાં આવ્યું. તે વર્ષના દિને જૂલિઅન કેલેન્ડર પ્રમાણે ૨૫મી ડિસેમ્બર, ઉત્તરાયણનો દિવસ હતો તેથી જીઝસ ક્રાઈસ્ટનો જન્મદિવસ ૨૫મી ડિસેમ્બર સારાય વિશ્વમાં ક્રિસમસ (Christmas) તરીકે ઉજવાય છે. પાછળથી અંકારાના એક રોમન શિલાલેખની

શોધ થતાં માલૂમ પડ્યું કે જેણે નિર્દોષોની કત્લનો હુકમ આપ્યો હતો તેં બાઈબલમાં આવતો રાજા હિરોડ (King Hirod) તો ઈ.સ. ૧ની સાલથી ચાર વર્ષ પહેલાં ગુજરી ગયો હતો. તેથી જીઝસ ક્રાઈસ્ટનો જન્મ ઈ.પૂ. ૪ અગર તે પહેલાં થયો હોવો જોઈએ. ઈસ્વીસનમાં દર્શાવાતી સંજ્ઞાઓ A.D. (Armo Domini - The Year of the Lord) જીઝસ ક્રાઈસ્ટના જન્મથી ગણાતી અને B.C. (Before Christ) તેમના જન્મ પહેલાંની ગણાતી સન સૂચવે છે.

ગ્રેગોરીઅન કેલેન્ડર

અગાઉ જોઈ ગયા તેમ ૩૬૫.૨૫ દિવસનું જૂલિઅન વર્ષ ખરેખરા વર્ષમાન કરતાં ૧૧ મિનિટ ૧૪ સેકન્ડ વધારે લાંબું હતું. તેથી ઈ.સ. ૩૨૫માં ડિસેમ્બરની ૨૧મીએ થયેલું ઉત્તરાયણ ઈ.સ. ૧૫૮૨માં ૧૦ દિવસ મોડું થયું. આથી નાતાલના દિવસનો ઉત્તરાયણ સાથેનો સંબંધ તૂટી જતો જણાયો અને ઈસ્ટરની ઉજવણીમાં પણ તેવી જ જાતનો તફાવત જણાવા લાગ્યો. આ ભૂલ સુધારવા જુદી જુદી અનેક યુક્તિઓ સૂચવવામાં આવી હતી.



પોપ ગ્રેગરી ૧૩

ઈ.સ. ૧૫૪૫માં ભરાયેલી ટ્રેન્ટની કાઉન્સિલે આ બાબતમાં પોપને નિર્ણય લેવાની સત્તા આપી હતી. પોપ ગ્રેગરી ૧૩મા (Pope Gregory XIII - 1572-85 A.D.) ના ધ્યાનમાં કેલેન્ડરમાં ચાલી આવતી ભૂલ આવી. આ અંગે એમણે કેલેન્ડરમાં સુધારા કરવા માટે જે સૂચનો આવ્યાં હતાં તે બધાં વિચારી જોયાં. આ અંગેના અભ્યાસ માટે તેમણે ઈ.સ. ૧૫૮૨માં એક કમિશન નીમ્યું અને તેને તમામ માહિતી પૂરી પાડવા વેટીકનસિટીમાં એક વેધશાળા પણ સ્થાપી. મોટા ભાગનું આંકડાકીય અને ખગોળવિષયક કામ ફાધર ક્રિસ્ટોફર ક્લેવિઅસ એસ. જે. (Father Chriastopher Clavius S.J.)એ કર્યું હતું.

તત્કાળ કરવાના સુધારામાં ફાધર ક્લેવિઅસે સૂચવ્યું કે ૧૫૮૨માં આવતી ગુરુવાર ઑક્ટોબર ૪થી તારીખને જૂલિઅન કેલેન્ડરનો છેલ્લો દિવસ ગણવો અને બીજે દિવસે આવતા શુક્રવારને ૧૫મી ઑક્ટોબર ૧૫૮૨ ગણવી. આથી કેલેન્ડરની ગણતરીમાં જે ૧૦ દિવસની ભૂલ એકઠી થઈ હતી તે નીકળી ગઈ. આ અંગે પોપનું ફરમાન (Papal Bull) પણ બહાર પાડવામાં આવ્યું હતું.

લાંબા સમય સુધી કેલેન્ડરની ગણતરીમાં ચોકસાઈ જળવાઈ રહે તે માટે વેટીકનના લાઈબ્રેરિયન અલોઇસિયસ લિલિઅસે (Aloysius Lilius) લીપ યરની ગણતરીમાં ફેરફાર કરવાની સૂચનાનો પણ અમલ કર્યો.

જૂલિઅન કેલેન્ડર પ્રમાણે ૪૦૦ વર્ષે ૩ દિવસની ભૂલ થતી હોવાને કારણે પોપ ગ્રેગરીએ એવું પણ ઠરાવ્યું કે ૪૦૦ના ગુણાંક ન હોય એવા સૈકાનાં બધાં જ વર્ષોની અંદરથી ૨૯મી ફેબ્રુઆરીનો ૧ દિવસ કાઢી નાખવો અગર જે સૈકાઓના વર્ષના પહેલા બે અંકોને ૪ વડે ભાગી શકાય એવાં વર્ષોને જ લીપ યર ગણવાં. આ સુધારાથી ૪૦૦ વર્ષમાં લીપ યરની સંખ્યા ૧૦૦ને બદલે ૯૭ની થઈ ગઈ. આમ, ૧૬૦૦ના વર્ષમાં ફેબ્રુઆરી ૨૯ દિવસનો ગણાય પણ ૧૭૦૦, ૧૮૦૦ અને ૧૯૦૦ના વર્ષમાં ન ગણાય અને ૨૦૦૦નું વર્ષ પાછું ફેબ્રુઆરીના ૨૯ દિવસવાળું થાય અને તે પ્રમાણે આગળ.

આ સુધારાના પરિણામે કેલેન્ડર-સુધારણાનાં બધાં જ ધ્યેય હાંસલ કરી શકાયાં. એક તો અત્યાર સુધી એકઠી થયેલી ૧૦ દિવસની ભૂલ આપમેળે જ નીકળી ગઈ, બીજી વસંતસંપાત ઈ.સ. ૧૫૮૩માં બરાબર ૨૧મી માર્ચે આવી ગયો, જેથી ઋતુઓ, ક્રિસમસ અને ઈસ્ટરના તહેવારોનો એની સાથે સંબંધ જળવાઈ રહ્યો અને છેલ્લે વર્ષમાન ખૂબ જ ચોકસાઈની નજીક લાવી શકાયું જે અંગે હવે જોઈએ.

જૂલિઅન કેલેન્ડરમાં ૪૦૦ વર્ષોમાં ૧૦૦ લીપ યર આવે અને વર્ષોના કુલ દિવસ ૧૪૬/૧૦૦ આવે. ગ્રેગોરીઅન કેલેન્ડર પ્રમાણે તેટલાં જ વર્ષોમાં ૯૭ લીપ યર આવે અને કુલ દિવસ ૧૪૬.૦૯૭ થાય. ઋતુવર્ષમાન પ્રમાણે ૪૦૦ સૌરવર્ષમાં Solar Year) ૧,૪૬,૦૯૬.૮૮ દિવસ આવે. જ્યારે જૂલિઅન કેલેન્ડર પ્રમાણે ઋતુવર્ષમાન સાથે ૩.૧૨ દિવસના વધારા જેટલો તફાવત આવે ત્યારે ગ્રેગોરીઅન કેલેન્ડર સાથે તે તફાવત ઘટીને ફક્ત ૧૨ દિવસ જેટલો આવે. ખગોળનું આ ગણિત વધુ સરળતાથી સમજવા પ્રયત્ન કરીએ.

કેલેન્ડર	૪૦૦ વર્ષમાં આવતાં વર્ષો-દિવસો લીપ યર સામાન્ય વર્ષ	ઋતુવર્ષમાન પ્રમાણે ખરા દિવસ	તફાવત
જૂલિઅન	૧૦૦x૩૬૬+૩૦૦= ૧,૪૬,૧૦૦	૧૪૬.૦૯૬.૮૮+૩.૧૨	
ગ્રેગોરીઅન	૯૭x૩૬૬+૩૦૩x૩૬૫ = ૧,૪૬,૦૯૭	૧૪૬.૦૯૬.૮૮+૩.૧૨ ૧૪૬.૦૯૬.૮૮+૦.૧૨ ૧૪૬.૦૯૬.૮૮	

ગ્રેગોરીઅન કેલેન્ડર પ્રમાણે સરેરાશ વર્ષ

			દિ.	ક.	મિ.	સે.
(૧૪૬.૦૯૭+૪૦૦)	૩૬૫.૨૪૨૫ દિવસ	=	૩૬૫	૦૫	૪૯	.૧૨
ઋતુવર્ષમાન	૩૬૫.૨૨૨૨ દિવસ	=	૩૬૫	૦૫	૪૮	.૪૬
	તફાવત	+	૦	૦૦	૦૦	.૨૬

આમ આવતો .૨૬ સેકન્ડનો તફાવત ૧૦૦ વર્ષે ૦.૫૩ સેકન્ડ જેટલો વધશે કારણ કે સૌરવર્ષ ધીમે ધીમે ટૂંકું થતું જાય છે. અને આ ભૂલ ૧ દિવસ જેટલી થવા માટે ૩૫૦૦ વર્ષ વીતવાં જોઈએ અને કોઈકે કહ્યું છે તેમ એટલાં વર્ષોમાં તો માણસજાતને તે ભૂલ સુધારવા માટે પૂરતો સમય મળી રહેશે. આ માટે કોઈએ એમ પણ સૂચવ્યું છે કે, ઈ.સ. ૪૦૦૦ નું વર્ષ અને એનાં ગુણાંકવાળાં દરેક વર્ષને (એટલે કે ૮૦૦૦, ૧૨૦૦૦ વગેરેને) લીપ યર ન ગણતાં તેના ફેબ્રુઆરીના ૨૮ દિવસ ગણવા.

જૂલિઅન કેલેન્ડરમાં મહિનાઓની તારીખ અને અઠવાડિયાના દિવસો એકબીજા સાથે સંકળાયેલા હતા તેથી દર ૨૮ વર્ષે કેલેન્ડરનું પુનરાવર્તન થતું એટલે એટલા ગાળામાં એ જ તારીખે એનો એ જ દિવસ પાછો ફરીથી આવે. પણ ઉપર પ્રમાણે કરાયેલા સુધારાઓને પરિણામે આવું પુનરાવર્તન ૪૦૦ વર્ષ પછી પૂરા પૂર્ણાંક અઠવાડિયાં થવાથી થશે. આમ, ૪૦૦ વર્ષનો ગાળો તપાસવાથી કોઈ પણ દિવસે કઈ તારીખ આવશે તે આપણે નક્કી કરી શકીશું. આ સિદ્ધાંત આધારિત કાયમી કેલેન્ડર અગાઉ 'કુમાર'માં અપાઈ ગયું છે.

વિજ્ઞાનની વાત પતી ગઈ. હવે એનું સ્થાન વહેમ લે છે. વહેમની દૃષ્ટિએ લોકો શુક્રવાર અને ૧૩મી તારીખને ખૂબ અશુભ ગણે છે. ૪૦૦ વર્ષના કાળમાં કોઈ પણ મહિનાની ૧૩મી તારીખ રવિવારે ૬૮૭ વાર, સોમ અને મંગળવારે ૬૮૫ વાર, બુધવારે ૬૮૭ વાર, ગુરુ અને શનિવારે ૬૮૪ વાર આવે છે. પરંતુ શુક્રવારે ૬૮૮ વાર આવે છે! એટલે બીજા કોઈ દિવસ કરતાં શુક્રવારના દિવસે ૧૩મી તારીખ વધારે વાર આવે છે.

ઐતિહાસિક રીતે જોતાં આ સુધારા ઘણા મોડા આવ્યા. ઈ.સ. ૧૫૮૨ના અરસામાં યુરોપના મોટા ભાગના વિસ્તારો પ્રોટેસ્ટન્ટ બની ગયા અને સમજપૂર્વકના સાચા સુધારા અને કટ્ટર ધાર્મિક પૂર્વગ્રહોની વચ્ચે ગજગ્રાહ જામ્યો. પ્રોટેસ્ટન્ટ રાજ્યો પોપના સુધારાને માન્ય રાખવા કરતાં સૌરવર્ષની ગણતરી જતી કરવા તૈયાર થયાં. ઈ.સ. ૧૫૮૨માં બધા જ પ્રોટેસ્ટન્ટ રાજાઓએ પોપના આદેશની અવગણના કરવાનું પસંદ કર્યું અને જૂલિઅન કેલેન્ડર પ્રમાણે ગણતરી ચાલુ રાખી.

ઈ.સ.૧૬૯૮માં જર્મન પ્રોફેસર એરહાર્ડ વીગલે (Prof. Erhard Weigel) જર્મન અને હોલેન્ડના પ્રોટેસ્ટન્ટ રાજવીઓને નવી ગણતરી પ્રમાણે ચાલવાનું સમજાવ્યું. તેમણે નમતું જોખવામાં સમય લીધો અને ઈ.સ. ૧૭૦૦ સુધીમાં ડેન્માર્ક, હોલેન્ડ અને પ્રોટેસ્ટન્ટ જર્મનીએ ગ્રેગોરીઅન કેલેન્ડરનો સ્વીકાર કર્યો. ઇંગ્લંડ અને અમેરિકન સંસ્થાનો ઈ.સ.૧૭૫૨ સુધી જૂની પ્રથાને વળગી રહ્યાં. રોમથી જે કંઈ આવે તેનો વિરોધ જ કરવો એવો પૂર્વગ્રહ છોડવો પડ્યો અને છેવટે ઈ.સ. ૧૭૫૨માં ગુરુવાર ૩જી સપ્ટેમ્બરને બદલે ૧૪મી સપ્ટેમ્બર ગણીને ૧૧ દિવસ કેલેન્ડરમાંથી ઓછા કર્યા અને નવા ગ્રેગોરીઅન કેલેન્ડરનો સ્વીકાર કર્યો. આને લીધે લંડનમાં હુલ્લડો થયાં અને લોકોનાં ટોળાં સૂત્રો પોકારતાં કે 'અમને અમારા ૧૧ દિવસ પાછા આપો'. (Give us back our eleven days.)

ફ્રાન્સમાં નાપોલિયનની હકૂમત દરમિયાન ચાલતું ફ્રાન્સનું પ્રજાસત્તાક કેલેન્ડર પડતું મૂકવામાં આવ્યું અને જાન્યુઆરી ૧, ૧૮૦૬ના રોજ ગ્રેગોરીઅન અપનાવવામાં આવ્યું. સોવિયેટ યુનિયનમાં (રશિયામાં) પરિસ્થિતિ વધારે ખરાબ હતી. ત્યાંનું રશિયન ઑર્થોડોક્સ ચર્ચ ભૂલોવાળા જૂલિઅન કેલેન્ડરને વળગી રહ્યું હતું. સામ્યવાદી ક્રાન્તિ થયા પછી તેઓએ ૧૩ દિવસ જતા કર્યા અને ફેબ્રુઆરી ૧, ૧૯૧૮ને ફેબ્રુઆરી ૧૪મી તારીખ ગણી અને એ રીતે તેમના કેલેન્ડરને સમગ્ર યુરોપના કેલેન્ડર સાથે એક કર્યું. તે કારણથી 'ઑક્ટોબર ક્રાન્તિ - (October Revolution) રશિયા આજે ૭મી નવેમ્બરે ઊજવે છે. ત્યાર પછી ઈ.સ. ૧૮૭૩-૧૯૧૭ના ગાળામાં જાપાન, ચીન, બલગેરિઆ, રૂમેનિઆ, યુગોસ્લાવિઆ, ઇજિપ્ત અને વખત જતાં વિશ્વના બધા જ દેશોએ ગ્રેગોરીઅન કેલેન્ડર અપનાવી લીધું.

આજે વ્યાપારવણજ, રાજકીય બાબતો અને સામાજિક પ્રસંગો માટે તેનો ઉપયોગ થાય છે. ધાર્મિક જૂથો તેઓના ધાર્મિક તહેવારો તેમના પોતાના કેલેન્ડરને આધારે નક્કી કરે છે. કદાચ એમાંનાં બેનો ઉલ્લેખ અહીં કરવો યોગ્ય ગણાશે : એક હિંદુ અને બીજું મુસ્લિમ કેલેન્ડર.

આધુનિક સૂચનાઓ કેલેન્ડરને 'વધારે સારું' બનાવવાના આશયથી નહિ પણ વ્યાપારી હેતુઓ વધારે સારી રીતે પાર પાડે એ માટે કરવામાં આવે છે. વર્ષના ૩૬૫ દિવસને બરાબર સરખા અર્ધા કે પા ભાગમાં વહેંચી શકાતા નથી. મહિનાના દિવસો પણ ગમે તેમ ગોઠવાયેલા છે; મહિનાઓની શરૂઆત કે અંત અઠવાડિયાની વચ્ચે આવે છે. તારીખને આધારે નક્કી કરેલા તહેવારો અઠવાડિયામાં ગમે ત્યારે આવે છે. બીજી કોઈ પણ રીતે નક્કી કરેલો તહેવાર, જેમ કે ઈસ્ટર, ૭૫ જેટલી શક્ય તારીખોએ આવી શકે છે.

ગ્રેગોરીઅન કેલેન્ડર ખગોળશાસ્ત્રની સાથે સારો એવો મેળ જાળવે છે, તેમ છતાં તેમાં ઘણી બધી ત્રુટીઓ છે. વળી, દર વર્ષે નવું કેલેન્ડર જોવું પડે છે; ખરી રીતે તો કેલેન્ડર બધાં જ વર્ષો માટે એકસરખું હોય એ આવકારદાયક છે.

કેલેન્ડરની આ કહાની વાંચતાં જણાશે કે મામૂલી લાગતા આ 'તારીખિયા'ને હાલના વિશ્વમાન્ય સ્વરૂપમાં આવતાં હજારો વર્ષની લાંબી મજલ કાપવા ઉપરાંત ખૂબ જ આકરી કસોટીઓમાંથી પસાર થવું પડ્યું છે અને છતાંય તે સંપૂર્ણ રીતે ક્ષતિરહિત તો છે જ નહિ! ટૂંકમાં, કેલેન્ડરની રચના મનુષ્યના ૩૦૦૦થી

વધુ વર્ષોના પ્રયત્નોની કુદરત સાથે સુંદર સમન્વય સાધતી, દિવસોના અપૂર્ણાંકોને પણ પૂર્ણાંકમાં ફેરવવાની આવડત અને સારાયે વિશ્વને સાંકળી લેતી એક અદ્ભુત સિદ્ધિ અને અણમોલ ભેટ છે.

વિશ્વ કૅલેન્ડર

ઈ.સ. ૧૮૩૪માં ઈટાલીના એક ધર્મગુરુ માર્કો મેસ્ટ્રોફીનીએ (Marco Mastrofini) એવું સૂચન કર્યું હતું કે, દરેક વર્ષમાંથી ૧ દિવસ કાઢી લેવો. તેને રજાનો દિવસ ગણવો અને તેને અઠવાડિયાનો દિવસ ગણવો નહિ. એમ કરવામાં આવે તો દરેક વર્ષ જાન્યુઆરીની ૧લીએ રવિવારના રોજથી શરૂ થાય. લીપ યરના વધારાના દિવસને પણ એમ જ કરવું એટલે લીપ યરના વર્ષને અંતે રજાના બે દિવસ આવે.

એક દાયકા બાદ ફિલસૂફ ઑગસ્ટે કોમ્ટેએ (August Comte) ૩૬૪ દિવસના વર્ષનું સૂચન કર્યું અને જે એક ૧ દિવસ વધે તેને વર્ષનો દિવસ કહેવો (Year Day).

ભારતે ઈ.સ. ૧૯૫૩ના ઑક્ટોબરમાં 'યુનો' (UNO) સમક્ષ વિશ્વ કૅલેન્ડરની એક યોજના રજૂ કરી. 'યુનો'ની જૂન-જુલાઈમાં જિનિવામાં મળેલી ઈકોનોમિક ઍન્ડ સોશ્યલ કાઉન્સિલ (Unesco) સમક્ષ પ્રો. એમ.એન. સહાએ રજૂ કરેલી યોજના ઉપર ચર્ચાવિચારણા કરવામાં આવી હતી અને ફરી એપ્રિલ ૧૯૫૬માં રજૂ કરવામાં આવી હતી પણ તેને કાઉન્સિલની સંમતિ મળી નહિ. આ નિર્ણય લેવાનું મુખ્ય કારણ એ હતું કે તેમાં જે વધારાના દિવસ કાઢી નાખવાનું સૂચન હતું તેથી અઠવાડિયાની સળંગસૂત્રતા તૂટતી હતી અને તેની અસર ધાર્મિક તહેવારો, ઉત્સવો પર પડતી હોવાથી ક્રિશ્ચિયન ચર્ચ અને તેમાંય ખાસ કરીને જ્યૂઈશ ધાર્મિક કાઉન્સિલને સૂચિત સુધારા અસ્વીકાર્ય હતા અને દેખીતી રીતે જ દુનિયાના મોટા ભાગને તે સ્વીકાર્ય ન હતા.

ત્યાર પછી દુનિયાના કોઈ પણ ભાગમાંથી કૅલેન્ડર સુધારવાના કોઈ સફળ પ્રયત્નો થયા નથી. જો કે હમણાં ભારતના કૉમોડર એસ.કે. ચેટરજીએ [Commoder S.K. Chatterjee (A.V.S.M.)] ગ્રેગોરીઅન કૅલેન્ડર વિશ્વવ્યાપી બને તે માટે કેટલીક વૈજ્ઞાનિક રીતો અને ઉપાયોનું સૂચન કર્યું છે. કૉમોડર ચેટરજી ભારતના એક અગ્રગણ્ય કૅલેન્ડર - ખગોળગણિતના (Calendric Astronomy) નિષ્ણાત છે. ભારત સરકારે એમની અનેકવિધ સિદ્ધિઓને બિરદાવી અતિવિશિષ્ટ સેવા મેડલ A.V.S.M. આપ્યો છે. તેમણે ગ્રેગોરીઅન કૅલેન્ડર સ્વીકારવામાં આડે આવતી જુદી જુદી ક્ષતિઓ અને અંતરાયો દૂર કરવાનું કપરું કાર્ય સફળતાથી પાર પાડ્યું છે. એમના 'કાયમી વિશ્વ કૅલેન્ડર - એક નૂતન અભિગમ' વિષે આપણે અનુકૂળતાએ જાણવા પ્રયાસ કરીશું. ભારત સરકારના પબ્લિકેશન ડિવિઝન્સ નવી દિલ્હીએ તેમનું પુસ્તક 'Indian Calandric System' તાજેતરમાં પ્રકાશિત કર્યું છે. □

અનુ.] એક ઐતિહાસિક... પ્રસંગ [પૃ.૧૨થી

કાપડના ઢગલા ઉપર ગ્યાસતેલ છાંટીને ગાંધીજીના હાથે જ દીવાસળી ચાંપવામાં આવી. ખલાસ! ભડભડ કરતું કાપડ બળી ગયું. બીજા દિવસ સુધી પણ તેની રાખ ઠંડી નહોતી થઈ. એવું કાંઈક યાદ આવે છે કે, તેમાંથી આશરે ૫૦૦ તોલા ચાંદી મળી હતી; કારણ વિદેશી કાપડમાંનો મોટો ભાગ ઝરી ને કસબનો હતો. આ બધી ચાંદી ગાંધીજીને હરિજનોના ઉદ્ધાર માટે આપવામાં આવી હતી.

આ બધી વાતો ૧૯૩૧ થી '૩૩ના ગાળાની છે. ગાંધીજીની આ અસર અમારા કુટુંબમાં માતૃપક્ષે ઘણી હતી. ૧૯૪૨માં 'હિંદ છોડો'ની ચળવળ વખતે અમદાવાદમાં પ્રથમ શહીદ બનનાર પણ મારા મામા વિનોદ કિનારીવાળા, જેની ખાંભી ગુજરાત કૉલેજમાં છે. આ વખતે આખા કુટુંબમાં ગાંધીજીની ચળવળની ધારી અસર હતી. એક મામા શહીદ અને બીજા ત્રણ મામા જેલમાં, માસી જેલમાં અને હું પણ જેલમાં. મારાં નાનાં નાનાં ભાઈ-બહેન પણ વાતાવરણને સમજી ગયાં હતાં. તેઓ પણ ખાનગી રીતે ઘેરઘેર કૉંગ્રેસ પત્રિકા પહોંચાડવાનું કામ કરતાં.

બાળપણના ગાંધીજી સાથેના અને વાતાવરણની અસર હેઠળના મારા કેટલાક પ્રસંગો-અનુભવો અહીં રજૂ કર્યા છે. ગાંધીયુગની અસર કુટુંબમાં બરાબર જામેલી હતી અને એ અસર હેઠળ એક બાળક તરીકે મારો પણ વિકાસ થતો હતો. આ તમામ અસરમાંથી પહેલો પાઠ શીખવા મળ્યો તે ત્યાગ અને સંયમનો. ૧૯૩૮થી અમે ભાંડરડાં મોસાળમાં રહીને શિક્ષણ અને સંસ્કાર મેળવતાં હતાં. ૧૯૩૮માં માતાના મૃત્યુ બાદ મોસાળે અમારો હાથ પકડ્યો અને અમે પાંચે ભાઈ-બહેનો મોસાળને કારણે સારું શિક્ષણ પામીને પરદેશ પણ અભ્યાસાર્થે જઈ શક્યાં. આજે ત્રણ ભાઈ અને એક બહેન પરદેશમાં છે. બીજો પાઠ કે અસર મારામાં આવી સાદાઈ અને સ્વચ્છતા. કોઈનું પણ કામ કરી છૂટવાના પાઠ તો મોસાળમાં બાળપણથી જ મળેલા હતા. તેથી કોઈની 'સેવા' કરવી તે માટે કાંઈ મુશ્કેલી પડતી નહીં, અને છેલ્લે 'સત્ય'ની કિંમત સમજાઈ. આ રીતે સમગ્ર કુટુંબ ગાંધીજી પાસેથી સત્યના પાઠ શીખ્યું. જીવનનાં પાછલાં વર્ષો તરફ આજે હું જ્યારે નજર કરું છું ત્યારે જરૂર એમ થાય છે કે પ્રાથમિક શાળાના અભ્યાસકાળ દરમિયાન જીવનને ઉપયોગી એવા ત્યાગ, સેવા, સંયમ, સત્ય ને સાદાઈના પાઠ મને શીખવા મળ્યા અને તે જ ગુણો મારા વિકાસને અજવાળી રહ્યા છે. તેને હું મારું અહોભાગ્ય સમજું છું. □

આવો, શીખીએ અંગ્રેજી (૧૭)

— ધનુભાઈ મહેતા —

પ્રેપઝિશન્સ 'between', 'among', 'beside', 'besides', 'for', 'sine', 'after', 'before', 'behind', 'beyond', 'ago', 'through', 'across', 'along', 'up', 'till', 'until', 'upon', 'against'.

ગુજરાતીના વિભક્તિદર્શક પ્રત્યયના પર્યાય રૂપ 'પ્રેપઝિશન' અંગ્રેજીમાં વપરાતું નથી. અંગ્રેજી ભાષાની એ એક આગવી વિશિષ્ટતા છે. તેથી 'પ્રેપઝિશન'નો પ્રયોગ ચોકસાઈ, ચીવટ માગે છે. આ મુદ્દો ઉદાહરણ દ્વારા સમજીએ. 'શિક્ષક મારા પર ગુસ્સે થયા.' ગુજરાતીમાં 'પર' કે 'ઉપર'નો અંગ્રેજી પર્યાય 'on' કે 'upon' વપરાય નહિ પણ 'with' વપરાય. જેમ કે, 'The teacher was angry with me'. એક બીજું ઉદાહરણ લઈએ. ગુજરાતીમાં પૂછીએ, 'તમારી ઘડિયાળમાં કેટલા વાગ્યા છે?' આ વાક્યમાં 'માં' વિભક્તિદર્શક પ્રત્યય છે. પણ તેનું અંગ્રેજી કરતાં 'in' વપરાશે નહિ. અંગ્રેજીમાં આ પ્રશ્ન આ પ્રમાણે પુછાય, 'What is the time by your clock?' વળી, અંગ્રેજીમાં તો મૂળ શબ્દ એટલે કે નામ, સર્વનામ કે ક્રિયાપદ કયા સંદર્ભમાં વપરાયા છે તેનો ખ્યાલ રાખવો જરૂરી છે. જેમ કે કોઈ વ્યક્તિ સાથે સમંત થવું હોય તો 'to agree with' થાય પણ કોઈની વાત, દરખાસ્ત કે શરત સાથે સંમત થવાનો સંદર્ભ હોય તો 'to agree to' એ પ્રમાણે પ્રયોગ થાય. તેથી યાદ રાખવા માટે 'to agree with a person' અને 'to agree to a talk, condition or proposal' એ પ્રમાણે જ શીખવું જેથી પ્રેપઝિશનનો અશુદ્ધ પ્રયોગ રોકી શકાય. વળી, એક બીજો મુદ્દો પણ સમજી લઈએ. અંગ્રેજીમાં કેટલાક શબ્દો એવા છે કે જેમાં પ્રેપઝિશન સમાવિષ્ટ જ હોય છે તેથી તેની પછી કોઈ પ્રેપઝિશન વપરાય નહિ. દા.ત. ગુજરાતીમાં 'પહોંચવું' ક્રિયાપદ છે, તેને માટેનો અંગ્રેજી શબ્દ છે 'to reach' - રીચ - નો સ્થળે પહોંચવું. 'એ' ભાવ 'to reach'માં સમાવિષ્ટ જ છે. તેથી 'અમે સ્ટેશને પહોંચ્યાં એ વાક્ય અંગ્રેજીમાં આ પ્રમાણે થાય 'We reached the station.' 'reach' પછી 'to' કે 'at' પ્રેપઝિશન વાપરવું નહિ. પણ જો - 'arrive' અરાઈવ - પહોંચવું ક્રિયાપદ વાપરીએ તો 'we arrived at the station.' એ પ્રમાણે પ્રયોગ થાય. એવું જ એક બીજું ક્રિયાપદ ઉદાહરણરૂપે શીખીએ.

'to attack' - અટેક - ના પર હુમલો કે આક્રમણ કરવું. 'શહાબુદ્દીન ઘોરીએ દિલ્હી પર સત્તર વાર હુમલો કર્યો. અંગ્રેજીમાં અનુવાદ થશે, 'Shahabuddin Ghori attacked Delhi seventeen time' આમ 'to attack' શબ્દ શીખતાં તેનો ગુજરાતી અર્થ 'ના પર હુમલો કે આક્રમણ કરવું' એ પ્રમાણે જ યાદ રાખવું.

'પ્રેપઝિશન'નો પ્રયોગ કરતાં આટલી સાવધાની, સજાગતા, ચોકસાઈ અને ચીવટ રાખવી જરૂરી છે. હવે આજના પાઠમાં બીજા નવાં 'પ્રેપઝિશન્સ' શીખીએ.

'between' - બિટ્વીન - બે વ્યક્તિ, સમય કે સ્થળની વચ્ચે. જેમ કે-

તે તેના માતાપિતાની વચ્ચે બેઠો.

He sat between his father and mother.

મારા ઘર અને મારી શાળાની વચ્ચે ઝાઝું અંતર નથી.

There isn't much distance between my house and my school.

પિતાએ તેની મિલકત તેના બે પુત્રોની વચ્ચે વહેંચી દીધી.

Father divided his property between his two sons.

સાંજે ચાર ને પાંચની વચ્ચે મને ઑફિસે મળો.

See me in the office between 4.00 and 5.00 p.m.

'among' - અમંગ - સમૂહ કે જૂથની વચ્ચે દા.ત.

વર્ગના બધા વિદ્યાર્થીઓની વચ્ચે આ મીઠાઈ વહેંચો.

Distribute these sweets among all the pupils of this class. (to distribute - ડિસ્ટ્રિબ્યૂટ - વહેંચવું)

કૃષ્ણ ગોપીઓની વચ્ચે ઊભા.

Krishna stood among the gopis.

'Beside' - બિસાઈડ - પડખે, ની બાજુએ, ની નજીક, પાસે, ની તુલનામાં.

ખેડૂત તેની પત્નીની જોડે બેઠો.

The farmer sat beside his wife.

તેનું ઘર પોષ્ટ ઑફિસની પડખે છે.

His house is beside the post-office.

તમારો મુદ્દો ચર્ચાને પ્રસ્તુત નથી.

Your point is beside the discussion.

'Besides' - બિસાઈડ્ઝ - તદુપરાંત, ના સિવાય, 'beside' અને 'besides' - ની અંગ્રેજી જોડણીમાં જરાક જ તફાવત છે તેમ છતાં અર્થમાં કેટલું અંતર છે તે કેટલાંક ઉદાહરણનાં વાક્યો લઈ સમજીએ. 'Besides' એ 'Beside' નું બહુવચન નથી. બન્ને શબ્દો અલગ અને સ્વતંત્ર છે.

ભીષ્મ અને દ્રોણ ઉપરાંત બીજા ઘણા વધારે યોદ્ધાઓ દુર્યોધનના સૈન્યમાં હતા.

Besides Bhishma and Drona there were many more brave warrirs in the army of Duryodhana.

(brave - બ્રેવ - બહાદુર, a warrior, વૉરિઅર - યોદ્ધો, an army - આર્મી - લશ્કર)

ગુજરાતી ઉપરાંત તેને સંસ્કૃત અને અંગ્રેજી પણ આવડે છે.

Besides Gujarati he knows English and Sanskrit.

'For - ફર, ફોર - ને માટે, ના પ્રતિનિધિ તરીકે, ને બદલે, ના ટેકામાં, ના હિતમાં, અમુક મુદત સુધી, ની કિંમતે. 'for' નો ઉપયોગ પણ અંગ્રેજી ભાષામાં ઘણો જ બહોળો છે. વળી, કેટલાંક ક્રિયાપદો પછી તે વપરાય ત્યારે આખાયે શબ્દ-સમૂહનો વિશિષ્ટ અર્થ થાય છે. થોડાંક નમૂનાનાં વાક્યો મુદ્દો સ્પષ્ટ કરશે :

શબ્દે-શબ્દનું ભાષાંતર ન કરો.

Don't translate word for word.

તે તેના ખોવાયેલા હારને શોધે છે'.

She looks for her lost necklace (to look for - ટુ લુક ફોર - શોધવું, lost - લૉસ્ટ - ખોવાયેલો, necklace - નેકલેસ - હાર)

ગોલ્ડન સરકસ અઠવાડિયા માટે અહીં છે પછી તે ભાવનગર માટે ઉપડી જશે.

The Golden Circus is for a week here, then it will leave for Bhavnagar.

શેફીલ્ડ તેની કટલરી માટે જાણીતું છે.

Sheffied is known for its cutlery. (to be known for - ટુ બી નોન ફોર - ના માટે જાણીતું હોવું.)

તેની આટલી બધી વિદ્વત્તા છતાં તે શાણો નથી.

For all his learning he is not wise.

તેને જન્મટીપની સજા થઈ.

He was imprisoned for life. (to be imprisoned - ટુ બી ઇમ્પ્રિઝન્ડ - જન્મટીપની સજા થવી)

તે તદ્દન નકામો છે, અથવા તે કોઈ કામનો નથી.

He is good for nothing. (to be good for nothing - ટુ બી ગુડ ફોર નથિંગ - તદ્દન નકામા હોવું - રૂઢિપ્રયોગ છે)

જેનું અસ્તિત્વ નથી તેને માટે આપણે ઝંખીએ છીએ.

We long for what is not. (to long for - લૉન્ગ - ઝંખના કરવી.)

તમારે જે કાંઈ જોઈતું હોય તેને માટે મથો.

Strive for what you want. (to strive - સ્ટ્રાઇવ - મથવું)

તેને જ્ઞાનની પીપાસા છે.

He has thirst for knowledge. (thirst - થર્સ્ટ - પીપાસા)

આ કૅમેરા મેં પાંચસો રૂપિયામાં ખરીદ્યો

I bought this camara for five hundred rupees.

મેં તમારે માટે મત આપ્યો.

I voted for you. (to vote - વોટ - મત આપવો)

સત્ય ને ન્યાયના પક્ષે રહો.

Stand for truth and justice.

'for' ના અનુસંધાનમાં જ 'since' સમજી લેવું જરૂરી છે. 'since' - સિન્સ - અમુક ચોક્કસ સમય કે પ્રસંગથી આરંભીને. 'for' સમયનો ગાળો - Period of Time - પીરિઅડ ઑવ્ ટાઈમ, દર્શાવે છે. જ્યારે 'since' ચોક્કસ સમયનું પ્રારંભ-બિન્દુ સૂચવે છે - point of time - પોઈન્ટ ઑવ્ ટાઈમ. ટૂંકમાં 'for' અડસટ્ટે સમય દર્શાવે છે. જેમ કે બે દિવસથી, એક કલાકથી, ત્રણ વરસથી, ચાર અઠવાડિયાથી, બે મહિનાથી, જ્યારે 'since' ચોક્કસ સમય કે પ્રસંગનું સૂચન કરે છે. ચોક્કસ તિથિ, તારીખ, વાર, માસ, વરસ, ઘટના વગેરે બતાવે છે. 'for' અને 'since' ખાસ કરીને પૂર્ણ વર્તમાન કાળના વાક્યમાં વધારે વપરાય છે. વાક્યો દ્વારા 'for' અને 'since' વચ્ચેનો ભેદ શીખીએ.

મેં તેને ચાર દિવસથી જોયો નથી.

I have not seen him for four days.

મેં તેને આ મહિનાની પહેલી તારીખથી જોયો નથી

I have not seen him since first of this month.

અતુલ છેલ્લા ત્રણ દિવસથી શાળામાં ગેરહાજર છે.

Atul has been absent from school for the last three days.

રેખા ૧૯૯૦થી અમેરિકામાં રહે છે.

Rekha has been living in America since 1990.

અમે તેને તેના બાલ્યકાળથી ઓળખીએ છીએ.

We know him since his childhood.

તેને ઘણા લાંબા સમયથી ઠીક રહેતું નથી.

He has not been keeping fit since long.

આ બાળક બે કલાકથી ઊંઘે છે.

This child has been sleeping for two hours.

તે તેના લગ્ન પછી અહીં આવ્યો નથી.

He has not come since his marriage.

'After' - આફ્ટર - સમય, સ્થાન કે ક્રમ પ્રમાણે બીજાની પાછળ, પછવાડે, ના અનુકરણમાં, થી મોડું, દા.ત.

પૈસા અને કીર્તિ પાછળ ન દોડો.

Don't run after money and fame.

(fame - ફેમ-કીર્તિ)

મિજબાની પૂરી થયા પછી તે આવ્યા.

He came after the partly had been over.

ઉપાધિ પછી ઉપાધિ આવે જ જાય છે.

Trouble after trouble comes. (trouble - ટ્રબલ - ઉપાધિ, મુશ્કેલી).

ઑફિસના સમય પછી મને મળો.

See me after the office hours.

રાત્રે દસ પછી મારે ત્યાં ન આવો.

Don't come to my house after 10.00 p.m.

તે તેના દાદાના નામે ઓળખાય છે.

He is called after his Grandfather.

તમારાં ઘરડાં માબાપની સાર-સંભાળ રાખો.

Look after your old parents.

રવિવાર સોમવાર પછી આવે છે.

Monday falls after Sunday. (to fall-ટુ ફોલ-આવવું)

પ્રાચીન ઓલમ્પિક રમતો ઈ.સ. ૩૪૯માં એક રોમન શહેનશાહે બંધ કરાવી.
A Roman Emperor stopped the ancient Olympic games in 349 A.D. (an emperor - એમ્પરર - શહેનશાહ.)
તમે મારી પછી જન્મ્યા.
You were bron after me. (to be born - ટુ બી બૉર્ન - જન્મવું.)

'After' નો વિરોધી શબ્દ છે - 'before' - બિફોર - ની સમક્ષ, ની સામે, ની હાજરીમાં, ના પહેલાં.
ઉદાહરણ તરીકે :
રાત્રે દસ પહેલાં મારે ત્યાં આવજો.
Come to my house before 10.00 p.m.
પાદરીની હાજરીમાં તેણે તેનાં પાપો કબૂલ કર્યાં.
He confessed his sins before the prist (to confess - કન્ફેસ - કબૂલ કરવું, a priest - પ્રિસ્ટ - પાદરી)
સિપાઈ ચોરની પાછળ દોડ્યો.
A police man ran after the thief.

'Behind' - બિહાઈન્ડ - પાછળ, પાછળના ભાગમાં બાજુએ, પાછળ પડવું, મોડું, બાકી રહેલું.
મારા ઘરની પાછળના ભાગે એક ફુવારો છે.
There is a fountain behind my house.
શિયાળો આવે છે ત્યારે વસંત ક્યાં દૂર હોઈ શકે?
When winter comes can spring be far behind?
હવે પાછળ શું કરવાનું રહે છે?
What remains behind to do?
શું તે ખરેખર મારી પાછળ આવી રહ્યો છે?
Is he really coming behind me?

'beyond' - બિયોન્ડ - ની પેલે પાર, અગાડી, ચઢિયાતું, ના ઉપરાંત.
મૃત્યુની પાર જીવન છે?
Is there life beyond death?
પૂર્વની પેલે પાર સૂર્યોદય છે અને પશ્ચિમને પેલે પાર દરિયો.
Beyond the East the sunrise, beyond the west the sea.

'Ago' - અગો - અમુક સમય પૂર્વે, ત્યાર પછીથી, અત્યારથી પહેલાં 'Ago'. 'before' અને 'since' આ પ્રેપઝિશન્સના પ્રયોગ-માં ભૂલ થવાનો સંભવ છે. તેથી તે ત્રણે વચ્ચેનો ભેદ શીખીએ. માત્ર 'પહેલાં' એવો ભાવ દર્શાવવા માટે 'before' વાપરવું પણ 'અત્યારથી પહેલાં' એમ કહેવું હોય તો 'ago' વાપરવું. વળી, 'before' વાક્યના પદક્રમમાં આગળ આવે જ્યારે 'ago' પાછળ. 'since' અને 'ago'ના અર્થમાં ખાસ ફેર નથી પણ 'since' સમયની મુદત દર્શાવે છે જ્યારે 'ago' બનાવ કે ક્રિયા પર ભાર મૂકે છે. 'since' એટલે ભૂતકાળથી શરૂ કરી વર્તમાન સુધી જ્યારે 'ago' વર્તમાનથી શરૂ કરી ભૂતકાળ તરફ એવો ભાવ સૂચવે છે.
તમને મળ્યાને એક મહિનો વીત્યો.
It is one month since I met you.

લઘુકથા

પ્રામાણિકતા

ભગીરથ બ્રહ્મભટ્ટ

એનું નામ શુભમ્ - સરકારી અધિકારી હોવા છતાં પૂર્ણ પ્રામાણિક. વણહકનું કશુંય આવી ન જાય એની ચીવટ. મુલાકાતીઓને ચા પણ ખિસ્સાના પૈસે પાય. સાચી માનવતા, નિષ્ઠા. ઘણા અધિકારીઓને એના પર દ્વેષભાવ, છતાં એ મક્કમ. અંગત કામ માટે ફોન હોય કે કોરો કાગળ - એ ન વાપરે તે ન જ વાપરે.

એક વાર હું વેકેશનમાં તેને ત્યાં ગયેલો. ખુશ થઈ ગયો. રવિવાર હતો. હું બેઠો ને કોઈ ભાઈ માથે ટોપલો લઈને આવ્યા. તેમનેય બેસાડ્યા, પછી તેઓ શુભમ્‌ને હાથ જોડી, ટોપલો આપતા કરગરતા હતા :

'રાખી લ્યો, તમારા થકી મારું ઘણું મોટું કામ થઈ ગ્યું. મારે તો ઘરની વાડી...છે.'

'ના ભાઈ, ના... કામ તો તમારા હકે કર્યું છે...'

'ના સાયેબ, આ જમાનામાં તમારા જેવા... અમારા અભણોને...'

'ના ભાઈ, ના. પગે લાગવું હોય તો ઉપરવાળાને લાગો. મેં તો મારા નિયમમાં આવતું'તુ. એ કર્યું.'

મનેય ક્ષણભર તો થયું કે શુભમે ટોપલો રાખી લેવો જોઈએ. પ્રેમની ભેટ છે. એમાં ખોટું શું ?

ચા-પાણી પતાવ્યા પછી શુભમ્ પેલા ભાઈને વળાવવા ગયો. ત્યારે પણ ટોપલો શુભમે ઉપાડેલો. પેલો 'ના' કહેતો જ રહ્યો પણ... હું તો કળિકાળના યુધિષ્ઠિર અને કર્ણને જોઈ રહ્યો !!

ઘરે આવ્યો પછી શુભમ્ દુ:ખી જણાયો. મેં સહજ પૂછ્યું - 'કેમ? ટોપલો રાખ્યો હોત તો?'

મને કહે - 'કોઈનું ખવાય? આંબા ઉપર કોઈ પથરો વીંઝે ત્યારે દોષ કેરીનો જ નહિ, આંબાનોય હોય છે' - હું તો એને સાંભળી જ રહ્યો. □

હું તમને એક મહિના પહેલાં મળ્યો.
I saw you one month ago.
ઘણાં વરસો પહેલાં એક રાજા અહીં રહેતો હતો.
Many years before a king lived here.
પણ આ જ વાક્યમાં 'ago' વાપરવું હોય તો 'A king lived here many years ago.'

'Through' - થ્રૂ - આરપાર, સોંસરું, ની મારફત, ને આધારે, પરિણામે, માં થઈને, જેમ કે -
દીવાલમાંના કાણામાંથી તે પેટે ઘસડાઈને આવ્યો.
He crept in through a hole in the wall. (to creep

- ક્રીપ - પેટે ઘસડાવું - crept - ક્રેપ્ટ - ભૂ.કા., ભૂ.કૃ.)
વરઘોડો શેરીમાંથી પસાર થયો.
The procession passed through the street. (a procession - પ્રોસેશન - વરઘોડો - સરઘસ)
તમારી અરજી યોગ્ય માર્ગે મોકલો.
Send your application through a proper channel. (an application - અન એપ્લિકેશન - અરજી, a channel - ચેનલ - માર્ગ.)
તે પરીક્ષામાં પસાર થયો.
He passed through the examination.
સીતા અગ્નિપરીક્ષામાંથી પસાર થયાં.
Sita passed through an ordeal. (an ordeal - ઓર્ડીલ - અગ્નિપરીક્ષા)
તે નખશિખ સજ્જન છે.
Through and through he is a gentleman.

'Across - અક્રોસ - આરપાર, એક કાંઠાથી બીજા કાંઠા સુધી. 'આડે થઈને - ત્રાંસમાં' એ ભાવ ગર્ભિત છે. ગુલીવર દરિયાની આરપાર તરીને ઠીંગુજીઓના ટાપુ પર પહોંચ્યો.
Gulliver swam across the sea and reached the island of lilliputs. (an island - એન આઈલૅન્ડ - ટાપુ, Lilliput - લિલિપુટ - ઠીંગુજી)
જાદુગરને આકસ્મિક રીતે યુક્તિ મળી ગઈ.
The magician came across a trick. (a magician - મોજિશ્યન - જાદુગર, to come across - ટુ કમ અક્રોસ - આકસ્મિક રીતે વસ્તુ કે વ્યક્તિ મળવી. રૂઢિપ્રયોગ છે. a trick - અ ટ્રીક - યુક્તિ.)
પાર્લમેન્ટમાં તેઓ સામસામે છે.
They are at cross in the parliament.
તે ગરીબ સ્ત્રીએ તેના બન્ને હાથ મૂકીને તેનાં સ્તન ઢાંક્યાં.
The poor woman put her two arms across her breasts and covered them. (a breast - બ્રેસ્ટ - સ્તન, to cover - કવર - ઢાંકવું)

'Along' - અલૉંગ - એક છેડાથી બીજા છેડા સુધી, ઉપર થઈને પડખે પડખે, ની સોબતમાં, 'વિસ્તાર' કે 'ગતિ'નો ભાવ દર્શાવે છે.ધોરી માર્ગની બન્ને બાજુએ છાંયાવાળાં વૃક્ષો હતાં.
There were shady trees along both the sides of the highway. (shady - શેડી - છાંયાવાળાં, a highway - અ હાઈવે - ધોરીમાર્ગ, રાજમાર્ગ.)
સારીએ મુસાફરી દરમિયાન અમે બન્ને સાથે ને સાથે હતા.
We both were together all along the journey.

'Up' - અપ - ઊંચે, ઉપરને સ્થળે. દા.ત.
દુનિયાથી અધ્ધર આકાશમાં ખૂબ ઊંચે.
Up above the world so high.

'upon' - અપોન - ઉપર, પર, 'on' ને સ્થાને 'upon' વાપરી શકાય. ભેદ માત્ર એટલો જ છે કે 'on' કોઈ વસ્તુની સપાટી પર હોવાનો ભાવ દર્શાવે છે જ્યારે 'upon' ગતિ કરવાનો ભાવ બતાવે છે. જેમ કે -
કૂતરો મારા પર કૂદ્યો. A dog Jumped upon me.

'till' અને 'untill' 'ટિલ' અને 'અનટિલ' પાલગ્રેવે પાઠમાળામાં આ બન્નેના અર્થમાં કશો જ ભેદ બતાવ્યો નથી. બન્ને 'સુધી' કે 'લગી' નો ભાવ બતાવે છે. તેમ છતાં સામાન્ય રીતે 'હકાર' પછી 'till' અને નકાર પછી 'untill' વપરાય છે. જેમ કે-
હું આવું ત્યાં સુધી રાહ જુઓ. Wait till I come.
હું આવું નહિ ત્યાં સુધી જતા નહિ.
Don't go until I come.

'but' - બટ - સિવાય કે વિના
તમારી સહાનુભૂતિ વિના હું જીવતો ન હોત.
I would not have been alive but for your sympathy. (sympathy - સિમ્પથી - સહાનુભૂતિ)
ભૂખે મરવા સિવાય અમે કરીએ પણ શું?
What can we do but starve. (to starve - સ્ટાર્વ - ભૂખે મરવું.)
માણસને તેના શરીરના કદ સિવાય વધુ જમીનની જરૂરિયાત નથી.
Man need not more land but the size of his body.

'against' - અગેન્સ્ટ - ની વિરુદ્ધ, ઊલટું, સામે, સામેથી, પથ્થરની દીવાલ સામે માથું પછાડવાથી શું વળે?
It's no use running your head against a stone wall.
તમારી ઇચ્છા વિરુદ્ધ કશું ન કરો.
Don't do anything against your will.
દમનનો સામનો કરો.
Kick against oppression. (to kick - ટુ કિક - લાત મારવી, an oppression - ઓપ્રેશન - દમન)
મેં તમને આ ભય સામે ચેતવ્યા હતા.I had warned you against this danger. (to warn - વોર્ન - ચેતવવું)
લાંચ વિરુદ્ધમાં કોઈ સાબિતી નથી.
There is no proof against bribery (a proof - પ્રૂફ - સાબિતી, bribery - બ્રાઈબરી - લાંચ)

આમ, ચલણમાં આવતાં શક્ય હોય તેટલાં 'સાદાં' અને 'સામાસિક' પ્રેપઝિશન્સને બે પાઠમાં આવરી લીધા છે. હવેના પાઠમાં 'બેવડા' 'સમૂહ' અને 'ક્રિયાપદ સંલગ્ન' પ્રેપઝિશન્સને શીખીને 'પ્રેપઝિશન'ની વાત પૂરી કરીશું. શીખ્યા તે બસ નથી, કારણ કે મહત્ત્વ આવડવાનું નથી પણ આચરણનું છે. સાધનને કામમાં ન લઈએ તો કાટ ચઢે. માટે તમે જે કાંઈ અત્યાર સુધીમાં શીખ્યા છો તેનો ઉપયોગ કરજો. (ક્રમશઃ)

સંગીતશાસ્ત્ર - ૨૧

ડૉ. હસુ યાજ્ઞિક

રાગનાં અંગ અને પ્રકારો

રાગના સ્વરૂપને જાણવા માટે તેના અંગરૂપ કે ઘટક તત્ત્વોમાં આરોહ-અવરોહ, જાતિ, વાદી, સંવાદી, વિવાદી, વર્જ્ય, સ્વરજૂથ અને ગાનસમયનો સમાવેશ થાય છે. રાગનાં આ અંગો, એનાં ઘટક અંશો જાણવાથી જ રાગનું સ્વરૂપ પ્રગટે છે.

રાગનો સ્વરનો આરોહ-અવરોહ એટલે એ રાગમાં જે સ્વરો પ્રયોજાયા હોય તેનો ક્રમિક અને રાગસ્વરૂપગત ચડતો અને ઊતરતો ક્રમ. સારેગમપધનિ - સપ્તકનો આરોહ અને સાનિધપમગરેસા - સપ્તકનો અવરોહ છે. રાગના સ્વરબંધારણમાં જે સ્વરે પ્રયોજાયા હોય છે તેને આધારે એનું સપ્તક નિશ્ચિત કરીને આરોહ-અવરોહ થાય છે. પરંતુ સપ્તકનો જે સાહજિક ક્રમાનુસારી આરોહ-અવરોહ હોય તે જ ક્રમનો આરોહ-અવરોહ બધા રાગનો હોતો નથી. કેટલાક રાગ એવા છે જેમાં ગ્રહસ્વરે મંદ્રનો નિષાદ હોય અને એ પછી 'સા'ના બદલે 'રે' લેવાતો હોય. યમનકલ્યાણમાં આરોહ નિ઼રેસા એ રીતે લેવાય છે. એ રીતે રાગ મારવામાં નિ઼રે઼સા એ રીતે જ આરોહ થાય છે. 'સા' થી આરોહ થઈ શકે, પરંતુ રાગનું સ્વરૂપ તો કૃષ્ટસ્વરારંભે રિષભ સાથે જ પ્રકટે. એ રીતે જે રાગમાં કોઈ સ્વર વક્ર હોય તો તે સીધા ક્રમે ન લેવાય. રાગ દરબારીમાં ગ઼મરેસા મુખ્ય છે. રેગ઼મપ એવો સીધો આરોહ ન થાય. ઉત્તરાર્ધમાં અવરોહે સાંનિ઼ ધ઼નિ઼પ એ રીતે લેવાય. ધ઼પ ન થાય. ગૌડસારંગ જેવા રાગમાં સ્વરોનું ચલન વક્ર છે. ઉપરનો સ્વર લઈને નીચેનો સ્વર લેવાય તો જ રાગનું સ્વરૂપ પ્રકટે. આથી એમાં આરોહ પણ નિસા ગરે મગ પમા ધમાં પ સાં એ રીતે થાય કોઈ રાગમાં કેટલાક સ્વરોને એનું સ્વતંત્ર વ્યક્તિત્વ નથી. એને અન્ય સ્વર સાથે જ લેવો પડે. છાયાનટમાં સ્વતંત્ર ગાંધાર ન લેતાં રેગ ગમ એમ નીચે-ઉપરના સ્વર સાથે લેવાય કે ધપમાપ તો જ રાગનું સ્વરૂપ પ્રકટે છે. તાત્પર્ય એ છે કે રાગાંગના આરોહ-અવરોહમાં તે રાગમાં પ્રયુક્ત સ્વરોના સપ્તકના સાહજિક ઉતાર-ચઢાવથી લેવામાં, તે રાગના સ્વરોનું જે ચલન હોય, આસપાસના સ્વર સાથેનો એનો જે સીધો કે વક્રચલનનો સંબંધ હોય તેને લક્ષમાં લેવો પડે છે. એ ઉપરાંત જે જે રાગમાં જે જે સ્વરો ખડા લેવાને બદલે ગમક, મીંડ, આંદોલન અને કણ ક્રિયા દ્વારા લેવાના હોય એ રીતે જ પ્રયોગ કરવાથી જ રાગનું સ્વરૂપ પ્રકટે છે. સ્વરનો શ્રુતિભેદ પણ લક્ષમાં લેવો પડે છે. કોમળ રિષભ 'રે઼' ભૈરવી, ભૈરવ, પૂર્વી, તોડીના કુળના રાગોમાં છે પરંતુ તે અન્ય સ્વરની સહાયે તથા સૂક્ષ્મ શ્રુતિભેદે ભિન્ન છે. આમ રાગાંગના આરોહ-અવરોહ રાગના સ્વરૂપને અનુસરે છે.

રાગની જાતિ એટલે તેમાં પ્રયોજાતા સ્વરની સંખ્યા. સાતે સ્વરોને પ્રયોજતા રાગ સંપૂર્ણ જાતિના, છ સ્વર પ્રયોજતા રાગ ષાડવ જાતિના અને પાંચ સ્વર પ્રયોજતા રાગ ઓડવ જાતિના કહેવાય. આરોહ અને અવરોહમાં જો સ્વરસંખ્યા બદલાતી હોય તો તેની આરોહ અને અવરોહની જાતિ જુદી પડે છે, આ અંગેની વિશેષ ચર્ચા આગળ થઈ ગઈ છે. જાતિમાં ચાર સ્વરના રાગ નથી, એનું કારણ એ છે કે કોઈ પણ રાગમાં વ્યાપક રીતે તો વધારેમાં વધારે બે સ્વર જ બાદ (વર્જ્ય) થઈ શકે. સારેગમપધનિ - આ સાત સ્વરમાંથી જો ત્રણ સ્વર બાદ કરીએ તો શેષ ત્રણ જ સ્વર રહે. અને એ ત્રણ સ્વરમાં 'સા' તો હોય જ અને 'મ' અને 'પ'માંથી કાં 'મ' વર્જ્ય થાય અથવા 'પ' વર્જ્ય થાય એટલે મ અથવા પ પણ હોય. આમ જો ત્રણ સ્વર બાદ કરવામાં આવે તો 'સા' અને 'મ' અથવા 'પ' બે તો નિશ્ચિત થયા જ. હવે માત્ર રે,ગ,ધ,નિ માંથી કોઈ એક જ સ્વર રહે ને તે પણ ઉત્તરાર્ધમાંથી લેવાનો રહે. આથી સામધસાં અથવા સામધસાં કે સામ/પનિસાં એટલું સપ્તક રહે. આમ થતાં બે સ્વરો વચ્ચેનું અંતર ખૂબ જ વધી જાય અને રચના એકવિધ બનતાં રાગ વિસ્તારક્ષમ ન રહે. આ કારણે રાગના નિયમ તરીકે જ (૧) વધારેમાં વધારે બે સ્વર વર્જ્ય થઈ શકે અને (૨) 'મ' અને 'પ' માંથી કોઈ એક બાદ થાય, બન્ને બાદ ન થાય એમ સ્વીકારું જ પડે.

જો કે કેટલાક અપવાદરૂપ રાગ એવા છે જેમાં ત્રણ સ્વર બાદ થતા હોય. દૃષ્ટાંત તરીકે રાગ ભવાનીમાં ગ,પ,નિ - એ ત્રણ સ્વરો બાદ કરતાં સારેમધસાં - સાંધમરેસા રહે છે. અહીં રે થી મ, મ થી ધ અને ધ થી સા એ ત્રણ તબક્કે બે સ્વરનું અંતર છે. અર્થાત્ અનુગામી સ્વર સાતમી શ્રુતિએ આવે છે. આમ બે સ્વરો વચ્ચે પાંચ-પાંચ શ્રુતિઓનું અંતર રહે એ રીતે રચના એકવિધ બને અને વિસ્તારક્ષમ રાગ ન બની શકે.

વાદી અને સંવાદી રાગના રાજા અને પ્રધાન જેવા છે. કોઈ રાગના સ્વરો સમાન હોય પરંતુ વાદી અને સંવાદીના ભેદથી તે રાગનાં સ્વરૂપ જુદાં પડે છે. રાગ ભુપાલી અને દેશકાર બન્નેનાં સ્વરબંધારણ સારેગમપધસાં - સાંધપગરેસા છે. પરંતુ ભુપાલીના વાદી-સંવાદી ગ-પ છે, જ્યારે દેશકારના ધ-ગ છે. ભુપાલીમાં અને દેશકારમાં પંચમ છે, પરંતુ ભુપાલીમાં 'પ' પર ન્યાસ ન થાય, 'ગ' પર થાય. દેશકારમાં પધપ, ધપપધપ, ગગપ એમ લઈ શકાય. આમ વાદી-સંવાદીના

ભેદથી તથા રાગાંગના સ્વરોના અલ્પત્વ, બહુત્વ, સ્વરલગાવ, અંશ,ન્યાસ, ગ્રહ વગેરેથી એક જ સ્વરબંધારણ ધરાવતા રાગને જુદા પાડી શકાય છે. અર્થાત્ રાગને જે એનું વિશિષ્ટ સ્વરૂપ મળે છે, તેમાં એમાં પ્રયોજાતા સ્વરોના ગ્રહ, અંશ, ન્યાસ, વાદી, સંવાદી તરીકેના વિશિષ્ટ એવા પ્રયોગથી. વાદી અને સંવાદી સ્વર વચ્ચે ચાર સ્વરનું અંતર હોય છે. જો રાગનો વાદી સ્વર પૂર્વાર્ધમાં હોય તો સંવાદી સ્વર ઉત્તરાર્ધમાં અને જો વાદી ઉત્તરાર્ધમાં હોય તો સંવાદી પૂર્વાર્ધમાં હોય છે. વાદી-સંવાદી બદલાતા રાગનો સમય પણ બદલાય છે.

સપ્તકમાં સારેગમ પૂર્વાર્ધ અને પધનિસાં ઉત્તરાર્ધ છે. આગળ ચર્ચી ગયા છીએ તેમ 'સારેગમ'થી બરાબર દોઢગણા ઊંચા 'પધનિસાં' છે. પશ્ચિમના સંગીતમાં 'સારેગમ' Lower Tetra Chord અને 'પધનિસાં' Upper Tetra Chord કહેવાય છે.

સપ્તકના પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ એવા બે ભાગ પડે છે, તેના મધ્યભાગનો સ્વર એટલે મધ્યમ સ્વર 'મ'. આ સ્વરથી 'ટોન' દોઢગણો ઊંચો બની અંતે બમણો ઊંચો બનતાં એક અવાજની નિશ્ચિત ઊંચાઈ બરાબર બમણી થતાં સપ્તક સ્વરએકમ - સ્કેલ પૂરો થાય છે.

રાગ અને સમય : મધ્યમ સ્વરને આપણા શાસ્ત્રકારો 'અધ્વદર્શક' સ્વર પણ કહે છે, કે સ્વરને અને રાગના ગાનસમયને સંબંધ છે તેમાં 'મ' માર્ગદર્શક કે પથદર્શક છે. બપોરનો ખરા મધ્યાહ્નનો સમય હોય ત્યારે પણ આ સ્વર ચિત્તને શામક લાગે છે. એટલે તો લગ્ન જેવા વિધિઓનાં ગીતોમાં સારંગ જેવા રાગનું પ્રાધાન્ય છે, જેમાં શુદ્ધ મધ્યમ મહત્ત્વ ધરાવે છે, પરંતુ જેમ પછી સમય આગળ વધે, પ્રહર વીતતા જાય તેમ આ મધ્યમ પણ ઊંચે આવી તીવ્ર મધ્યમ 'મા' બને છે. જે સાંજના રાગો છે તેમાં તીવ્ર મધ્યમનું જ પ્રચલન છે. જેમાં રે-ધ શુદ્ધ છે. તેવા તીવ્ર 'મા' વાળા યમન, હમીર, કામોદ, કેદાર અને જેમાં રે - ધ કોમળ છે તેવા પૂર્વી, શ્રી વગેરે રાગ સાયંકાલે પ્રયોજાય છે.

આમ સ્વરને અને સમયને સીધો સંબંધ છે. સવારના રાગમાં રે-ધ કોમળ હોય છે. અને જેમ જેમ પ્રહર ચડે તેમ સ્વર પણ ઉપર ચડે અને રે-ધ શુદ્ધ હોય એવા રાગ ગવાય. અને અધ્વદર્શક મધ્યમ શુદ્ધ જ હોય. પરંતુ પછી જેમ સાંજ થાય કે મધ્યમ પણ ઊંચો ચડીને 'મા' બનતાં તીવ્ર મધ્યમ-વાળા રાગ ગવાય. એ રીતે સમય બદલાતાં જે સંધિકાળ આવે છે તેવા સમયના સંધિપ્રકાશ રાગમાં ગાંધાર અને નિષાદનાં શુદ્ધ અને કોમળ બન્ને સ્વરૂપો જે રાગના આરોહ અને અવરોહનાં પ્રયોજાતાં હોય એવા રાગ ગવાય છે. અને તે સન્ધિકાળ પૂરો થતાં કોમળ ગ-નિ લુપ્ત થતાં શુદ્ધ ગ-નિ સ્વરોનો પ્રયોગ થતો હોય તેવા રાગ પ્રયોજાય છે.

રાગનું પ્રહરાનુસારી સમયચક્ર જુઓ :

સવાર

પ્રથમ પ્રહર : ૭ થી ૧૦ : બિલાવલ, કલ્યાણ, ખમાજ થાટનાં રે-ધ શુદ્ધ.

બીજો પ્રહર : ૧૦ થી ૧ : ભૈરવી, તોડી, આશાવરી, સારંગ : ગ-નિ કોમળ

ત્રીજો પ્રહર : ૧ થી ૪ : ભીમ પલાસી, મુલતાની

ચોથો પ્રહર : ૪ થી ૭ : પૂર્વી, મારવા, ભૈરવી : રે-ધ કોમળ

રાત

પ્રથમ પ્રહર : ૭ થી ૧૦ : બિલાવલ, કલ્યાણ, ખમાજ : રે-ધ શુદ્ધ

બીજો પ્રહર : ૧૦ થી ૧ : કાફી બાગેશ્રી : ગ-નિ કોમળ

ત્રીજો પ્રહર : ૧ થી ૪ : દરબારી માલકૌંસ ગ-નિ કોમળ

ચોથો પ્રહર : ૪ થી ૭ : પૂર્વી, મારવા, ભૈરવ : રે ધ કોમળ

પૂર્વાર્ધ - ઉત્તરાર્ધના સ્વર, ગાન સમય વગેરે દૃષ્ટિએ રાગનું વર્ગીકરણ :

(૧) પૂર્વાંગવાદી રાગ
(૨) ઉત્તરાંગવાદી રાગ
(૩) સંધિપ્રકાશ રાગ : પરમેળ પ્રવેશક રાગ
(૪) શુદ્ધ રે-ધ અને ઝોનલ રે-ધ વાળા રાગ
(૫) શુદ્ધ ગ-નિ અને કોમલ ગ-નિ વાળા રાગ
(૬) બે ગાંધાર ગ,ગ અને બે નિષાદ નિ, નિ વાળા રાગ

જે રાગનો વાદી પૂર્વાર્ધના 'સા,રે,ગ,મ' પૈકી કોઈ એક સ્વરનો હોય તે રાગને 'પૂર્વાંગવાદી' રાગ કહે છે. આ રાગનો સંવાદી ઉત્તરાર્ધનો ચોથો સ્વર હોય છે. આ રાગ મુખ્યત્વે દિવસના મધ્યભાગે ગવાય છે, એટલે કે તેનો ગાનસમય બપોરના ૧૨ થી મધરાતના ૧૨ સુધીમાં હોય છે.

જે રાગનો વાદી ઉત્તરાર્ધના 'પ,ધ,નિ,સાં' પૈકી કોઈ એક સ્વરનો હોય તે રાગને 'ઉત્તરાંગવાદી' રાગ કહેવામાં આવે છે. એનો સંવાદી સ્વર નીચેનો ચોથો પૂર્વાર્ધનો સ્વર હોય છે. આ રાગો મોટે ભાગે દિવસના ઉત્તરાર્ધમાં એટલે કે રાતના બારથી દિવસના બાર સુધી ગવાય છે.

પૂર્વાંગવાદી અને ઉત્તરાંગવાદી રાગનો બીજો અર્થ જે રાગમાં પૂર્વાર્ધના સ્વરોનું પ્રચલન વિશેષ છે તે પૂર્વાંગવાદી અને જેમાં ઉત્તરાર્ધના સ્વરોનું પ્રચલન વિશેષ છે તે ઉત્તરાંગપ્રધાન રાગ એવો પણ છે. જે પૂર્વાંગના રાગ છે તેનું ચલન સવિશેષ મંદ્ર અને મધ્યસપ્તકમાં હોય છે, અને જે ઉત્તરાંગના રાગ છે તેનું ચલન મધ્ય અને તાર સપ્તકમાં વિશેષ હોય છે. રાગના સ્વરોનું બંધારણ એક જ હોય અને તેના વાદી-સંવાદી ભિન્ન હોવાથી તેના પૂર્વાંગ-ઉત્તરાંગ દૃષ્ટિએ પણ જુદા પડવાથી એક જ સ્વરબંધારણે બે સ્વતંત્ર પ્રકૃતિભિન્ન રાગ કેવી રીતે બને છે તેનું સરસ ઉદાહરણ રાગ દરબારી - કાનડા અને અડાણા છે. બન્નેનાં સ્વરબંધારણ 'સારેગમધનિસાં છે, પરંતુ દરબારીના વાદી-સંવાદી રે-પ છે અને પૂર્વાંગવાદી હોઈ મંદ્ર અને મધ્યસપ્તકમાં વિસ્તરે છે, જ્યારે અડાણાના વાદી-સંવાદી

(અનુસંધાન પૃ. ૩૭)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

રેલવેની યાદગાર મુસાફરી

તા. ૧૬-૧૧-૮૯. પૂરાં બે અઠવાડિયાંના પ્રવાસ પછી અમે ગઈ કાલે પાછાં આવી ગયાં. ભારતીય રેલવેની મુસાફરી દરમિયાન ભારતની વિવિધતા તો દેખાય જ પણ ભલભલાનો ઘમંડ પણ ઊતરી જાય. અમારી મુસાફરી પાંચ ટુકડામાં હતી : (૧) અમદાવાદથી હાવડા, (૨) હાવડાથી જલપાઈગુડી, (૩) જલપાઈગુડીથી દિલ્હી, (૪) દિલ્હીથી ભોપાળ અને (૫) ભોપાળથી અમદાવાદ. આમાંની દિલ્હીથી ભોપાળ ઍરોપ્લેનથી, બાકીની ટ્રેનથી પ્રથમ વર્ગમાં. પણ હાવડાથી જલપાઈગુડી જવા સુપરફાસ્ટ કાંચનજંઘા એક્સપ્રેસમાં બેસવા ગયાં ત્યારે આખી ગાડીમાં ફર્સ્ટ ક્લાસનો ડબ્બો જ ન મળે! ત્યાં તો જાહેરાત સાંભળવા મળી કે ફર્સ્ટ ક્લાસના મુસાફરો માટે ફલાણા નંબરનો સેકન્ડ ક્લાસનો ડબ્બો મૂક્યો છે. હાઉં, તે ડબ્બામાં બેઠાં પણ હાવડા પછી તો તે રિઝર્વેશન વગરનો સેકન્ડ ક્લાસ. ખૂબ ગિરદી. આમ, બાર કલાકની દિવસભરની બીજા વર્ગની મુસાફરી પહેલા વર્ગના ભાડામાં કરી. પણ ના એમ નહિ. જલપાઈગુડી ઊતર્યાં એટલે સ્ટેશન ઉપર જ પહેલા અને બીજા વર્ગના ભાડાનો તફાવત રોકડો ચૂકવી દીધો. બંગાળી આમ-જનતા સાથે મુસાફરી કરવાનો લ્હાવો મારાં પત્નીને મળી ગયો. (બર્દવાનના ત્રણ માસના મારા વસવાટ દરમિયાન મને તો તે લ્હાવો મળી ચૂક્યો હતો.) અમારી સામે એક યુવાન જોડું. અઢી-ત્રણ વર્ષના દીકરાને સૂસુ લાગી. ચડ્ડી કાઢીને ડબ્બામાં જ બેઠક સામે બેસાડી દીધો. સરવાણી બાંકડા નીચે!! હાવડામાં હું કંડક્ટરની શોધમાં હતો ત્યાં સુધીમાં અમારા યજમાને અમારો સામાન ઉપલી બર્થ (છાજલી) ઉપર ગોઠવી દીધો હતો. ત્યારે મને આશ્ચર્ય થયું હતું કે આપણે સામાન સીટની નીચે ગોઠવીએ છીએ જ્યારે અહીં ઉપર કેમ ગોઠવ્યો હશે! પણ પેલી સરવાણી જોઈ એટલે સઘળું આશ્ચર્ય જતું રહ્યું! આ મુસાફરી દરમિયાન મને મનમાં થયું કે આવું તો પૂર્વ રેલવે કે ઉત્તર રેલ્વેમાં થાય પણ આપણી પશ્ચિમ રેલવેમાં તો ન જ થાય. પણ મારો ઘમંડ દસ દિવસમાં ઓગળી ગયો. ભોપાળથી અમદાવાદ આવવા માટે ભોપાળ-રાજકોટ એક્સપ્રેસમાં બેસવા સાંજે ૭-૦૦ વાગે પ્લેટફૉર્મ ઉપર આવ્યાં. આખી ગાડીને જોઈ વળ્યાં. ફર્સ્ટ ક્લાસનો ડબ્બો જ ન મળે! હા, ફર્સ્ટ ક્લાસના પેસેન્જર માટે ૩-ટાયર સેકન્ડ ક્લાસ સ્લીપરમાં બર્થ આપી હતી! વેસ્ટર્ન રેલવેમાં પણ એ જ હાલત. અલબત્ત, આપણી તરફ ડબ્બામાં બાળકોની સરવાણી જોવા ન મળે...

બે ગાંધી વચ્ચે ચૂંટણી જંગ

તા. ૨૬-૧૧-૮૯. ભારતમાં લોકસભાની નવમી ચૂંટણી યોજાઈ રહી છે. ૧૯૫૨, ૫૭, ૬૨, ૬૭, ૭૧, ૭૭, ૮૦, ૮૪, અને ૮૯. આમાંની આગલી ૮ ચૂંટણીઓમાંથી બે ચૂંટણીઓમાં (૧૯૬૭ અને ૧૯૭૭)માં કૉંગ્રેસ હારી છે એટલે ૧૯૮૯માં કૉંગ્રેસને હારવાનો વારો આવે એમ લાગે છે. અને ધારો કે આ ચૂંટણીમાં કૉંગ્રેસ ન હારે તો દેશ માટે તે મોટી આપત્તિરૂપ હશે. કારણ કે આ ચૂંટણીમાં દેશના વડાપ્રધાનની જાણ નીચે જે ગેરરીતિ આચરવામાં આવી છે તે તો ફિલિપાઈન્સના માર્કોવને પાછળ પાડી દે તેવી છે.

વડા પ્રધાન રાજીવ ગાંધી ઉત્તર પ્રદેશના અમેઠી મત વિભાગમાંથી ઊભા છે. તેની સામે મહાત્મા ગાંધીના પૌત્ર રાજમોહન ગાંધી ઊભા છે. અમેઠીમાં બુધવાર તા. ૨૨મીએ ચૂંટણી થઈ અને ગુરુવારે સવારે ૬.૩૦ વાગે B.B.C. રેડિઓ પરથી નીચેની વાત જાણી :

બુધવારે સવારે ૮.૦૦ વાગે મતદાન શરૂ થવાની સાથે જ રાજીવ ગાંધીના મિત્ર અને સલાહકાર કેપ્ટન સતીશ શર્મા (આ 'કેપ્ટન' લશ્કરી કેપ્ટન નથી પણ એરલાઈન્સનો પાઈલોટ કેપ્ટન છે.) નવી નકોર ૨૫ જીપનો કાફલો લઈને નીકળ્યો. સ્થાનિક પોલીસને સાથે લઈને પોલિંગ બૂથમાં જઈ અધિકારીઓને દબડાવી મતપત્રકો લઈ તેમાં રાજીવના નામ સામે સિક્કા લગાવી પોલીસની મદદથી મતપેટીઓ ભરવાનું એકસાથે ૨૫ પોલિંગ બૂથોમાં શરૂ કર્યું. આ વાતની રાજમોહનને ખબર પડી એટલે કેટલાક પત્રકારો સાથે તે એક પોલિંગ બૂથ પર ગયા. મતપત્રકોમાં રાજીવના નામ સામે સિક્કા લગાવી મતપેટીમાં મતપત્રકો નાખતા પોલીસને તેણે જોયા. તેણે વાંધો ઉઠાવ્યો તો પોલીસે તેને માર્યો.

રાજમોહન સાથે ગયેલ પત્રકાર સાથેની ટેલિફોન પર થયેલી ઉપરની વાત બી.બી.સી.એ બ્રોડકાસ્ટ કરી.

આંધ્રપ્રદેશમાં કૉંગ્રેસની સરકાર નથી, તેલુગુદેશમ્‌ની સરકાર છે. બુધવારની ચૂંટણીમાં ત્યાં ગોલમાલ થયાના રિપોર્ટ આવતાંની સાથે જ ચૂંટણી કમિશને ત્યાં પુનઃ મતદાનના આદેશ આપી દીધા. પણ અમેઠીમાં ગુરુવાર બપોર સુધી કમિશને કશું કર્યું નહિ. દેશના શિક્ષિત લોકોમાં ઊહોપોહ થયો. રાષ્ટ્રપ્રમુખને અરજી થઈ. રાષ્ટ્રપતિએ ચૂંટણીપંચને પત્ર લખ્યો અને ગુરુવારે રાત્રે પંચે જાહેર કર્યું કે પરિસ્થિતિનો ક્યાસ કાઢવા તે એક ટુકડીને અમેઠી મોકલશે. આજે (રવિવારે) સવારે અમેઠીનાં ૯૭ મતદાન મથકોમાં કાલે ફરી મતદાન થશે એમ જાહેર કર્યું. ચૂંટણી-અધિકારી બદલી નાખ્યા અને જૂના અધિકારીઓને સસ્પેન્ડ કરવાના હુકમ કર્યા. આમ, દેશના વડા પ્રધાન જે ચૂંટણીમાં ઊભા છે ત્યાં કેવી ગોલમાલ થાય છે તે જાણે જાહેર કર્યું....

અંગ્રેજીમાં બાંધી મૂઠી, લોકભાષામાં ખુલ્લી થાય

તા. ૩-૧૨-૮૯. લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ પક્ષને બહુમતી મળી નથી. ૫૨૫માંથી કૉંગ્રેસને ૧૯૨ બેઠકો મળી છે. ઇન્દિરા ગાંધીના ખૂન પછીની ચૂંટણીમાં તેની ૪૧૪ બેઠકો હતી તે યાદ કરીએ ત્યારે ખ્યાલ આવે કે વડા પ્રધાનના નેતૃત્વ નીચે કેવી કરારી હાર થઈ છે.

આ પરિણામને મૂલવવાનું એક બીજું પાસું પણ છે. કુલ ૫૨૫ બેઠકોમાંથી દક્ષિણનાં ચાર રાજ્યો (કેરળ, તામિલનાડુ, આંધ્રપ્રદેશ અને કર્ણાટક)ની કુલ ૧૩૫ બેઠકો છે તેમાંથી કૉંગ્રેસ પક્ષને ૧૦૪ બેઠકો મળી છે. એટલે કે બાકીનાં ભારતની ૩૯૦ બેઠકોમાંથી તેને ફક્ત ૮૮ બેઠકો મળી છે! દક્ષિણનાં ચાર રાજ્યો સિવાયના સમગ્ર ભારતે વડાપ્રધાનના પક્ષને સ્પષ્ટ જાકારો આપ્યો છે તે તો દીવા જેવું ચોખ્ખું છે.

દક્ષિણ ભારતનાં ચાર રાજ્યો અને શેષ ભારતના વડા પ્રધાન તરફના પ્રતિભાવમાં આટલો મોટો ફર્ક પડવાનું ભલા શું કારણ હોઈ શકે? રાજકારણના પંડિતો આનાં જુદાં કારણો આપશે. પણ મને શિક્ષકને એક મોટું કારણ સ્પષ્ટ દેખાય છે. શેષ ભારતમાં રાજીવ ગાંધી જાહેર સભામાં હિન્દીમાં બોલે. લોકોની ભાષામાં વાત કરો ત્યારે તમારી પાસે નિશ્ચિત વિચારધારા હોય તો તમે લોકોને દાખલા-દલીલ આપી તમારી વાતની ખાતરી કરાવી શકો - નેહરુ, ઇન્દિરાજીએ આ કરી બતાવ્યું - પણ હાલના કૉંગ્રેસ વડા પાસે કોઈ નિશ્ચિત વિચારધારા નથી. તે તો, તેના સલાહકારોએ તૈયાર કરેલું ભાષણ વાંચી જાય. અરે, તેને નાગરી લિપિમાં વાંચતાં પણ આવડતું નથી. તેથી લખેલું ભાષણ પણ રોમન લિપિમાં હોય અને વાંચતાં છબરડો વાળે. -કવિ જાયસીની વાત ભાષણમાં આવતી હતી. રોમન લિપિમાં જાયસી JAISI લખેલું અને નેતાજીએ વાંચ્યું 'કવિ જૈસી'. સ્પષ્ટ છે કે લોકભાષામાં બોલતા નેતા લોકો સમક્ષ ખુલ્લા પડી ગયા. દક્ષિણ ભારતમાં નેતા અંગ્રેજીમાં બોલે એટલે બાંધી મૂઠી રહે અને ભાઈ મૂળભૂત રીતે કેવા નકલી છે તે ખબર ન પડે!

'કુમાર'નું પુનશ્ચ હરિઃ ૐ

તા. ૪-૭-૯૦. એક સારા સમાચાર. 'કુમાર' ફરીથી શરૂ થાય છે! ૧૯૮૫ના અનામત આંદોલન પછી શહેરની ઘણીખરી પેઢીઓએ પોતાની ઑફિસ શહેરમાંથી ખસેડી લીધી અને નવરંગપુરા કે આશ્રમરોડ ઉપર આવી ગયા. પરિણામે 'કુમાર' પ્રિન્ટરીને મળતું છાપકામ ઘટી ગયું અને ૧૯૮૬ના માર્ચ માસથી છાપખાનું બંધ કરી દીધું. એ વખતે તો જાહેર કરેલું કે 'કુમાર' માસિક તો ચાલુ જ રહેશે. પણ એ થઈ શક્યું નહિ. સપ્ટેમ્બર ૧૯૮૬માં 'કુમાર'નો એક અંક બહાર પડ્યો પણ પછી ઠપ્પ થઈ ગયું. હવે નવી વ્યવસ્થા નીચે ઑગસ્ટની ૧૫મીએ 'કુમાર'નો પુનર્જન્મ થાય છે.

'કુમાર' સાથે મારો નાતો મારા શાળાજીવનથી જોડાયેલો છે. ભાવનગરમાં અમારા પડોશી પ્રો.ભીડેને ત્યાં 'કુમાર' આવતું. ભીડે સાહેબનો દીકરો શ્રીપત મારો મિત્ર એટલે 'કુમાર' નિયમિત વંચાતું.. પછી તો સંપર્ક તૂટી ગયો પણ પાછું વિદ્યાનગરમાં બાળકો મોસાળ જાય ત્યારે ગણિત-સંશોધન કરતાં વણપરા માટે 'કુમાર' વાંચતો. તે અરસામાં (૧૯૫૦-૫૧ના ગાળામાં) મારું એક જોડકણું પણ 'કુમાર'માં પ્રકટ થયું હતું. તે જોડકણું મને હજુ પણ યાદ છે :

તે જન્મ્યો ત્યારે -
લોકો તેના ઓરડામાં ધીમે પગલે ચાલતાં હતાં,
તેના લગ્નમાં
વરઘોડામાં લોકો ધીરે ધીરે ચાલતાં હતાં,
તે ગુજરી ગયો ત્યારે
ડાઘુઓ સ્મશાન તરફ ઝડપભેર દોડતા હતા.

તા. ૯-૧૦-૯૦. ઑગસ્ટ* ૧૯૯૦થી પુનશ્ચ હરિઃ ૐ કરીને 'કુમાર'નું પ્રકાશન ફરી શરૂ થયું છે. 'કુમાર' સાથે મારા કુટુમ્બને પણ ઘરોબો છે. અમેરિકાથી મારાં બાળકોને લખેલા પત્રો 'કુમાર'માં પ્રકટ થયા. મારી પુત્રીઓની કંકોતરીઓ મારા અક્ષરોનો બ્લૉક બનાવી 'કુમાર' પ્રેસે છાપી હતી. અને તે માટે કશો ચાર્જ લીધો ન હતો. કારણ? 'તમારી દીકરી પરણે છે, તો અમારી બહેન પરણે છે.' 'સુગણિતમ્' પહેલેથી જ 'કુમાર પ્રિન્ટરી'માં છપાતું. ૧૯૮૬નો ફેબ્રુઆરી અંક 'કુમાર'માં છાપ્યો. છપાઈ બિલ હતું રૂ.૯૦૦/- અને એપ્રિલનો અંક બીજે છપાવવો પડ્યો. છપાઈ બિલ થયું રૂ.૧૫૦૦/- !

હા, તો 'કુમાર'ના અમારા કુટુંબ સાથેના ઘરોબાની નવી પેઢીને યાદ તાજી રહે તે માટે આજે મારી ચાર દીકરીઓ ('કુમાર'ની ચાર બહેનો)નાં લવાજમનો ચેક 'કુમાર'ને મોકલ્યો છે. □

સુધારો : 'કુમાર' ડિસે. ૧૯૯૮ - (૧) 'પસ્તીનાં પાનાં' પૃ.૮૪૧માં પહેલા કોલમની પાંચમી લીટી 'મંડળી છે. તે જે કોઈ માલ તૈયાર કરે તેને એક્સાઈઝ ડ્યૂટિમાંથી મુક્તિ મળે એટલે ડિટરજન્ટ માટે કાચો માલ આ' - આ પ્રમાણે વાંચવી અને એ જ પાનામાં બીજા કોલમમાં નીચેથી છઠ્ઠી લીટી : 'આડા કાન કરી બજારભાવ ૬ રૂ.માંથી ૧૩ રૂ. થવા દીધો, અને પછી સરકારે લોકોનાં હિતમાં ૧૩ રૂ.માંથી 'ઘટાડી'ને ૯' - આ પ્રમાણે વાંચવી. (૨) વાર્ષિક સાંકળિયું પૃ.૮૪૯ : કોલમ ત્રીજું - લઘુકથામાં છેલ્લે શૂળ (બકુલ દવે) ૧૪, મૃગજળ (પ્રા. મુકુંદ દે. ભટ્ટ) ૪૦૩ ઉમેરવું. (૩) પૃ. ૮૧૩માં 'ધ્યાનકથા'માં છેલ્લેથી લીટી ૧ માં 'શાશ્વતી', લીટી ૩માં 'શાશ્વતી', લીટી પાંચમાં 'આપનું' ને બદલે 'આપણું' વાંચવું.


જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૧૮)

— જયન્તીલાલ મહેતા



૧૯૩૩ની નવમી ડિસેમ્બરે મુનશી બીજાપુર જેલમાંથી છૂટે છે. અને ચાર દિવસ પછી લીલાવતીને સાથે લઈ ગાંધીજીને મળવા મદ્રાસ જાય છે. ગાંધીજીએ કાનૂનભંગની લડત લગભગ સમેટી લીધી છે. પોતે તો રચનાત્મક કાર્યમાં ગળાડૂબ બન્યા છે. તેમાં અસ્પૃશ્યતા નિવારણને ગાંધીજી એટલી અગત્ય આપે છે કે જ્યાં સુધી હરિજનોનો ઉદ્ધાર નહિ થાય ત્યાં સુધી સ્વરાજ્ય મળશે જ નહિ. મુનશી દંપતીને ગળે આ વાત ઊતરતી નથી. એટલે ગાંધીજીની રજા લઈ મુનશી ફરીથી બંધારણીય રસ્તે સ્વરાજ્યની લડત ચલાવવા માટે તેમના જેવી વિચારસરણીવાળા અન્ય નેતાઓને મળે છે. ફરી એક વાર તે બધા ભેગા મળી 'સ્વરાજ પક્ષ'ની સ્થાપના કરે છે. ઈ.સ. ૧૯૨૪માં સ્થપાયેલ સ્વરાજ પાર્ટી તો ગાંધીજીની વિરુદ્ધ વિચારસરણીવાળી હતી. જ્યારે ૧૯૩૪માં ફરી સ્થપાયેલ સ્વરાજ પાર્ટી તો ગાંધીજીના આશીર્વાદ સાથે સ્થપાઈ હતી.

બ્રિટિશ સરકારે નવો ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ ટુકડે ટુકડે લાગુ કરવા ઠરાવ્યું. અને તે અનુષંગે કેન્દ્રની ધારાસભાની ચૂંટણી આવી પડી. મુંબઈમાં બે બેઠકો હતી. તે લડવા કૉંગ્રેસ તરફથી બે ઉમેદવારો રખાયા. એક તો ફિરોજશાહ મહેતાના રાજકીય વારસદાર ગણાતા કે.એફ. નરિમાન હતા. બીજા હતા મુનશી. પરંતુ મુંબઈમાં રાજકારણમાં પારસીઓનું વર્ચસ જબરું હતું. એટલે તેમની સામે ત્રીજા ઉમેદવાર તરીકે ઊભા રહ્યા સર કાવસજી જહાંગીર. અને નરિમાન પોતે પારસી તે ભૂલી શક્યા નહિ. તેમણે આડકતરી રીતે સર કાવસજી જીતે અને મુનશી હારે તે માટે જાતજાતની અંચાઈ આદરી. અને જાણીબૂઝીને ઉમેદવારી પત્રક ભરવામાં ગરબડ કરી. છેક છેલ્લી ઘડીએ સર કાવસજીને જિતાડવા નરિમાને પોતાની ઉમેદવારી પાછી ખેંચી. છાપાંઓમાં આની ઉઘાડે છોગે ચર્ચાઓ ચગી. બૉમ્બે એન્ટીનાએ એક વાચકનો પત્ર છાપ્યો : શેડી ઈલેક્શન ટેક્નિક્સ જેમાં નરિમાનની ચાલ ઉઘાડી પાડી અને લોકોને મત આપવા તૈયાર કર્યા છે તે વાત ખુલ્લી કરી. મુનશીને ૧૭૦૧૫ મતો મળ્યા. સર કાવસજીને ૧૮૧૪૦ મતો મળ્યા. મુનશીની રાજકીય કારકિર્દીમાં આ પ્રથમ હાર હતી.



કે.એફ. નરિમાન


પરંતુ નરિમાનને 'બદલો ભલા બૂરાનો અહીંનો અહીં મળે છે' તે ખૂબ ગવાતી નાટકના ગીતની પંક્તિ મુજબ પછી સખત નશ્યત ખાવી પડી. કૉંગ્રેસના લોખંડી નેતા સરદાર પટેલે આ નશ્યત તેમને ૧૯૩૬/૩૭માં નરીમાનને બદલે બહુ ઓછા જાણીતા મહારાષ્ટ્રિયન કાર્યકર્તા બાળ ગંગાધર ખેરને મુંબઈ પ્રાંતના પ્રથમ મુખ્યમંત્રી બનાવ્યા. ૧૯૩૭માં પ્રથમ પ્રાંતીય સરકાર મુંબઈમાં રચાઈ ત્યારે બી.જી. ખેરે મુખ્યમંત્રી તરીકે પ્રથમ કામ મુનશીને ગૃહમંત્રી બનાવવાનું કર્યું અને નરિમાન રિસાઈને દૂર બેઠા. થોડાંક વર્ષોમાં રાજકારણમાંથી ફેંકાઈ જઈ ભુલાઈ પણ ગયા.

મુનશીના એક વખતના મિત્ર પણ હવે કૉંગ્રેસ અને હિંદુઓના કટ્ટર દુશ્મન ઝીણાની મુસ્લિમ લીગ તો દેશભરમાં કૉંગ્રેસની ચૂંટણીજીતથી ખૂબ આઘાત પામેલી અને કૉંગ્રેસને હિંદુ સંસ્થા કહી ગાળો દેવાઈ. પરંતુ ઝીણાવાદી મુસ્લિમો માત્ર બંધારણીય કે અહિંસક રસ્તે લડત આપે તેવી તેમની તાસીર જ નહિ. એટલે મુંબઈ પ્રાંતમાં કૉંગ્રેસ મંત્રીમંડળે શપથ લીધા બાદ તુરત જ ૧લી ઓગસ્ટ ૧૯૩૭ના દિને લીગના ગુંડાઓએ હુલ્લડ આરંભ્યું. અગાઉ બ્રિટિશ અફસરો પણ જ્યારે જ્યારે

બાળ ગંગાધર ખેર ⟶

સર કાવસજી જહાંગીર

↓





આવાં હુલ્લડો મચતાં ત્યારે ત્યારે મુસ્લિમ કોમવાદીઓને નશ્યત દેવાને બદલે હિંદુઓનો જ વાંક કાઢતા. અને એમ હિંદુઓની કતલ ટાઢે કોઠે જોઈ રહેતા - જાણે કે એમ કરીને હિંદુઓની બહુમતી લઘુમતીમાં ફેરવી નાખી શકાતી હોય! બ્રિટિશ પાદરીઓ શરૂથી જ હિંદુ-મુસ્લિમ બંને કોમોને નાસ્તિક કહી ધિક્કારતા રહેતા. પરંતુ હિંદુઓ પ્રત્યે તેમને વધુ દ્વેષ એ માટે ઊપજતો કે હિંદુઓ પાસે સંસ્કારિતા અને સુજનતા હતાં, જેથી હિંદુઓને ખ્રિસ્તી ધર્મની કહેવાતી સંસ્કારની ઉચ્ચતા તરફ વાળવામાં વધુ મુશ્કેલી પડતી. અને દેખીતી રીતે નહિ, પરંતુ ભીતરથી આ પાદરીઓનો દ્વેષ બ્રિટિશ રાજ્યકર્તાઓને માફક આવી ગયેલો. એટલે તેમની જહાલ પ્રવૃત્તિઓને સુધારાવાદી ઉદ્દામ ગણાવી તેઓ હિંદુઓને હલકા પાડવા એક પણ તક ચૂકતા નહિ. એટલે અગાઉ હુલ્લડો થતાં ત્યારે મુંબઈના મુસ્લિમ બહુમતી વિસ્તારોમાં હિંદુઓનો કચ્ચરઘાણ વળી જતો ત્યારે સરકારી પોલીસ નિષ્ક્રિય બની જોયા કરતી. હુલ્લડો અઠવાડિયાંઓ, મહિનાઓ લાંબાં ચાલતાં. આખરે ઇંગ્લંડમાં જ્યારે લોકમત ઊખળતો ત્યારે બ્રિટિશ રાજ્યકર્તાઓને હુલ્લડો દબાવી દેવાં પડતાં.

પરંતુ ૧૯૩૭માં તો મુનશી જેવા બહાદુર અને વિચક્ષણ ગૃહમંત્રી હતા. હુલ્લડ ફાટી નીકળવાના સમાચાર મળતાં વેંત મુનશી રાતના ૮-૩૦ વાગે પોલીસ કમિશનરની ઑફિસમાં જઈ કમિશનરની ખુરશી પર બેઠા. પોતે જ હકૂમતને છોડવા માંડ્યા. ચીફ પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ તથા પોલીસ કમિશનરની સાથે લઈ મહમદઅલી રોજ ભીંડીબજારમાં ખુલ્લી મોટરમાં ઘૂમ્યા. અને કર્ફ્યૂ લાદવા ઉપરાંત, શૂટ એટ સાઈટ - જુઓ ત્યાં ઠાર કરોના ઑર્ડરો મેજિસ્ટ્રેટ પાસે અપાવવા લાગ્યા. ૧૪૪મી કલમ મુજબ ચાર માણસોથી વધુને એકઠા થવાની મનાઈ ફરમાવી રાતોરાત સરકારી પ્રેસ ખોલાવી ગેઝેટ છપાવ્યાં. પરંતુ ઝીણાવાદીઓ - જેમાં મુસ્લિમ ઉપરાંત કેટલાક પારસીઓ અને હિંદુઓ હતા તેમણે આ હુલ્લડ દાબી દેવાનાં પગલાંઓ સામે વિરોધનો સૂર ઉઠાવ્યો. છાપાંમાં સમાચારો છપાવ્યા કે મુનશીએ મુસ્લિમોની કતલ આરંભી છે. મુનશીએ તુરત હુલ્લડના સમાચાર પર પૂરતી સેન્સરશિપ લાદી. કેટલાક હિંદુદ્વેષીઓએ ૧૪૪મી કલમના હુકમ વિરુદ્ધ હાઈકોર્ટમાં મુકદ્દમો માંડ્યો. બ્રિટિશ ચીફ જસ્ટીસે તેમના પક્ષમાં ચુકાદો આપ્યો અને ૧૪૪મી કલમ નીચે કરાયેલ હુકમોને રદ કર્યા. આ કરતાં થોડા દિવસ વીતી ગયા. પરંતુ હુલ્લડ તો ૩૬ કલાકમાં જ મુનશીએ સમાવી દીધેલું. સાંજે મુનશીને ચીફ જસ્ટીસ કલબમાં મળ્યા ત્યારે ટકોર કરી : 'મિસ્ટર મુનશી, મેં તમારા હુકમો ગેરકાયદેસર ઠેરવ્યા છે.'

જવાબમાં મુનશીએ કહ્યું : 'તેથી શું ? તમે ગેરકાયદેસર ઠેરવ્યા તે અગાઉ તો હુકમો પાછા ખેંચાઈ ગયા હતા. કારણ મેં હુલ્લડ એવું દાબી દીધું કે હુકમો ચાલુ રાખવાની જરૂરત જ ન રહી.'

ચીફ જસ્ટીસ : 'પરંતુ ફરી વાર આવા હુકમો લાદતાં પહેલાં સાવધાન રહેજો.'

મુનશી : 'હુલ્લડો થશે તો હું ફરીથી એવા જ હુકમો છોડીશ અને તમે કેસ ચલાવી તેને ગેરકાયદેસર ઠરાવશો તે અગાઉ તો હુલ્લડો મેં શમાવી દીધાં હશે, નામદાર જજ સાહેબ.'

ચીફ જસ્ટીસ : 'એક વકીલ થઈ તમે આમ કહી શકો છો?'


મુનશી : 'મારી પ્રથમ ફરજ કાયદો ને વ્યવસ્થા જાળવવાની છે, અને તે હું પ્રથમ પાળીશ.'

૧૯૩૯માં હીટલરે પોલેન્ડ પર હુમલો કર્યો. ઇંગ્લંડે હીટલર સામે યુદ્ધની ઘોષણા કરી. પરતંત્ર હિંદની સરકારે પ્રજાની લાગણી કે ભાવના ઉવેખીને હિંદે પણ હીટલર સામે યુદ્ધ જાહેર કર્યું. એટલે કૉંગ્રેસ સરકારોએ રાજીનામાં આપી દીધાં, અને ફરી પાછા પોતાને સર્વાધિક પ્રિય તેવી કેળવણી અને સાહિત્યની પ્રવૃત્તિઓમાં ગૂંથાઈ ગયા. આમ તો ઠેઠ ૧૯૨૫થી મુનશી મુંબઈ યુનિવર્સિટીની સેનેટમાં ચૂંટાયેલા અને તેમાં સર ચિમનલાલ સેતલવાડની સાથે રહી ઘણા સુધારા કરાવેલા. મુનશી કહેતા કે, દેશસેવા માટે જેટલી ધારાસભાઓ કામની છે તેટલી જ અગત્ય યુનિવર્સિટીઓની પણ ગણવી જોઈએ. દેશના માનવધનને ઘડનારી આ સંસ્થાઓ જ પાયાની સંસ્થાઓ છે. એટલે ૧૯૨૭માં જ ગુજરાતને જુદી યુનિવર્સિટી આપવી જોઈએ તેવો ઠરાવ તે મુંબઈ યુનિવર્સિટીની સેનેટમાં લઈ આવ્યા. ૧૯૨૭માં ચાન્સેલર ચૂંટેલા હોવા જોઈએ અને સેનેટમાં પણ કોમવાદી ધોરણે ક્વોટા ફાળવવા જોઈએ તેવા ઠરાવોનો મુનશીએ વિરોધ કરતાં તેમની લાક્ષણિક ટીખળથી ઉપહાસ કરતાં કહેલું : 'ધારો કે પૂનાની આજની ટ્રેનમાં એન્જિન ડ્રાઈવર શેયીયન છે, તો આવતી કાલે કોઈ બ્રાહ્મણ સિવાયની જ્ઞાતિનો ડ્રાઈવર જ જોઈએ અને પરમ દિવસે તો તે મુસ્લિમ જ હોવો જોઈએ એવી માગણી મિસ્ટર નૂરમોહમ્મદની છે. આવી હાસ્યાસ્પદ માગણી સ્વીકારી આપણે ઉચ્ચ કેળવણીની સંસ્થાને સત્તાકારણનો અખાડો બનાવવી છે?' વડોદરામાં યુનિવર્સિટી સ્થાપવા તેમણે સક્રિય ભાંગ ભજવ્યો. ઉપરાંત મુનશી માનતા કે ઔદ્યોગિક શહેરોમાં જ યુનિવર્સિટીઓ હોવાથી આપણે ઉચ્ચ શિક્ષણને ધંધાદારી બનાવી દીધું છે. તેને બદલે ગ્રામપ્રદેશમાં પણ યુનિવર્સિટીઓ સ્થાપવી જોઈએ. ઉદયપુરના મહારાણાને અપનાવી ચિત્તોડમાં મહારાણા પ્રતાપ યુનિવર્સિટી સ્થાપવાની યોજના રજૂ કરી. પણ વિઘ્નસંતોષીઓએ તે યોજના સફળ થવા દીધી નહિ. કારણ મુનશીની દલીલ હતી કે ચિત્તોડ જેવા ઐતિહાસિક વિસ્તારમાં યુનિવર્સિટી સ્થપાય તો તેને ઐતિહાસિક માહોલ અને ભાવનાઓનું

વિદ્યાર્થીઓને બળ મળે. તે વાત જ કોમવાદીઓને ખૂંચી. તેમાં તેમને શહેનશાહ અકબરશાહના વિરોધની બૂ આવી! એટલે મુનશી દંપતી સર્વાંગીણ કેળવણીએ ભારતીય સંસ્કૃતિની પુનર્જાગરણની જ્ઞાનપીઠો હોવી જોઈએ તેવી પોતાની વિચારસરણીને ચરિતાર્થ કરવા પોતાની જ યુનિવર્સિટી ૧૯૩૮માં સ્થાપી અને નામ રાખ્યું 'ભારતીય વિદ્યાભવન' આ માત્ર વિદ્યાનું ભવન ન હતું. તેમાં પહેલો અને સૌથી અગત્યનો શબ્દ હતો : ભારતીય. તા.૭મી નવેમ્બર ૧૯૩૮ના સ્થાપના દિને મુનશીએ ઘોષણા કરી કે આ ભવન અને ભવિષ્યમાં સ્થપાનાર તેની શાખાઓમાં મુખ્ય પ્રવૃત્તિ હશે પ્રાચીન ભારતની વિદ્યાઓનો અભ્યાસ, અને આ ભારતીયતાના પરિપ્રેક્ષ્યમાં અપાશે આધુનિક શિક્ષણ. આ ભવન તો ઈશ્વરની દેણ છે. અને હું તો માત્ર ઈશ્વરી કાર્ય કરવા તત્પર એક અદનો સેવક માત્ર.

શેક્સ્પિયરનાં 'સેવન સ્ટેઈજીઝ ઑવ્ મેન'ની જેમ નર્મદજીવન નાટકનાં મુનશીએ સાત પ્રકરણો લખ્યાં અને નર્મદની શક્તિઓ અને મર્યાદાઓ, નર્મદની સિદ્ધિઓ અને નિષ્ફળતાઓનું ઈતિહાસશુદ્ધ પ્રામાણિક અને નર્યું નિખાલસ ચિત્ર ચીતર્યું. તે વાંચતાં લાગે છે કે નર્મદે પોતે લખેલી આત્મકથા 'મારી હકીકત' ઉપરથી જો અમેરિકામાં વસતા આધુનિક યુવાનો સરસ સચોટ નાટક રચી મુંબઈ-ગુજરાતની વાહ વાહ ઉઘરાવી શકતા હોય તો મુનશીના આ પુસ્તક પરથી તો તેથીએ વધુ સચોટ અને સફળ નાટક કાંઈક કાંતિ મડિયા કે પરેશ રાવળ જેવા ભજવે તો ગુજરાતી નાટકની દુનિયામાં જયજયકાર થઈ જાય.

નર્મદને 'વીર નર્મદ' તરીકે આપણે બહુ વખાણ્યો છે. પરંતુ મુનશીએ તેમાં ઉમેરો કરી નર્મદને ક્રાન્તિકારી બનાવી ક્રાન્તિવીર બનાવ્યો છે. અને ફ્રેન્ચ ક્રાન્તિની માફક ક્રાન્તિઓની સાર્થકતા એની તત્કાલીન સફળતાઓથી નથી મપાતી. ક્રાન્તિઓની સફળતાનાં કોષ્ટકો નથી હોતાં. ક્રાન્તિઓનું સાર્થક્ય તો સચવાય છે નર્મદ જેવા ક્રાન્તિવીરોની ઝિંદાદિલ જવાંમર્દીની જીવનકહાનીઓમાં. એટલે આવી જીવનકહાનીઓના રચયિતા મુનશીઓ જ આ ક્રાન્તિને સજીવન રાખે છે. પ્રથમ પ્રકરણ 'સુરતી'માં મુનશીની કલમ ૧૮૫૧ની જાન્યુઆરી બપોરે નોકરિયાત પિતા લાલશંકર દવે અને ૧૮ વર્ષના જુવાન દીકરા નર્મદાશંકર વચ્ચેના અર્થસભર સંવાદથી કરે છે. 'લાલો' નર્મદ સુરતમાં પણ ઝળકે છે પણ મનના અગોચર ખૂણે તો તેને મોહમયી મુંબઈ નગરીની માયા ભુલાતી નથી. કારણ તે જાણે છે કે મહત્ત્વાકાંક્ષી મરજીવાઓને મોતીઓ તો મુંબઈમાં જનસમુદ્રમાં જ જડે છે. ૧૮૫૧માં જ ત્યારે ઠરીઠામ થયેલા, પ્રતિષ્ઠાને વરેલા કવિ દલપતરામ સુરત આવે છે. પણ નર્મદને ઠરેલ ને ઠાવકા દલપતરામ કે તેમનાં જોડકણાં ગમતાં નથી. નર્મદને રોમેરોમ પ્રકટતો જુસ્સો ક્યાં? નર્મદને રૂંવેરૂંવે ઊછળતાં પ્રેમ અને શૌર્ય ક્યાં? અને પ્રેમ, શૌર્ય અને જુસ્સા વગર



ભારતીય વિદ્યાભવન, મુંબઈ



કવિ નર્મદ

સાહિત્ય, સર્જનાત્મક સાહિત્ય રચાય જ ક્યાંથી?

પછી મુનશી નર્મદની કવિતા અને ગદ્યમાંથી કંડિકાઓ ઉતારતા રહી આસ્વાદ કરાવતા રહે છે. પણ વ્યક્તિ તરીકે મુનશી જે નર્મદને પૂજે છે, તે જ નર્મદની સાહિત્યિક સર્જકતા વિશે પ્રામાણિકપણે નહોતું... એનો આત્મા રસવિહ્વળ સરસતાભક્ત કવિનો નહોતો. પોતાના વાગ્વૈભવમાં મુગ્ધ ધાંધલીઆ હોઈ સુધારકનો હતો. નર્મદ ઔચિત્ય રાખી શકે એ તો વિરલ વાત... 'કવિતા જેને વશ છે તે કવિ નથી, જે કવિતાને વશ છે તે કવિ ખરો' શીઘ્ર કવિવર દલપતરામ પર આ આક્ષેપ છે. પણ આ સૂત્રમાં કવિત્વનું પરમ સત્ય સમાયું છે. નર્મદ આ સૂત્ર પ્રમાણે ચાલવા મથતો આ જમાનાનો પ્રથમ કવિ (અર્વાચીનોમાં આદ્ય). એમાં એની વિશિષ્ટતા રહી છે. પણ એ પ્રયત્ન એ સફળ ન કરી શક્યો તેમાં દોષ દૃષ્ટિનો નથી, શક્તિનો છે... ૧૭મી સપ્ટેમ્બર ૧૮૫૮ને દિવસે... તે ઘેર આવે છે, સંકલ્પની પ્રેરણાથી પયગંબરી મનોદશા અનુભવતો. આવીને સામે કલમ મૂકે છે. એનાથી સરસ્વતીની બીજી કેવી અદ્‌ભુત પ્રતિમા જોઈએ? તે હાથ જોડે છે. સંકલ્પ કરે છે કે નોકરી નથી કરવી : 'શારદા! શારદા!'ને આત્મમંથનના ઉત્સુક, દુ:ખમય ભાવિથી ત્રાસતા, સંકલ્પની ધૂનમાં મસ્ત, નર્મદની આંખમાં ઝળઝળિયાં આવે છે : 'મા! મા! હવે હું તારે ખોળે છઉં'... સંકલ્પ થઈ ગયો. સ્વરૂપાભાસ અદૃષ્ટ થયો. ને નર્મદ હતો તેવો થઈ રહ્યો - મનસ્વી, મિત્રોમાં અસહિષ્ણુ, સ્ત્રીમિત્રોનો લાડકો, કેટલાય મહિપતરામો અને નવલરામો કમાયા તેથી વધારે પૈસો, બક્ષિસો, ભલામણો ને પુસ્તકોની આવકો દ્વારા સત્કારાતો : ફક્કડ કપડામાં, ઉડાઉ દેવામાં, ને હાથીના જેવા ખર્ચાઓમાં પૈસા વિસર્જન કરતો. સબળ શક્તિ અને મહાન નિર્બળતાઓનો પુંજ - માનવી - કોઈક ગુણે પ્રશસ્ય, કોઈક કર્તવ્ય અર્વ્યાઈ, કોઈક દોષે સમદુ:ખીઆ સાથે સંબંધ બાંધતો : મનુજઆદિમાં, મધ્યમાં, અંતમાં...'

આખરે યમ - સઈ પાશોના છેત્તા - આવે છે ને ૧૮૮૬ના ફેબ્રુઆરીની તા.૨૫મીને ગુરુવારે શૃંખલાઓ છેદી નાખે છે... ડાહીગૌરી, નર્મદાગૌરી ને જયશંકર સ્નેહભીનાં, નિર્ધન, નિરાધાર

હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર.....યુફ્રેઝીઆ (EUPHRASIA LATHURIS)..... હેમેન્દ્ર એ. શાહ

યુફ્રેઝીઆ નામના છોડમાંથી આ ઔષધ બનાવવામાં આવે છે. આ ઔષધ આંખના રોગોમાં ઘણું જ અસરકારક હોવાથી તેને 'આઈ બ્રાઈટ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

આંખ આવી હોય, આંખ લાલ રહેતી હોય, આંખમાંથી ગરમ પાણી સતત નીકળતું હોય ત્યારે આ ઔષધ ઘણું સારું. શરદીને લીધે સતત નીકળતાં આંખ અને નાકનાં પાણી માટે પણ આ દવા ઘણી ઉપયોગી છે. માસિક સ્રાવમાં ઘણો દુઃખાવો થતો હોય નિયમિત શરૂ થઈ એક કલાક સુધી જ રક્તસ્રાવ ચાલુ રહે પછી બંધ થઈ જાય, માસિક ધર્મ મોડો શરૂ થાય, ઓછો આવે અને એક દિવસ જ રહે ત્યારે આ ઔષધ લેવું જોઈએ.

આ ઔષધ પડવા-આખડવામાં આર્નિકા જેવું અસરકારક છે. વાગવાથી માનસિક વિચારસરણીમાં સ્થિરતા ન હોય, મોઢામાં કડવો સ્વાદ આવે, ખાસ કરીને ધુમ્રપાન કર્યા પછી અથવા બોલતી વખતે વારંવાર ખચકાટ આવે, ધ્રુજારી જેવો અવાજ નીકળે, જીભ કઠણ થાય અને બોલવામાં તકલીફ પડે, શ્વાસ લેવામાં તકલીફ વર્તાય, બરડામાં ભીંસ સાથે દુઃખાવો લાગે, વારંવાર પેશાબ થાય ત્યારે યુફ્રેઝીઆ લેવાથી ઘણી રાહત રહે છે. આંખમાં કચરો કે રેતી ગઈ હોય તેવી લાગણી થાય, હવા-ઉજાશ સહન ન થાય, પ્રકાશ ખમાય નહીં ત્યારે યુફ્રેઝીઆ ઘણી અસરકારક દવા છે. આંખની આસપાસ લીલાશ પડતાં કુંડાળાં, શરદીમાં નાકનો સોજો હોય, અવાજમાં ઘોઘરાપણું આવે, ગળું ચોખ્ખું કરવા જતાં ચીકણો પીળો ગળફો નીકળે, હોઠનો ઉપરનો ભાગ લાકડા જેવો કઠણ થઈ જાય, આંખમાં વાળ હોય તેવી ભ્રમણા થાય, મોતિયાની અસર હોય, કંજક્ટિવાઈસની શરૂઆત હોય તેમાં યુફ્રેઝીઆ ઘણી મદદરૂપ દવા છે.

મુખ્યત્વે યુફ્રેઝીઆ આંખનું ઔષધ હોવા છતાં તે ઘણા રોગોમાં ઉપયોગી છે. ઇન્ફલ્યુએન્ઝામાં, ડાબો ગાલ કઠણ થઈ જાય ત્યારે આંખના દુઃખાવા સાથે માથાનો દુઃખાવો અસહ્ય થઈ જાય ત્યારે, પેડુમાં સણકા મારતો દુઃખાવો રહેતો હોય ત્યારે, હવાઉજાશવાળી જગ્યામાં ચાલવાથી બગાસાં અને બેચેનીની લાગણી થતી હોય ત્યારે પણ યુફ્રેઝીઆ અગત્યનો ભાગ ભજવી દર્દને મટાડે છે. □

રડે છે.. ગુજરાત પલવાર કંપે છેઃ મહાન, પ્રતાપી કવિ નર્મદાશંકરને દેવાજ્ઞા થઈ મૃત્યુના કારમા સાન્નિધ્યમાં માનવોનો દ્વેષ શમી જાય છે. સુરતના નાગરો ન્યાતબાર નર્મદના અવશેષને સ્મશાને લઈ જાય છે. અને સુરતી અગ્નિદાહ કરે છે, છાર છાંટે છે. અસ્થિ ભેગા કરે છે... અને ગર્વ કરે છે કે નર્મદ તેમનામાં જન્મ્યો હતો. અને જેણે ગુજરાતને સર્વસ્વ આપ્યું તેના નિરાધાર કુટુંબના નિર્વાહ માટે ગુજરાત - ઉત્તર ગુજરાત - એના અબજોના ભંડારમાંથી ફક્ત પચ્ચીસસો રૂપરડી ભેગી કરવાનો મહાન પુણ્યસંચય કરે છે...


'... આમ નર્મદ જીવે છે ને આમ જાય છે. બે બે યુગને સંગમે જન્મ્યો ને નવા યુગનો સ્રષ્ટા બન્યો. એણે નવા સંસ્કાર ઝીલ્યા ને જૂનાને સંશોધ્યા. એણે જૂના રસ, અલંકાર ને નાયિકાવિષયો નવા જમાનાને શીખવ્યા. પિંગળ, વ્યાકરણ, કોશ ને પુરાતત્ત્વના પાયા નાખ્યા. જૂનાં બંધનોમાંથી મુક્ત કરી કવિતાને તેણે અદ્દભુતરંગી, આત્મલક્ષી, ઊર્મિથી તરવરતી કરી મૂકી. એણે ઊર્મિગીતનો પ્રારંભ કર્યો. પ્રકૃતિવર્ણનનો નાદ લગાડ્યો. પ્રણયને યોગ્ય સ્થાને રાખી પૂજ્યો. જીવનનો ઉલ્લાસ જેવો માણ્યો તેવો ગાયો. એણે ગદ્યને વિશુદ્ધ કર્યું. સમૃદ્ધ કર્યું, રસમયતા - ચિત્રમયતાને માર્ગે વહેતું કર્યું. ભાષણ ને નિબંધ સુંદર કર્યા.

'...એણે પરસંસ્કાર ઝીલ્યા ને એ સુધારાનો પયગંબર થયો. એણે નિર્માલ્યતાને પડકાર કર્યો, વીરધર્મનો વાવટો ઉડાવ્યો. સ્વતંત્રતાનો જાપ કર્યો ને કરાવ્યો. સમાજનાં બંધનો તોડ્યાં ને તોડતાં શીખવ્યું.'બ્રિટિશ અમલને પારખ્યો ને સ્વાતંત્ર્ય-દીક્ષાનાં સૂત્રો રચી ગયો. છેલ્લે આર્યત્વનાં મૌલિક મૂલ્યોની ઝાંખી કરી. તેને સ્વસંસ્કારમાં રહેલું રહસ્ય સમજાયું એટલું જ નહિ, પણ પરસંસ્કાર વિસારી નાખી, સ્વસંસ્કારને પુનર્જીવન આપનાર મહાગુજરાતીની અનંતમાલા, જે અનાદિકાળથી ચાલી આવે છે તેનો મહત્ત્વનો મણકો થયો... તે મર્દ હતો.

'... અંધકારમાંથી પાટણનાથોએ ગુજરાતને તાર્યું ત્યારે સાહિત્ય, વિદ્યા ને સંસ્કારની નવસૃષ્ટિ તારી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે. મુસ્લિમ જુલ્મની દારુણતામાંથી ભાગવત્ ધર્મે ગુજરાત બચાવ્યું ત્યારે સાહિત્ય, ભક્તિ ને નીતિનું જગત ઉપર આણ્યું વૈષ્ણવ શિરોમણી નરસૈયાએ. મરાઠા અંધાધૂંધીમાં પૂર્વ-પશ્ચિમની સંધિએ, પુનર્ઘટનાકારો ફાંફા મારતા હતા ત્યારે નર્મદ આવ્યો. એણે પ્રલયજળમાં ડૂબકી મારી, નવગુજરાતને ઉપર આણ્યું. નવગુજરાત : સાહિત્યને સંસ્કારની સુવાસે સરસ - પરાક્રમ અને પ્રાણની સંજીવની નવજુવાન... '... આમ સંક્રાન્તિકાળે, પ્રલયમાંથી નવસૃષ્ટિના તારણહાર મહાવરાહો ગુજરાતને મળ્યા જ ગયા છે.'

મુનશીની અંતિમ અંજલિ વાંચતા યાદ આવે છે ન્હાનાલાલ કવિનું ગીત :

ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ,
અમારો ગુણિયલ ગુર્જર દેશ. (ક્રમશઃ)



સંસ્થા-પરિચય

ઇન્ડિયન એસોસિએશન ફોર ધ કલ્ટિવેશન ઑવ્ સાયન્સ

(આઈ.એ.સી.એસ. - IACS)

પ્રા. સુરેશ ર. શાહ

←
વિજયનગરમ્ પ્રયોગશાળા

આશરે ૧૨૫ વર્ષો પૂર્વે સ્થાપયેલી અને ભવ્ય ભૂતકાળ ધરાવતી કલકત્તા સ્થિત આ સંશોધન અને વૈજ્ઞાનિક તાલીમ માટેની સંસ્થા સામાન્ય રીતે એસોસિએશનના ટૂંકા નામે ઓળખાય છે. તેમાં હાલમાં ભૌતિકશાસ્ત્ર અને રસાયણ-શાસ્ત્રમાં મૂળભૂત તથા પ્રયુક્ત (અપ્લાઈડ) વૈજ્ઞાનિક સંશોધનો ચાલી રહ્યાં છે. વર્ષે આશરે ૫.૫ કરોડના બજેટવાળી આ સંસ્થાનું સંચાલન કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલૉજી વિભાગ તથા પશ્ચિમ બંગાળના શિક્ષણ વિભાગના સંયુક્ત નેજા હેઠળ ચાલી રહ્યું છે. આ સંશોધન સંસ્થામાં ૨૨૦ થી અધિક વિજ્ઞાનીઓ અને તજ્જ્ઞો સેવાઓ આપી રહ્યા છે. તેમને સહાયભૂત થવા બીજા ૧૫૦ જેટલા કર્મચારીઓ પણ ત્યાં કાર્યરત છે.

સંસ્થાના પુસ્તકાલયમાં પંદર હજારથી વધુ પુસ્તકો છે. તેમાં નવાં પુસ્તકો અને આધુનિક સુવિધાઓ માટે પ્રતિવર્ષ ૮૦ લાખનો ખર્ચ થાય છે. સંસ્થા પોતાનાં બે સામયિકો બહાર પાડે છે. આમ, પૂર્ણ વિકસિત આ સંશોધન-સંસ્થા આજે એક વટવૃક્ષ સમાન બની ચૂકી છે.

ડૉ.મહેન્દ્ર લાલ સરકાર (૧૮૩૩-૧૯૦૪)ના અથાગ પ્રયાસોથી આ એસોસિએશનની સ્થાપના કરવામાં આવી હતી. સંસ્થાના સંસ્થાપક ડૉ.સરકારે કલકત્તા મેડિકલ કોલેજમાંથી ૧૮૬૩માં પ્રથમ નંબરે ડૉક્ટર ઓફ મેડિસિન - એમ.ડી.ની ડિગ્રી મેળવી હતી. ઊંડી રાષ્ટ્રિય ભાવનાવાળું દષ્ટિબિંદુ ધરાવતા આ ડૉક્ટર સાહેબે મેડિકલ ક્ષેત્ર ઉપરાંત બીજાં અનેકવિધ ક્ષેત્રોમાં રસ કેળવ્યો હતો. તે વેળાની અંગ્રેજ સરકારે દાખલ કરેલી નવી શિક્ષણ પદ્ધતિમાં આર્ટ્સના વિષયોની સરખામણીમાં વિજ્ઞાન ઉપર ખૂબ જ ઓછું ધ્યાન આપ્યું હતું. ભારતનાં લોકોને વિજ્ઞાન ક્ષેત્રમાં આગળ વધવાની તકો નહિવત્ હતી. વિજ્ઞાનના આગળ અભ્યાસ માટે તેમજ સંશોધનો માટેનાં દ્વાર ભારતનાં લોકો માટે હજુ ખૂલ્યાં જ નહોતાં.

૧૯૨૨ સુધી બ્રિટિશ ઇન્ડિયાનું પાટનગર કલકત્તા હતું. અંગ્રેજો કલકત્તાને પૂર્વનું લંડન ગણતા હતા. લંડનની રૉયલ સોસાયટી અને બ્રિટિશ એસોસિએશન ફોર એડવાન્સમેન્ટ ઑફ સાયન્સ જેવી ખાસિયતો ધરાવતી સંસ્થા અહીં ભારતમાં ભારતનાં લોકો માટે અને ભારતીય સંચાલન હેઠળ ઊભી કરવાનો ડૉ. મહેન્દ્ર લાલ સરકારનો મત હતો. મેડિકલ જર્નલમાં અને બીજાં સામયિકોમાં તે અંગેના વિચારપ્રેરક લેખો લખીને તે માટે જરૂરી જનજાગૃતિ લાવવા અને તે માટે ઊભું કરવા તેઓ પ્રયત્નશીલ હતા. આમાં તેમને કેટલાક અંશે સફળતા પણ મળી હતી. આવી સંસ્થામાં શરૂઆતમાં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને શરીરવિજ્ઞાનના સંશોધન અભ્યાસો માટે સુવિધાઓ ઊભી કરવાનો તેઓ મત ધરાવતા હતા.

અંતે આવી સંસ્થાની રચના તેઓ કરી શક્યા. ડૉ.મહેન્દ્ર લાલ સરકારના અવિરત પ્રયાસો તથા લોકોનો અમૂલ્ય ફાળો અને ઉત્સાહથી આ કાર્યમાં તેમને સફળતા સાંપડી. તે વેળાની અંગ્રેજ સરકારે એસોસિએશન રૂપિયા પચાસ હજાર સરકારી જામીનગીરીમાં રોકે તે શરતે કલકત્તામાં બાઉબઝાર સ્ટ્રીટ ખાતે આવેલી એક સરકારી ઇમારતનો કબજો આ સંસ્થાને સોંપ્યો. આમ, જુલાઈ ૧૮૭૬થી તેનો વિધિસર પ્રારંભ થયો. તેમને સાથ આપવામાં ત્યાંના પ્રખર ધારાશાસ્ત્રી અને પાછળથી કલકત્તા હાઈકોર્ટના ન્યાયમૂર્તિપદે પહોંચેલા સર આસુતોષ મુખરજી હતા. તેઓ પાછળથી કલકત્તા યુનિવર્સિટીના કુલપતિ બન્યા હતા. તેમના પુત્ર શ્યામાપ્રસાદ મુખરજી ભારતીય લોકસભાના વિરોધપક્ષના પ્રખર વક્તા અને ભારતીય જનસંઘના સ્થાપક હતા.

સર આસુતોષ મુખરજી સ્વઅધ્યયનથી અને વાચનથી એક સારા ગણિતજ્ઞ પણ હતા. તેમના જ પ્રયાસોથી કલકત્તા યુનિવર્સિટીમાં વિજ્ઞાનના અભ્યાસ અને અધ્યયનમાં ઘણી પ્રગતિ થઈ હતી. ધીરે ધીરે એસોસિએશનમાં જનજાગૃતિ માટે વિજ્ઞાનવિષયક પ્રવચનોની પ્રવૃત્તિ શરૂ થઈ. થોડા સમય પછી એસોસિએશને આ મકાન સરકાર પાસેથી ખરીદી લીધું અને ત્યાં નવેસરથી વ્યાખ્યાનો અંગેના અને વિવિધ પ્રયોગશાળાઓનાં બાંધકામનું આયોજન કરાયું. વિજયનગરના મહારાજાની ઉદાર સખાવતથી ત્યાં ૧૩ ઓરડાઓનું નવું ભવન અને બીજી સુવિધાઓ ઊભી કરાઈ. ૧૮૯૧માં આ નવા બંધાયેલા ભવનનું વિજયનગરમ્ પ્રયોગશાળાઓ એવું નવું નામકરણ કરવામાં આવ્યું. ભારતના મહાન સપૂત વિજ્ઞાની સર સી.વી. રામને તેમના શ્રેષ્ઠ સંશોધન 'રામન અસર' જેના માટે તેમને નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું. તે અંગેના સઘળા પ્રયોગો આ ભવનમાં કર્યા હતા. રામનના સંશોધનનો સુવર્ણકાળ આ પ્રયોગશાળાઓમાં વીત્યો હતો. તેમની અત્રેની પ્રવૃત્તિઓથી જ આ ભવન પણ વિજ્ઞાન જગતમાં વિખ્યાત બન્યું હતું. તેમજ દેશવિદેશના અનેક વિજ્ઞાનીઓ માટે યાત્રાના ધામ સમું રહ્યું હતું.

જો કે ડૉ.મહેન્દ્રલાલ સરકારને અહીં ઊભી કરાયેલી સુવિધાઓથી સંતોષ હતો પણ પ્રારંભમાં તેનો પૂરતો લાભ લેવાતો ન હતો તેથી તેઓ નિરાશ થતા. તેમની હયાતીમાં આ સંસ્થાને રાષ્ટ્રિય કક્ષાની બનાવવાનાં તેમનાં સ્વપ્નો સાકાર થયાં નહોતાં. ફેબ્રુઆરી, ૧૯૦૪માં ડૉ.મહેન્દ્રલાલ સરકાર - એક પ્રખર વિદ્વાન અને સ્વપ્નદ્રષ્ટા એવા આ મહામાનવનું એક નિરાશ માનવીની માફક નિધન થયું હતું.

સંસ્થાના સ્થાપક સંચાલક ડૉ.મહેન્દ્રલાલ સરકારના અવસાનનાં ત્રણ વર્ષ બાદ ૧૯૦૭માં એક અત્યંત તેજસ્વી યુવાને આ ભવનમાં પ્રવેશ કર્યો. અને થોડાક જ સમયમાં તે સંસ્થા ઉપર છવાઈ ગયો. તેમના આગમનથી સંસ્થા પ્રવૃત્તિથી ધમધમવા લાગી.

જૂન, ૧૯૦૭માં ચંદ્રશેખર વ્યંકટ રામન નાણાંખાતાની પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા અને કલકત્તા ખાતે નાણાંખાતામાં એક ઉચ્ચકક્ષાના અમલદાર તરીકે જોડાયા. જ્યારે તેઓ કલકત્તા આવ્યા ત્યારે તેઓ આ શહેરથી કે આ એસોસિએશનથી પરિચિત નહોતા. થોડા દિવસો પછી ઑફિસે જતી વખતે માર્ગમાં તેમણે આ ભવન અને તેના ઉપરનું પાટિયું જોયું. વિજ્ઞાન અંગેના આ એસોસિએશન અંગે વધુ જાણવા તેમનામાં તીવ્ર ઇન્તેજારી જાગી. સાંજે ઑફિસેથી ઘેર પાછા જતી વખતે માર્ગમાં તેઓ અહીં આવ્યા અને ભવનનાં બંધ દ્વાર ખટખટાવ્યાં. પટાવાળા જેવી જણાતી એક વ્યક્તિએ દ્વાર ખોલ્યું ત્યારે તેમણે આ સંસ્થા અંગે પૃચ્છા કરી. તેના જવાબમાં પટાવાળો તેમને ભવનમાં અંદર લઈ ગયો અને સંસ્થાના માનદ્ મંત્રી અને (સ્વ.) ડૉ.મહેન્દ્રલાલ સરકારના ભત્રીજા શ્રી અમૃતલાલ સરકાર સાથે મુલાકાત કરાવી. થોડીક પ્રારંભિક વાતચીતોને અંતે તેમણે શ્રી રામનને સરકારી નોકરી બાદના ફાજલ સમયમાં અહીં સંશોધન કરવા દેવા અને અહીંની સુવિધાઓનો ઉપયોગ કરવા મંજૂરી આપી.

પછી તો રામન સંશોધનમાં ડૂબી ગયા. સરકારી નોકરી સિવાયનો સઘળો સમય તેઓ અહીં વિતાવતા, મોડી રાતે ઘેર જતા અને ફરી વહેલી સવારે આવી જતા. પ્રારંભમાં તો તેમના એકમાત્ર સાથી અને સંસ્થાના સેવક આસુતોષ ડે હતા કે જેમણે ભવનનું દ્વાર પહેલું ખોલ્યું હતું. રામનનો સંસ્થા સાથેનો પહેલો દાયકો તો આવી રીતે જ વીત્યો. આથી જ સંસ્થાના ત્રણ દાયકા પછી સંસ્થામાંથી રામનનું અત્રેનું પહેલું સંશોધન પેપર બહાર પડ્યું ત્યારે તેમના સહલેખક શ્રી આસુતોષ ડે હતા. જેમણે કદી પણ કૉલેજ-શિક્ષણ લીધું નહોતું. પણ રાત-દિવસ રામનને અનેકવિધ સહાય કરવા તત્પર રહેતા હતા.

થોડા સમય પછી રામનની બદલી રંગૂન ખાતે થઈ. ૧૯૩૫ સુધી બર્મા એ ભારતનો જ એક ભાગ હતો. રંગૂનના નિવાસ દરમિયાન રામને કલકત્તા ખાતે કરેલા પ્રયોગોનો અભ્યાસ કરી તેમાંથી સંશોધન પેપરો લખ્યાં હતાં. રંગૂનથી રામનની બદલી નાગપુર થઈ અને થોડા જ વખતમાં ફરી એક વાર તેમની કલકત્તા બદલી થઈ. હવે કામ પૂરબહારમાં ચાલું થયું. સંશોધન કાર્યોમાં વેગ આવ્યો. કલકત્તા યુનિવર્સિટીમાં ૧૭૦૬માં સર આસુતોષ મુખરજીની કુલપતિપદે નિયુક્તિ થઈ. હવે યુનિવર્સિટીનાં નવાં વિજ્ઞાન ભવનો તૈયાર થયાં અને ત્યાં પણ સારા



ડૉ. મહેન્દ્ર લાલ સરકાર



સર સી.વી. રામન

વિદ્વાન પ્રોફેસરોની નિયુક્તિ થઈ. સર આસુતોષ મુખરજીએ સી.વી.રામનને યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર તરીકે જોડાવા નિમંત્રણ પાઠવ્યું. રામને તે આનંદસહ સ્વીકાર્યું. આમ, ૧૭૧૭માં નાણાંખાતાની રૂ.૧૧૦૦ના માસિક પગારની નોકરીએથી રાજીનામું આપી રૂ.૬૦૦ના પગારથી યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે તેઓ જોડાયા.

હવે રામન યુનિવર્સિટીમાં અધ્યયન વિભાગનું સંચાલન તથા એસોસિએશનમાં સંશોધન એમ ત્રિમુખી પ્રયાસોમાં વ્યસ્ત રહેવા લાગ્યા. તે બધાં જ ક્ષેત્રે તેમણે નામના કાઢી. ૧૯૧૯માં એસોસિએશનના તત્કાલીન માનદ્ મંત્રી શ્રી અમૃતલાલ સરકારનું નિધન થતાં રામને એસોસિએશનના સેક્રેટરી તરીકેની જવાબદારી સ્વીકારી અને સંસ્થાનું સંચાલન તેમણે સારી રીતે કર્યું. સંસ્થામાં હવે ભૌતિકવિજ્ઞાન ઉપરાંત બીજા વિભાગો પણ પ્રવૃત્તિઓથી ધમધમવા લાગ્યા. ૧૯૨૧માં કલકત્તા યુનિવર્સિટીએ તેમને માનદ્ ડૉક્ટરેટની પદવી એનાયત કરી.

૧૯૨૧માં મદ્રાસ યુનિવર્સિટીની સંશોધન સ્કૉલરશિપ મેળવીને ત્યાંથી કે.આર.રામનાથન, ડૉ.સી.વી.રામનના માર્ગદર્શન હેઠળ ડૉક્ટરેટ કરવા અહીં આવ્યા. આ એક વર્ષના સતત પરિશ્રમ દરમિયાન જ અહીં રામનને નોબેલ પારિતોષિક અપાવનાર 'રામનઅસર' સંશોધનના પ્રાથમિક પ્રયોગો થયા અને એ રીતે ભારત માટે નામના મેળવી આપનાર નોબેલ પારિતોષિકનાં મૂળ નંખાયાં. એસોસિએશનની આ જ પ્રયોગશાળાઓમાં ૧૯૨૮ની એક સ્વચ્છ સવારે તેમણે 'રામન અસર' અંગેના જાહેર પ્રયોગો કર્યા અને વિજ્ઞાનવિશ્વમાં તેમની મહત્ત્વની શોધની જાહેરાત કરી. તેમને ૧૯૩૦માં ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું. આ રીતે સી.વી.રામન, તેમનું મહત્ત્વનું સંશોધન 'રામન અસર' અને જ્યાં તે અંગેનું સંશોધનકાર્ય કરાયું હતું તે એસોસિએશન - ત્રણેય વિજ્ઞાનવિશ્વના નકશામાં સુયોગ્ય સ્થાન પામ્યાં. ભારત અને ભારતીય વિજ્ઞાની માટે વિજ્ઞાનના ક્ષેત્રે આ સૌપ્રથમ નોબેલ પારિતોષિક હતું.

ખૂબીની વાત તો એ હતી કે અંગ્રેજોના શાસનકાળમાં ભારતીઓ વડે, ભારતના સખાવતીઓનાં નાણાંથી ઊભી કરાયેલી અને સંપૂર્ણપણે ભારતીય વ્યવસ્થાપન હેઠળ ચાલતી આ સંશોધન સંસ્થા હતી અને તેમાં થયેલાં આવાં ઉચ્ચ સંશોધનને આંતરરાષ્ટ્રિય સ્તરે વર્ષના શ્રેષ્ઠ સંશોધન તરીકે માન્યતા અપાઈ હતી. આમ, આ એસોસિએશનને વિશ્વવિજ્ઞાનના નકશા પર સન્માનભર્યું સ્થાન મળ્યું હતું અને માન્યતા પણ પ્રાપ્ત હતી.

આ એસોસિએશને સર સી.વી.રામનને તેમના સંશોધન-કાળનાં પ્રારંભિક વર્ષોમાં ઘણી ઉત્તમ સુવિધાઓ પૂરી પાડી હતી. તેમને નોબેલ પારિતોષિક વિજેતા બનાવવામાં અગત્યનું યથાયોગ્ય યોગદાન કર્યું હતું. રામનના વિજ્ઞાની તરીકેના કાર્ય દરમિયાન આ સુવર્ણકાળ હતો અને જે તેમણે આ એસોસિએશનમાં ગાળ્યો હતો, અને તેમની પ્રગતિમાં સિંહફાળો આપ્યો હતો.

૧૯૩૦માં જ્યારે રામનને નોબેલ પારિતોષિક એનાયત થયું ત્યારે પ્રત્યેક ભારતીયે આનંદ અને ખુશાલી માણી હતી: બીજાઓની સાથે એસોસિએશન અને તેના સઘળા કાર્યકરો આનંદથી ગદ્ગદિત થઈ ગયા હતા અને કૃતજ્ઞતા અનુભવી હતી. ધન્ય છે આ એસોસિએશનને અને તેના પ્રણેતા (સ્વ.) ડૉ.મહેન્દ્રલાલ સરકારને કે જેને લીધે ભારતીય વિજ્ઞાનીઓ અને તેમના સંશોધનકાર્યને વિશ્વએ માન્યતા આપી. એ વેળા સંસ્થાનો પણ સુવર્ણકાળ હતો. □

અનુસંધાન] સંગીતશાસ્ત્ર [પૃ.૨૮થી

પ-સાં છે અને તે મધ્ય અને તાર સપ્તકમાં વિસ્તરતો ઉત્તરાંગવાદી રાગ છે. પ્રકૃતિ પણ બન્ને ભિન્ન છે. દરબારી કાનડા ધીર-ગંભીર અને અડાણા ચંચળ છે. એક ભક્તિરસને દરબારી કાનડા અને શૃંગારને અડાણા વિશેષ અનુકૂળ છે.

પૂર્વાંગ-ઉત્તરાંગનો સંબંધ રાત-દિવસના પણ પૂર્વાંગ-ઉત્તરાંગ સાથે છે એ સિદ્ધાંતમાં ક્યારેક કોઈ રાગ અપવાદરૂપ છે, એવું લાગે. આનું પ્રકટ દૃષ્ટાંત રાગ આશાવરી છે, જેનો વાદી 'ધ' ઉત્તરાર્ધનો છે, પરંતુ રાગનો ગાનસમય પ્રાતઃકાળ છે. એટલે તે ઉત્તરાર્ધ નહીં, સમયની દૃષ્ટિએ પૂર્વાર્ધમાં છે એ રીતે યમનકલ્યાણનો વાદી 'ગ' પૂર્વાર્ધનો છે. પરંતુ ગાનસમય રાતનો પ્રથમ પ્રહર હોઈ સમયની દૃષ્ટિએ ઉત્તરાર્ધ છે. આમ યમન પૂર્વાંગવાદી, આશાવરી ઉત્તરાંગવાદી છે. પરંતુ ભૈરવીનો વાદી 'મ' પૂર્વાર્ધનો છે એથી ગાનસમય દિવસના બારથી રાતના બારના પૂર્વાર્ધનો ગણાય પરંતુ ભૈરવી તત્ત્વતઃ પ્રાતઃકાલીન રાગ છે. આ રીતે કામોદનો વાદી 'પ' ઉત્તરાંગનો છે છતાં ગાનસમય રાતના પ્રથમ પ્રહર પ્રમાણે પૂર્વાંગમાં છે. આનું કારણ મ-પ સન્ધિસ્વર છે. સ્વરનું સપ્તક સાત સ્વરનું છે તેથી પૂર્વાર્ધ સા,રે,ગ,મ, ઉત્તરાર્ધ પ,ધ,નિ,સાં ગણીએ છીએ પરંતુ અવાજનું જે દોઢગણું ઊંચું એકમ પૂર્ણ થાય છે તે સા,રે,ગ,મ,પ થી અને તેનો ઉત્તરાર્ધ મ,પ,ધ,નિ,સાં - છે. આમ 'મ' અને 'પ' સન્ધિસ્વર છે એથી એ વાદી હોય ત્યારે રાગને સ્વરની દૃષ્ટિએ પૂર્વાંગવાદી પણ કહી શકાય.

આ દૃષ્ટિએ ભૈરવી અને કામોદના 'મ' અને 'પ'ને સન્ધિસ્વર તરીકે પૂર્વાંગવાદી જ ગણી શકાય. (ક્રમશઃ)

અતીતમાં અવગાહન

વિવિધ પ્રકારનાં દૂધ

ગાયનું દૂધ : જુદાં જુદાં પ્રાણીઓનાં દૂધના ગુણ તો સામાન્ય છે. દૂધની સંરચનામાં અસર પાડનારી મુખ્ય બાબત ઢોરનું વેતર છે. દૂધમાં ફેરફાર મુખ્યત્વે ચરબીના પ્રમાણમાં રહે છે. ગાયના દૂધમાં ચરબીનું પ્રમાણ અઢીથી છ ટકા જેટલું છે. તેનું દહીં નરમ જામતું હોવાથી એનાં પ્રોટીનો પચવામાં સહેલાં છે. ભેંસના દૂધ કરતાં ગાયના દૂધમાં ચૂનો થોડો ઓછો હોવા છતાંય શરીરમાં તેનો પૂર્ણપણે ઉપયોગ થવાની વિશેષતા છે. ગાયના દૂધમાં પાણી ૮૭ ટકા એટલે કે ભેંસના દૂધ કરતાં છ ટકા વધારે છે. બન્ને દૂધમાં વિટામિન 'એ' સરખું છે. એક ઔંસ ગાયના દૂધમાંથી ૩૦ ઉષ્ણાંક ગરમી મળે છે તો ભેંસના દૂધમાંથી ૩૨ ઉષ્ણાંક. ગાયનું દૂધ ઝાંખા પીળા રંગનું અને પાતળું હોય છે તો ભેંસનું દૂધ બરફ જેવું ધોળું અને ઘટ્ટ હોય છે. વળી લીલોતરી ઘાસ કેરોટિનથી સમૃદ્ધ હોઈ ઉનાળા કરતાં ચોમાસાનું દૂધ વધારે પીળાશપડતું હોય છે. પીળો રંગ - કેરોટિન (વિટામિન 'એ'નું પૂર્વદ્રવ્ય)ને આભારી છે.

આહારમાં દૂધની કિંમત ઉષ્ણાંક માટે નહિ પણ રક્ષણાત્મક પદાર્થો માટે છે. આ દૃષ્ટિએ ગાયનું દૂધ ચડિયાતું છે. કારણ કે ગાયના દૂધના દરેક ઉષ્ણાંકમાં ભેંસના દૂધના એટલા પ્રમાણ કરતાં પોણા બે ગણા રક્ષણાત્મક પદાર્થો આવેલા છે. ઊછરતાં બાળકોની વૃદ્ધિ ને આરોગ્ય માટે અને વધારે ખોરાક લેવાની મનાઈવાળાં રોગીજનોને ગાયનું દૂધ વધારે પથ્ય નીવડે છે. વળી તે સસ્તું અને કરકસરભર્યું છે.

ધાવણાં બાળકોને માના દૂધની અવેજીમાં આપી શકાય એવું કોઈ દૂધ હોય તો તે ગાયનું છે. માનવ દૂધમાં ગાયના દૂધ કરતાં ઓછાં પ્રોટીન ને ચરબી, પણ વધારે પાણી ને શર્કરા છે. ડૉ. ચંદ્ર ચક્રવર્તી લખે છે કે 'ત્રીસ વર્ષની ઉંમર પછી માતાના ધાવણમાંથી ખનિજ દ્રવ્યો ઘટે છે. પૌષ્ટિક ને પુષ્કળ આહારથી ધાવણનાં ચરબી અને શર્કરા વધે છે તો અપૂરતા ખોરાકથી કેસિન ને ચરબી ઘટે છે. સ્તનપાન દરમિયાન જોકે પ્રોટીનો ઘટે છે પણ ચરબી ને શર્કરાનાં પ્રમાણ સ્થાયી રહે છે. ચરબી કેસિન ને શર્કરાના પ્રમાણ અને સંરચનામાં તફાવત હોવા છતાં ય માનું ધાવણ ગાયના દૂધ કરતાં શ્રેષ્ઠ છે. ગાયના દૂધ કરતાં ધાવણનાં કોકડાં નાનાં બાઝે છે. ધાવણનાં ખનિજ દ્રવ્યોમાંથી લગભગ ૮૦ ટકા અભિશોષાય છે. ધાવણમાં વિશિષ્ટ આથવણો છે જેનાથી દૂધનું પાચન ને શોષણ સરળ બનવા સાથે તેનું અભિશોષણ અને શરીરમાં ધારણ પણ સારું થાય છે.

ભેંશનું દૂધ : હિન્દ, ચીન, ફિલિપાઈન્સ ને જાવા-સુમાત્રામાં ભેંશના દૂધનો વપરાશ છે. બાકી દુનિયાના બીજા ભાગોમાં ગાયનું દૂધ વપરાય છે.

ગાયના દૂધ કરતાં ભેંશના દૂધમાં વધારે પ્રોટીન (૪૩ ટકા) અને બેવડા કરતાં વધારે ચરબી (૮.૮ ટકા) હોવાથી એનું ઉષ્ણાંક મૂલ્ય ઘણું ઊંચું છે. શર્કરા(૫.૧ ટકા) ગાયના દૂધ જેટલી જ છે. ઘનપદાર્થો અને ચરબી વધારે હોવાથી તેમાં વધારે પાણી ભેળવાય છે. આથી તે સુપાચ્ય તેમજ સુમધુર પણ નથી. ચરબી અને પ્રોટીનસમૃદ્ધ આવા દૂધ સાથે ભેળવાએલું ગાયનું દૂધ નાનાં બાળકોના ખોરાક તરીકે અયોગ્ય નીવડે છે. શારીરિક શ્રમ કરનારને ભેંશનું દૂધ વધારે માફક આવે છે.

ગાયના દૂધ કરતાં ભેંશના દૂધમાં ૩૦ ટકા વધારે કેલ્શ્યમ છે. ફોસ્ફરસ પણ થોડું વધારે છે. ગાય, ભેંશ ને બકરીના દૂધના ફોસ્ફરસના ૮૦ ટકા શરીરમાં વપરાય છે. આ દૃષ્ટિએ ફોસ્ફરસના વધારે પ્રમાણવાળું ભેંશનું દૂધ ઉત્તમ છે. પણ ગાયના દૂધ કરતાં ભેંશના દૂધમાં વિટામિન 'એ' થોડું ઓછું છે. ભારતીય કે યુરોપીય ગાયના દૂધ કરતાં ભેંશનું દૂધ વિટામિન 'સી'થી ઘણું સમૃદ્ધ છે.

બકરીનું દૂધ : બાળકો અને માંદા માટે વિશેષ ગુણકારી લેખાય છે. ગાયના દૂધ કરતાં એના દૂધમાં ચરબી વધારે (૪.૨૦ ટકા) પણ પ્રોટીન થોડું (૩.૯૨ ટકા) છે. શર્કરા ઓછી (૪૦ ટકા) પણ વિટામિન 'એ' વિટામિન 'ડી' ને ખનિજ દ્રવ્યો થોડાં વધારે મળી, એમાં દુર્લભ આયોડિન પણ છે. એમાં અદ્રાવ્ય એસિડની છાંટ હોવાથી બધાં બાળકો માટે ઘણું માફકસર નથી નીવડતું. બકરીના દૂધનું ઉષ્ણાંક મૂલ્ય ૧૦૦ ગ્રામમાં ૮૪ છે ગાય (૬૫) અને માનવ(૬૧) દૂધ કરતાં વધારે છે. આ દૂધની મોટી ખામી એ છે કે એમાં કદીક ખરાબ વાસ આવે છે. જે ગરમ કરવાથી થોડી દૂર થાય છે. બકરીના દૂધમાં ઔષધીય ગુણો સમાએલા છે. સુશ્રુતસંહિતા કહે છે કે, 'ક્ષયરોગીઓને તે વિશેષ હિતકારી છે; અગ્નિ પ્રદીપ્ત કરનાર, હલકું, મળ બાંધનાર, દમ, ખાંસી ને રક્તપિત્તનો નાશ કરનાર છે. બકરીનું દૂધ વ્યાધિઓનો નાશ કરે છે, ઘેટીનું દૂધ કેસિન-ચરબી (૯.૧૮ ટકા) અને શર્કરા (૯.૧૭ ટકા) થી સમૃદ્ધ હોઈ ઊંટડી અને ભેંશના દૂધ સિવાયનાં દૂધથી ચડિયાતું છે. આ દૂધમાં લોહનું પ્રમાણ સારું છે. ભાવમિશ્રનું કથન છે કે તે પથરી મટાડનાર, તૃપ્તિ આપનાર અને મૈથુનશક્તિ વધારનાર છે.

ગધેડીનું દૂધ : ડૉ. ઘોષ લખે છે કે બધા પ્રકારના દૂધમાં ચરબીની ન્યૂનતા હોવા છતાં અકાળ અને નિર્બળ બાળકોના ઊછેર માટે ગધેડીનું દૂધ ગાયના દૂધ કરતાંય નિઃશંસય શ્રેષ્ઠ સાબિત થયું છે. બીજાં દૂધ કરતાં આ દૂધમાં ઓછાં પ્રોટીન

(અનુસંધાન પૃ. ૪૦)

અડકો દડકો

કિશોરકથા

અમારા છેલભાઈ

શ્રદ્ધા ત્રિવેદી

'સુમન... ઓ સુમન... ક્યાં ગયો?' મંજરીએ ચા-નાસ્તો કરવા સુમનને બૂમ પાડી. ઘરમાં ચારે બાજુ બધા ઓરડામાં જોઈ લીધું. પણ ક્યાંય સુમન નહોતો. તેથી બારણા પાસે આવીને બૂમ પાડવા લાગી. થોડી વાર બહાર જોતી ઊભી રહી, પણ ન મળ્યો, જવાબ કે ન આવ્યો સુમન. અંદરથી નવીને કહ્યું : 'મંજરી, જો કદાચ એ એના વહાલા પેલા છેલભાઈ સાથે રમતો હશે.' મંજરી એના અવાજમાં વ્યક્ત થતી નફરત પામી ગઈ. મંજરી બહાર ગઈ ને જોયું તો ખરેખર સુમન છેલ પાસે જ હતો.

સુમન છેલને માથા પર હાથ ફેરવી રહ્યો હતો અને કહેતો હતોઃ 'છેલભાઈ, ખાઈ લો ને, હમણાં ચાચા આવશે. છે ને તે દાદાજી આજે જે જે ભગવાનને ઘેર ગયા છે. તમે ખાઈ લો. તમે ખાશો, પછી જ હું ખાઈશ. ખાઈ લો તો...' મંજરીની આંખમાં આંસુ આવી ગયાં. તે સુમન પાસે ગઈ. 'ચાલ બેટા, બધાં તારી રાહ જુએ છે.'

સુમનઃ 'પણ મમ્મી, આજે છેલભાઈએ ખાધું જ નથી. તું જા, ચાચા આવશે, એમને ખવડાવશે, પછી જ હું આવીશ.'

મંજરી એને સમજાવવા લાગીઃ 'બેટા, તું હમણાં ચાલ, ચા-નાસ્તો કરી ને આવ. તું નહિ ખાય તો કોઈ નહિ ખાય. ને વળી પપ્પા ગુસ્સે ભરાશે એ જુદું.'

'ઊં...હું. હું નહિ આવું. તું જા.'

'અરે, જો જો, ચાચા આવ્યા.'

'ચાચા... ચાચા... જુઓને છેલભાઈ ખાતા નથી.'

સુમને સફરુદીન ચાચાને આવતા જોયા એટલે દોડતો સામો ગયો.

ચાચા એને માથે હાથ ફેરવવા લાગ્યા. પછી બેઉ જણ છેલ પાસે આવ્યા. મંજરી બોલી : 'ચાચા, તમે સુમનને કહો કે તે ચા-નાસ્તો કરીને આવે. તો જ તમે એને અહીં આવવા દેજો.'

'અરે હા...હા... હજી સુધી તેણે ખાધું નથી? સુમન, જાઓ તુમ ખાકે આઓ. મૈં છેલ કો ખિલાતા હૂં.' પણ સુમન તો ખસ્યો જ નહિ.

'ના ચાચા, હું અહીં જ ઊભો રહીશ. છેલભાઈ ખાય છે તે જોવાની મને ખૂબ મજા આવે છે. જો મમ્મી, તું જા.' છેવટે મંજરી ચાચાને કહીને ગઈ કે, થોડી વારમાં સુમનને જરૂર મોકલજો.

મંજરી એકલી આવી એટલે નવીનનો પિત્તો ખસ્યો. 'હં...અ...એ નાલાયક છેલ માટે સુમન નાસ્તો કરવા પણ ના આવ્યો? હદ થાય છે હવે તો! છેલને અને એની જોડે પેલા ચાચાનેય હવે અહીંથી કાઢ્યે જ છૂટકો.' નવીન ગુસ્સામાં આમ તેમ આંટા મારવા માંડ્યો; 'એ છેલ ને એ ચાચા, કોણ જાણે કેવા ચીપકી રહ્યા છે કે મને ચેન જ નથી પડવા દેતા. ને આ સુમન સાવ મૂરખની જેમ એને વળગ્યો ને વળગ્યો જ રહે છે. ઠીક છે. આજ સુધી તો પિતાજીની શરમે હું બધું સાંખી લેતો હતો. હવે જોઉં છું.'

મંજરીએ ધીમે રહીને કહ્યું 'અત્યારે આમ ગમેતેમ ન બોલો; સારું નથી લાગતું. ચાલો, હવે તમે ચા પી લો.' મંજરી રસોડામાં ગઈ ને થોડી વારમાં બધાં માટે ચા-નાસ્તો લઈ આવી. આગ્રહ કરી બધાંને ખવડાવ્યું-પિવડાવ્યું. નવીને પણ ચા પીધી. સૌ વિખરાયાં. નવીન થાકી ગયો હતો, તે ત્યાં જ પાટ પર આડો પડ્યો ને જોતજોતામાં ઊંઘી ગયો.

ઘણી વારે જાગ્યો. તો સુમન રસોડા-માંથી ઠેકડા ભરતો ભરતો બહાર જઈ રહ્યો હતો.

'સુમન ક્યાં જાય છે, બેટા?' નવીને પ્રેમથી પૂછ્યું.

'ચાચા પાસે, ઘોડાગાડીમાં અમે ફરવા જઈએ છીએ' કહી તે ભાગ્યો.

નવીનનાં ભવાં ચઢી ગયાં.

'પાછા ચાચા!... પાછી ઘોડાગાડી! મારે કંઈક કરવું પડશે.'

પણ ચાચા તો એના જન્મ પહેલાં

મારા શો-કેસમાં! / રમેશ ત્રિવેદી

કેવાં ગુડ્ડો ને ગુડિયા રે મારા શો-કેસમાં!
આવી બેઠાં પતંગિયાં રે મારા શો-કેસમાં!

વિમાન - ટેન્ક ને
રોબોટ અંદર રે,
ગાંધીબાપુના ત્રણ
શાણા બંદર રે,
બાપા ગણપતિ મોરિયા રે મારા શો-કેસમાં!
આવી બેઠાં પતંગિયાં રે મારા શો-કેસમાં!

પોપટ - ચકલી - હંસ,
મોર અને ઢેલ રે,
નવાં નવાં રમકડાં
દ્રાક્ષ કેરી વેલ રે,
મારી નવી નવી દુનિયા રે મારા શો-કેસમાં!
કેવાં ગુડ્ડો ને ગુડિયા રે, મારા શો-કેસમાં!

અહીં આવ્યા હતા. ચાચા અને છેલભાઈ તો આ હવેલીના પ્રાણમાં પ્રાણ બનીને ભળી ગયા હતા. અરે! આખું મુનશી-ફળિયું એની પાછળ પાગલ હતું. છેલ તો આ ફળિયાના છોકરાઓનો પાકો દિલોજાન દોસ્ત! સફરુદ્દીન ચાચાની ઘોડાગાડીએ જોડેલા આ છેલભાઈના પગના દડ...બડ... દડ...બડ... અવાજે અને એના ઘૂઘરાના ઘમકારે તો આ મહોલ્લાનાં છોકરાંઓની સવાર પડતી. ગામ-આખાનાં લોક આ છેલભાઈને લીધે મુનશીમહોલ્લાને જાણે. છેલભાઈ તો મુનશીમહોલ્લાનું જાણે કે નાક! એનો રૂઆબેય ભારેનો! ઘોડારમાં તે ચંદી ખાતા હોય ને જો કોઈ છોકરો એમની સાથે કંઈ પણ અવળચંડાઈ કરવા જાય તો છેલભાઈ એવી તો હણહણાટી કરે કે પેલો છોકરો જાય ભાગ્યો!... પણ ખાઈપીને તાજામાજા થયેલા છેલભાઈનો પછી સફરુદ્દીનચાચા ખરેરો કરે, એમને સજાવે, એમની સોનેરી કેશવાળી પર વહાલથી હાથ ફેરવે ને પછી જોતરે ગાડી સાથે. ચાચાના એક જ બુચકારે તેઓ પોતાની મજલ શરૂ કરી દે. અને તેમના ઘૂઘરાના ઘમકારે મુનશીમહોલ્લો સમજી જાય કે સવારના છ વાગ્યા છે. રોજ છ વાગ્યે શેઠ રમણલાલનો રણછોડજીનાં દર્શનનો નિયમ.

શેઠ રમણલાલ જ્યારે જુવાન હતા ત્યારે ઘોડેસવારીના ભારે શોખીન હતા. તેમને વારે વારે બહાર જવું-આવવું પડે તેથી વાહન પણ જોઈએ. એક તો ઘોડો ગમે; ને તેમાં પાછી જરૂરિયાત ઊભી થઈ. વળી, પોતે પૈસેટકેય સમૃદ્ધ, ને તેથી એમને થયું : 'ઘરઆંગણે ઘોડાગાડી હોય તો ગામમાં વટ પડે.' એક સરસ ઘોડો તો તેમણે પોતાના શોખ માટે લીધેલો. ઘોડેસવારી અવાર-નવાર કરે. પછી અવસ્થા થતાં ઘોડેસવારી ઓછી થઈ ગઈ. પણ ઘોડાને છોડ્યો નહિ. એનો ગાડી માટે ઉપયોગ કરવાનું તેમણે વિચાર્યું. પણ એ માટે ઘોડાને પલોટવો પડે. એ માટે સારો ગાડીવાળો જોઈએ. શેઠે એની શોધ કરવા માંડી. તેમની એ શોધ ઘણા પ્રયત્ન બાદ ફળી. શેઠને પોતાના પાણીદાર ઘોડા માટે ગામના જ સફરુદ્દીન ચાચા મળી ગયા. વાત એમ બનેલી કે ચાચા ઘોડાગાડી ફેરવતા. પણ તેમનો ઘોડો અચાનક ટૂંકી માંદગીમાં મરણ પામ્યો. નવો ઘોડો ખરીદવા જેટલાં નાણાં નહિ. તાકડે શેઠને આ વાતની ખબર પડી. 'જોઈતું હતું તે વૈદે કીધું' જેવો ઘાટ થયો. ચાચાનુંય કામ થયું ને શેઠનુંય થયું. ચાચા પોતાની ગાડી લઈ શેઠને ત્યાં આવ્યા.

વર્ષો થયાં એ વાતને.

પહેલાં ચાચા આવ્યા. થોડા સમય બાદ નવીનનો જન્મ થયો. જેટલો આનંદ નવીનના જન્મથી શેઠને થયો તેટલો જ આનંદ ચાચા જ્યારે ઘોડાગાડી સાથે પહેલી વાર ઘેર આવેલા ત્યારે થયેલો. અરે! આખો મહોલ્લો તેમને વીંટળાઈ વળેલો. ને પછી તો આખું ગામ એ ગાડી ને એ ચાચાને કારણે આ મહોલ્લામાં આવતું. કોઈને કાંઈ મુશ્કેલી હોય, કોઈ માંદું હોય કે કોઈ વાર મહેમાનને ગામ બતાવવું હોય તો છેલભાઈ ગાડી સાથે હાજર. ને સૌને આ ઘોડાગાડી રાહત અને ખુશી આપી રહેતી.

માત્ર નાખુશ રહેતો એક નવીન. તે બહુ નાનો હતો ત્યારની આ વાત. શેઠ રમણલાલ અને ચાચા જેટલો પ્રેમ નવીનને કરે તેટલો જ છેલને કરે. ચાચા જે રીતે છેલને વહાલ કરે તે જોઈ એક દિવસ શેઠે તેમને કહ્યું : 'ચાચા, લાગે છે કે તમે અને તમારા આ છેલભાઈ એક જ નાકે શ્વાસ લો છો. આ છેલભાઈ નહિ હોય તો તમારું શું થશે? માટે આટલી બધી માયા ન રાખો.' ને ત્યારે ચાચાએ કહેલું : 'છેલ નહિ હોય તે દી તમારો આ ચાચોય નહિ હોય.'

પણ પછી વાત કંઈક જુદી જ બની. ચાચા રહ્યા, છેલભાઈ રહ્યા ને શેઠ જ અચાનક ઊપડી ગયા! અણધાર્યો હૃદયરોગનો હુમલો થયો ને પોતાની મોટી હવેલી, પ્યારી ઘોડાગાડી, છેલભાઈ, નવીન અને કુટુંબને છોડી થોડા સમય પર જ જ્યાં શેઠાણી ગયાં હતાં ત્યાં પહોંચી ગયા. (ક્રમશઃ)

અનુ.] અતીતમાં અવગાહન [પૃ.૩૮થી
(૧.૦૨ ટકા) અને ચરબી (૧.૭૨ ટકા) છે. પણ માનવદૂધની હરીફાઈમાં ટકી રહે એટલી શર્કરા (૫.૫૦ ટકા) તો તેમાં છે. જાણવા જેવું છે કે મજૂરીનું કામ ઉપાડનાર ખડતલ પ્રાણીઓનાં દૂધમાં ચરબી ઓછી હોય છે. ગધેડીનું દૂધ માનવ દૂધને ઘણું મળતું આવે છે. બધા પ્રકારનાં દૂધમાં તે ઘણું ઠંડક આપનારું ગણાય છે. પચવામાં સહેલું છે. ધાવણ ન મળતું હોય એવાં માતાવિહોણાં બાળકો માટે બીજાં દૂધ કરતાં ધાવણને ઘણું મળતું આવતું ગધેડીનું દૂધ પસંદ કરવા જેવું છે.

સેપરેટ દૂધ : દૂધમાંથી મોટા ભાગની ચરબી કાઢી લીધી હોય તે સ્કીમ્ડ કે સેપરેટેડ દૂધ છે. એમાં મૂળ દૂધનાં પ્રોટીન, શર્કરા અને ખનિજ દ્રવ્યો તો કાયમ રહે છે. માત્ર ચરબી ઘટે છે. વિટામિનો ભલે એમાં નથી હોતાં, પણ કેલ્શ્યમ, લોહ અને ફોસ્ફરસ ઉપરાંત બાકીનાં વિટામિનો તો જળવાઈ રહે છે. આથી સેપરેટ દૂધ એ પૂર્ણ દૂધના જેટલું જ પોષણદાતા છે. - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

(સળંગ અંક ૪૫૮માંથી ટૂંકાવીને)

કંકાવટી

હસુ પટેલ

સૌમ્ય ચહેરો, મૃદુ નયન અને હોઠ પર મધુર મુસ્કાન - આ એવી એક વ્યક્તિ અમેરિકાના ક્લીવલેન્ડમાં થઈ, તે છે શ્રીમતી હસુબહેન પટેલ. જેવું નામ તેવું



જ હસમુખું વદન. મૃદુભાષી નિરાભિમાની વ્યક્તિત્વ. તેમણે ભારતીય સંગીતને અમેરિકામાં મહેકતું કર્યું છે. પરદેશમાં સિદ્ધ સિતારવાદક તરીકે તેમણે નામના મેળવી છે.

મૂળ તો ગુજરાતી. વડોદરામાં જન્મ. પિતા ડૉક્ટર. જ્ઞાતિ પટેલ. કુટુંબ વૈષ્ણવ સંપ્રદાયમાં ઓતપ્રોત. પરિણામે સંગીત સાથે બચપણથી જ દોસ્તી થઈ. સંગીતપ્રેમનું સિંચન તેમનામાં કરવાનું શ્રેય તેમના પિતાજીને ફાળે જાય છે. પટેલ જ્ઞાતિનો સમાજ હજુ તે સમયે કલા પ્રત્યે ટૂંટિયું વાળી પડ્યો હતો ત્યાં. આવા એક પિતાએ સંગીતકલા પ્રત્યે પુત્રીના હૈયે અનુરાગ જગાડ્યો. પાંચ વર્ષની ઉંમરે તેમણે કંઠ્ય સંગીત શીખવાની શરૂઆત કરી, અને નવ વર્ષની વયે સીતારવાદન તરફ વળ્યાં.

વડોદરા જેવું સ્થળ હતું અને નેત્રહીન શ્રી નરસિંહરાવ બી. કિકાણી જેવા ગુરુ મળ્યા, જેમણે તેમને સીતાર પર ગાયકી અંગ શીખવાડવાની શરૂઆત કરી. આ ગાયકીમાં તેઓ માહેર થયાં. ત્યાર બાદ ભારતમાં સર્વોચ્ચ માન ધરાવનાર ભારત સમ્રાટ ઉસ્તાદ વિલાયતખાંએ તેમની આ ગાયકીને વધુ ખીલવી. તેમના આ ગુરુ ઈમદાદખાની ઘરાનાના છે. આમ, શ્રીમતી હસુબહેન સીતાર પર ગાયકી અંગ વગાડવાનું સામર્થ્ય ધરાવે છે. આ દીર્ઘ અને કઠીન તાલીમ માટે શરૂઆતમાં તેઓને દિવસના સાત-આઠ કલાક ગાળવા પડતા. તેઓ કુશળ સંગીતજ્ઞ બન્યાં, જેની મહેક આજે અમેરિકા માણી રહ્યું છે. પરિણામે વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સની ફેકલ્ટી તરફથી સંગીતની ડિગ્રી મેળવનાર તેઓ સૌપ્રથમ મહિલા બન્યાં. ૨૧ વર્ષની વયે તેમણે ઑલ ઈન્ડિયા રેડિયોની તંતુવાદ્ય સ્પર્ધામાં ભાગ લઈ ગુજરાતને ગૌરવ અપાવ્યું અને સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. તદ્દુપરાંત અમેરિકામાં તેઓએ એકાઉન્ટિંગમાં એમ.એ.ની પદવી હાંસલ કરી અને ફાઇનેશલ ઈન્ફર્મેશન સિસ્ટમની પદવી ક્લીવલેન્ડની યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરી છે. ક્લીવલેન્ડમાં તેઓ વીસ વર્ષથી 'સુરસંગમ' સ્કૂલ ચલાવે છે, જેમાં વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓ સંગીત શીખવા આવે છે. ઑબરલીન યુનિવર્સિટીમાં પણ તેઓ સીતાર શીખવાડવા જાય છે. તેઓ તબલા, સીતાર અને કંઠ્ય સંગીત તેમની સુરસંગમ સ્કૂલમાં શીખવાડી રહ્યાં છે. તેમના વિદ્યાર્થીઓ પાંચથી પચાસ વર્ષની વય સુધીના છે. શાળા, કોલેજો, રેડિયો, હૉસ્પિટલો, જાહેર અને ખાનગી સંસ્થાઓમાં પણ સંગીત આપે છે. પાશ્ચાત્ય સંગીત-સમારંભોમાં પણ તેમનો ફાળો હોય છે. ટી.વી. પર પણ વાર્તાલાપ આપે છે. કેટલીક વાર પાશ્ચાત્ય ક્લાસિકલ સંગીત અને જાઝ સંગીતકારો સાથે તેઓ સંગત પણ કરે છે. આની પાછળનો તેમનો હેતુ આ છે કે ભારતીય સંગીતનો પ્રચાર થાય. અમે તેમને મળવા ગયાં ત્યારે એક અમેરિકન વિદ્યાર્થિની તેમની પાસે સીતાર શીખતી હતી. સંગીત, કાર્યનિષ્ઠા અને ફરજ તેમનામાં ઓતપ્રોત છે. ભાવિ પેઢીમાં સંગીતના સંસ્કારોનું સિંચન કરવા તેઓ અથાગ પ્રયત્ન કરી રહ્યાં છે. તેમણે 'ગાયકી સીતાર'નામનું આલ્બમ પણ પ્રસિદ્ધ કર્યું છે, જેમાં આલાપની રજૂઆત ખૂબ સુંદર રીતે કરી છે.

હસુબહેન ભારતીય ક્લાસિકલ સંગીતને અનોખું અને પવિત્ર માને છે. હજુ પણ તેમની આ સાધના ચાલુ જ છે. તેમનું સ્વપ્ન સીતાર છે, જેને તેઓ સંપૂર્ણ સજ્જતાથી સાકાર કરી રહ્યાં છે. 'જ્યારે હું વિદ્યાર્થીઓને શીખવતી હોઉં છું કે સીતાર વગાડતી હોઉં છું ત્યારે શાશ્વત આનંદ અનુભવું છું.' કવિ રોબર્ટ ફોસ્ટની જેમ તેઓ પણ કહે છે કે, હજુ સંગીતની આ કેડી પર મારે 'Miles to go and miles to go'ની યાત્રા બાકી છે. સંગીતની સફર હજુ પૂરી થઈ નથી આ તો અનંતની યાત્રા છે.

આવાં આ સન્નારીએ પરદેશમાં સંગીતની દુનિયામાં ભારતનું નામ ઉજ્જ્વળ કર્યું છે. તેમની આ સંગીત-યાત્રામાં તેમના પતિનો સંપૂર્ણ સહકાર છે તે ખૂબ આનંદદાયક અને આવકાર-દાયક છે. અમને આ પતિપત્નીને મળીને ખૂબ આનંદ થયો. તેમણે સંગીતકાર, શિક્ષક તથા ગાયક તરીકે ભારતીય સંગીતને પરદેશમાં ઉચ્ચ સ્થાને આરૂઢ કર્યું છે. વિલાયતખાન, શુસતખાન, ઝાકીરહુસેન, પંડિત જસરાજ, શોભા ગુર્તુ આદિ કલાકારો સાથે તેમનો ઘનિષ્ઠ નાતો રહ્યો છે. આમ, આ પુષ્પ ભારતમાં ઊગ્યું, ભારતમાં ખીલ્યું અને મહેંક્યું છેક પરદેશમાં. ચાલો ત્યારે આપણે તેમને શુભેચ્છા પાઠવીએ કે તેમની આ સંગીત-પ્રવૃત્તિ વધુ અને વધુ પાંગરે અને નવી પેઢીને તેમનો સંગીતવારસો મળતો રહે.

- કમલા પરીખ


*

ચણાના લોટમાં પાણી અને થોડું ઘી મેળવી શરીર પર અને ચહેરા ઉપર માલિશ કરવાથી ચામડી ગૌર વર્ણની અને તેજસ્વી બને છે.

કલાવાર્તા

રોમેશ મિસ્ત્રીની સાઈબર આર્ટ


આજના ઇલેક્ટ્રોનિક સાઈબર સ્પેસના યુગમાં ચિત્રકલાનાં પરંપરાગત માધ્યમ



જેવાં કે જળરંગો, તૈલરંગો, પેસ્ટલ રંગો, પેન્સિલ વગેરેને બદલે કમ્પ્યૂટર દ્વારા સાઈબર આર્ટમાં રજૂ કરી સર્જાયેલાં ચિત્રો એક અવનવી અલૌકિક સૃષ્ટિ રચે છે.


રોમેશ મિસ્ત્રીએ સાઈબર આર્ટમાં સર્જેલાં તેમનાં ચિત્રો રંગવૈવિધ્ય અને નૂતન પરિમાણોને કારણે આકર્ષક લાગે છે. સાઈબર આર્ટ ઉપરાંત રોમેશે કાગળ પર ઑઈલ પેસ્ટલ રંગમાં સર્જેલાં ચિત્રોનો વિષય છે 'કૃષ્ણલીલા'. માખણચોર કે કાલીયદમન જેવી બાળલીલાથી માંડીને ગીતાના ઉપદેશ સુધીની કૃષ્ણની જીવનલીલા આ ચિત્રોમાં રજૂ થઈ છે. તેમના પેસ્ટલમાં બે રંગીન ચિત્રો 'માતા-બાળક' અને 'જુગતું' રચના રંગરૂપોને કારણે ખાસ ધ્યાનપાત્ર છે.

રોમેશને નાનપણથી જ ચિત્રકલાનો શોખ. તેને પેસ્ટલ રંગો, પોસ્ટર રંગો, પેન, તૈલરંગો વગેરે વાપરવું ગમે છે. તદુપરાંત તેને ફોટોગ્રાફીમાં પણ રસ છે. પ્રકૃતિ, મહત્ત્વપૂર્ણ ક્ષણો અને વાસ્તવને ઝડપવા રોમેશ તેના કૅમેરા પર આધાર રાખે છે. થોડા સમય પૂર્વે તેણે 'સાઈબર આર્ટ'ની નૂતન કલાની દુનિયામાં સાહસ કરી પ્રવેશ કર્યો. કમ્પ્યૂટર જોડે રમત કરતાં કરતાં તેને આ સાધન અને તેના દ્વારા સર્જાતી અસરોમાં રસ પડ્યો. તેણે તેનો ઉપયોગ પોતાની આંતરિક ઇચ્છાઓ અને કલ્પનાને અભિવ્યક્ત કરવા કર્યો. તેણે તેને પ્રયોગ કરવા તરફ પ્રેર્યો અને મદદ



વસ્તુ પડવાથી પાણીમાં નીપજતા આવર્તનો ↑


↓ 'જુગતું' - પેસ્ટલ રંગોમાં





↑ નૃત્યમુદ્રામાં ગણેશ

↓ માતા અને બાળક - પેસ્ટલ રંગોમાં



પણ કરી અને પછી તો તે પક્ષીની માફક અફાટ અસીમ અવકાશમાં ઉડ્ડયન કરવા લાગ્યો. કમ્પ્યૂટર દ્વારા જ દશ્ય અસરો ઊભી થાય છે તે લાગણીની દષ્ટિએ બ્રશ અને પેઈન્ટ દ્વારા સર્જાતાં રંગરૂપો કરતાં જુદી જ છે. આ દશ્યકલ્પનો (ઈમેજ)ની ઊપજ (Vinyl) - વિનિલ પર લેવામાં આવે છે. વિનિલ એડિજિટલ થર્મલ પ્રિન્ટર છે. તમે તેનો ઉપયોગ કલ્પનાની અગ્ર કે પાછળથી પ્રકાશિત કૃતિઓ માટે કરી શકો છો.

રોમેશની સાઈબર આર્ટ કૃતિઓમાં 'કાર્ડિયોગ્રામ', 'છબછબિયું', 'માતા અને બાળક' ખાસ નોંધપાત્ર છે. - બંસીલાલ દલાલ

શિલ્પી હરિપ્રસાદ

શિલ્પી હરિપ્રસાદ, દક્ષિણ-આંધ્રપ્રદેશની શિલ્પકલાની જે પરંપરા પાંચસો વર્ષથી ચાલી આવી છે તેના વારસ છે. આ પરંપરાગત શિલ્પકલા તેમના લોહીમાં હોવા છતાં આ પરંપરાની ગૂંગળામણ અનુભવવા કરતાં તેમને એક આધુનિક શિલ્પકારની માફક સ્વતંત્રતા અનુભવાવું વધુ પસંદ પડ્યું અને ફલસ્વરૂપ તેમનાં શિલ્પસર્જનમાં મોટું પરિવર્તન આવ્યું. તે હવે પરંપરાગત શિલ્પી - કારીગર મટી શિલ્પકલાના આધુનિક પ્રવાહ સાથે જોડાઈ ગયા. હરિપ્રસાદનું કુટુંબ પારંપરિક શિલ્પી કુટુંબ હતું અને તેઓ મંદિરોમાં દેવ-દેવીઓની મૂર્તિઓ કોતરતા. જોકે




ઢળેલું મસ્તક : માથા પર ગણેશનું પારંપરિક શૈલીમાં આલેખન



માનવીય મસ્તક અને પર્ણોની વેલ

આ પરંપરાગત શિલ્પકલામાં પણ ધાર્મિક અર્થ તો હતો જ, પરંતુ હરિપ્રસાદને તેમાં પોતાનો નવો અર્થ-ઉન્મેષ ઉમેરવો હતો એટલે કે તેમણે પરંપરામાં નવા ફેરફારો દાખલ કરી નવાં શિલ્પરૂપો સર્જ્યાં. હરિપ્રસાદનાં શિલ્પોમાં જોવા મળે છે શૈલીગત મસ્તકોની એક ધ્યાનપાત્ર શ્રેણી. આ મસ્તકોમાં મુખ્યત્વે સ્રીનું રૂપ અને તેની રચનામાં ઉંદર, કાચબા જેવાં તત્ત્વોનો ઉમેરો કરવામાં આવ્યો છે. લાંબું, તીક્ષ્ણ નાક, જાડા હોઠ, અર્ધ મીંચાયેલી લાંબી આંખો ખાસ ધ્યાન ખેંચે છે. કલાકાર-શિલ્પીના મતે આ શિલ્પો 'જીવનનો આનંદ' રજૂ કરે છે. તેમણે તેમનાં શિલ્પોમાં ગણેશનો તથા વેલપત્તીઓનો સાર્થ, સુંદર ઉપયોગ કર્યો છે. આ વેલપત્તીઓ ફળદ્રૂપતાનું પ્રતીક છે. આ આકારો તેમણે તેમની પરંપરાગત શૈલીમાં કંડાર્યા છે.

હરિપ્રસાદનું શિલ્પસર્જન ખૂબ જ ભાવસૂચક છે. તેમાં લાલિત્ય છે, ભારતીયતા છે તો સાથે-સાથે આધુનિકતા પણ. તેમણે તેમની લાગણીઓ મોટા વિશાળ કદના સેન્ડસ્ટોનમાં કરેલાં - કંડારેલાં મસ્તકો દ્વારા તથા તેમાં તીક્ષ્ણ



માનવીય મસ્તક : માથા પર કાચબા જોઈ શકાય છે

નાક, જાડા હોઠ, ઝીણી ફાટ જેવી આંખ મૂકીને વ્યક્ત કરી છે. સાચા અર્થમાં તેઓ ‘ભારતના એક અનુભવી અને આશાસ્પદ શિલ્પકાર છે. - બંસીલાલ દલાલ

'ગુજરાતના સારસ્વતોનું નવું સંસ્કરણ'

ગુજરાત સાહિત્ય સભાએ સાક્ષરવર્ય શ્રી કે.કા. શાસ્રી રચિત 'ગુજરાતના સારસ્વતો' (પ્ર.આ.૧૯૭૭)નું નવું સંસ્કરણ ડૉ.શ્રદ્ધા ત્રિવેદી તથા ડૉ.કીર્તિદા જોશી દ્વારા તૈયાર કરાવીને પુનઃ પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો છે. આથી સર્વ સાહિત્યકારોને પોતાનાં ઉપનામ, જન્મતારીખ, જન્મસ્થળ, વતન, અભ્યાસ, વ્યવસાય અને સાલવાર આવૃત્તિ નિર્દેશ સાથેની સંપૂર્ણ યાદી મંત્રી ગુજરાત સાહિત્યસભા, c/o શ્રી હ.કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯ના સરનામે મોકલવા વિનંતી છે. આ માહિતી મોડામાં મોડી ફેબ્રુઆરી, ૧૯૯૯ના અંત સુધીમાં મળશે તો તેનો પ્રકાશ્ય સંદર્ભગ્રંથમાં યોગ્ય રીતે સમાવેશ કરી શકાશે. સૌ સાહિત્ય-સેવકોને આ યજ્ઞ- કાર્યમાં કર્તવ્યભાવે, સહકાર આપવાની આગ્રહ- પૂર્વક વિનંતી છે. - મંત્રીઓ, ગુજરાત સાહિત્ય સભા

સાહિત્યસંપર્ક

કવિ-વિદ્વાન ડૉ. ઉપેન્દ્રભાઈ પંડ્યાનું નિધન

પ્રસિદ્ધ વિદ્વાન વિવેચક અને અભ્યાસનિષ્ઠ પ્રાધ્યાપક તથા કવિ ડૉ. ઉપેન્દ્રભાઈ છગનલાલ પંડ્યાનું ગત



તા. ૧૩-૧૧-૯૮ના રોજ રાજકોટ ખાતે દુઃખદ અવસાન થયું. ગુજરાતી સાહિત્યે એક સત્ત્વશીલ સાક્ષર ગુમાવ્યા. સરલ, સૌજન્યશીલ વ્યક્તિત્વ વિલીન થયું.

સ્વ. ઉપેન્દ્રભાઈનો જન્મ ૨૫-૧૨-૧૯૧૯ના દિને નડિયાદના સાક્ષર કુટુંબમાં થયો હતો. પિતા છગનલાલ પંડ્યા સંસ્કૃત સાહિત્યના એક પ્રકાંડ વિદ્વાન હતા. એમણે 'બાણની કાદંબરી'નો ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો. 'સરસ્વતીચંદ્ર'કાર સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી ડૉ. પંડ્યાના મામા થાય. આમ, સંસ્કૃત ગુજરાતી સાહિત્યના હાડોહાડ સંસ્કાર તેઓ ધરાવતા હતા. ૧૯૩૭માં મેટ્રિક થઈને તેઓ અમદાવાદની ગુજરાત કૉલેજમાં દાખલ થયા હતા. '૪૧-'૪૩માં પ્રથમ વર્ગ સાથે બી.એ., એમ.એ. થયા. મુનશીના ભારતીય વિદ્યાભવનમાં તેઓ '૪૨ થી '૪૪ દરમિયાન અધ્યાપક તરીકે જોડાયા હતા. ૧૯૪૫માં તેઓ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે સતત ૨૭ વર્ષ સુધી રહ્યા. નિવૃત્તિ સુધીનાં છેલ્લાં પાંચ વર્ષ આ કૉલેજના જ પ્રાચાર્ય તરીકે પણ રહેલા. ૧૯૭૪માં પીએચ.ડી. થયા. '૭૭માં નિવૃત્ત થયા. એ જ વર્ષે 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના પ્રમુખ વરાયા. પછી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનમાં રીડર તરીકે પણ બે વર્ષ રહ્યા હતા. આમ, છેક ૭૯ સુધી ૩૫ વર્ષની સુદીર્ઘ શૈક્ષણિક કારકિર્દી પછી તેઓ નિવૃત્ત થયા હતા.

સ્વ. ઉપેન્દ્રભાઈનું ગુજરાતી સાહિત્યને ઘણું મહત્ત્વનું પ્રદાન છે. તેમણે નાનાંમોટાં વીસ જેટલાં પુસ્તકોનું લેખન-સંપાદન કરેલું છે. તેમનો કાવ્યસંગ્રહ 'ઝરમર' ગીત, સૉનેટ, અછાંદસ અને મુક્ત લયની રચનાઓનું વૈવિધ્ય ધરાવે છે. તેમને રાજેન્દ્ર-નિરંજન પેઢીના સૌંદર્યદર્શી કવિ ગણી શકાય. ઉપેન્દ્રભાઈના મૌલિક ગ્રંથોમાં 'સરળ અલંકાર વિવેચન' (૧૯૫૬), 'અવબોધ' (૧૯૧૬) અને 'પ્રતિબોધ' (૧૯૮૦)નો ઉલ્લેખ કરી શકાય. આ ઉપરાંત 'ગોવર્ધન શતાબ્દી ગ્રંથ' (૧૯૫૫), 'શ્રી ગોવર્ધન શતાબ્દી સ્મારક ગ્રંથ', સાહિત્ય પરિષદના અહેવાલો, સાહિત્યસભાની કાર્યવાહી તેમજ અન્ય વિદ્વાનો સાથે કરેલાં સંપાદનો નોંધપાત્ર છે. 'સરસ્વતીચંદ્ર'ના લઘુ તેમજ બૃહદ્ સંક્ષેપો (અનુક્રમે ૧૯૫૧, ૧૯૬૦) તેમણે કર્યા છે. મુનશી-સંપાદિત અંગ્રેજી ગ્રંથનું 'ગુજરાતની કીર્તિગાથા' શીર્ષકથી ભાષાંતર પણ કરેલું છે. ૧૯૮૪માં 'રાજસ્થાની સાહિત્યનો ઇતિહાસ'નો અનુવાદ આપ્યો.

સ્વ. ઉપેન્દ્રભાઈ બહુશ્રુત વિદ્વાન હતા. તેમના મહાનિબંધનો વિષય જ પૂર્વ - પશ્ચિમની સૈદ્ધાંતિક વિવેચનાનો તુલનાત્મક અભ્યાસ હતો. 'થોડોક કાવ્યવિચાર', 'ભટ્ટનાયકનો ભાવનવ્યાપાર', 'ઊર્મિકાવ્યો' જેવા સાહિત્યતત્ત્વની ચર્ચા કરતા લેખો એમની મૂલપર્યંતગામિની દૃષ્ટિનો પરિચય કરાવે છે. એમની સાહિત્ય-સમીક્ષાઓમાં પણ મર્મગ્રાહિતા, મૌલિકતા, તુલનાત્મકતા અને સર્વગ્રાહિતા પ્રતીત થાય છે. તેઓ ઉત્તમ કક્ષાના વક્તા અને વિદ્યાર્થીપ્રિય અધ્યાપક હતા. તેમના વિવેચનસંગ્રહ 'પ્રતિબોધ'ને ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યુ હતું.

અંતિમ દિવસોમાં બંને કિડની નિષ્ક્રિય થઈ જવાથી તેમણે હૉસ્પિટલમાં છેલ્લા શ્વાસ લીધા હતા. પ્રભુ તેમના વિમલ આત્માને શાશ્વત શાંતિ અર્પો. - ભાનુપ્રસાદ પંડ્યા

પ્રાપ્ત પ્રકાશનો

સંસાર - સંન્યાસ : લેખક જયંતીલાલ મહેતા, પ્રકા.: રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧. પ્રથમ આવૃત્તિ. ૧૯૯૭, ક્રાઉન, પૃ.૧૯૨, રૂ.૭૨. સ્વામી શંકરાનંદજીના તપસ્વી અને આધ્યાત્મિક જીવન પર રચાયેલી આ એક સુંદર નવલકથા છે.

સંત કિકુદાસ : લેખક ઇન્દુ પુવાર, પ્રકાશક : ઉપર મુજબ, પ્રથમ આવૃત્તિ - ૧૯૯૭, ક્રાઉન, પૃ.૨૪૮, પાકું પૂઠું, રૂ.૯૩. કથાને સ્ટેજના માધ્યમ સાથે સાંકળી લેવાયેલી અને કમ્પ્યૂટરના ઉપયોગ સાથે યાંત્રિકતાનું આલેખન કરતી નવલકથા.

દરદ મટાડે દાદાજી : લેખક લાભશંકર ઠાકર 'પુનર્વસુ', પ્રકા. : ઉપર મુજબ, પ્રથમ આવૃત્તિ - ૧૯૯૭, ક્રાઉન, પૃ.૨૦૪, પાકું પૂઠું, રૂ.૭૮. આયુર્વેદની ઉપચારકથાઓનું પુસ્તક. આ પુસ્તક ઘણાં બધાં દર્દોને અંકુશમાં લેવા ઉપયોગી થઈ પડે એવું છે.

હળવા હાથે : લેખક યોસેફ મેકવાન, પ્રકાશક : ઉપર મુજબ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, ક્રાઉન, પૃ.૧૯૧, પાકું પૂઠું, રૂ.૭૨. હાસ્ય અને વ્યંગકથાઓનો સંગ્રહ.

કૂંપળ ફૂટ્યાનો મને ભાસ : લેખક વીણા સી. ઉપાધ્યાય, પ્રકા.: ઉપર મુજબ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, ક્રાઉન, પૃ.૨૬૪, પાકું પૂઠું, રૂ.૯૯. ચૈતસિક ભૂમિકા પર રચાયેલી આ પ્રાસાદિક સામાજિક નવલકથા છે.

ઈતિહાસધારા

અશોક હર્ષ

બ્રિટિશ સામ્રાજ્યવાદનો મધ્યાહ્ન જ્યારે તપતો હતો ત્યારે બ્રિટનમાં જ રહીને ભારતને બ્રિટિશ હકૂમત નીચેથી મુક્ત કરવાના પ્રયત્નમાં શ્યામજી કૃષ્ણ વર્મા તથા વિનાયક દામોદર સાવરકર મોખરે હતા. સાવરકરનું 'ભારતીય સ્વાતંત્ર્ય વિપ્લવ' પુસ્તક જપ્ત કરીને બ્રિટિશ સરકારે શ્યામજીના 'ઇન્ડિયન સોશ્યોલૉજિસ્ટ' પત્રના પ્રકાશન પર પ્રતિબંધ મૂકી દીધો. ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનનું આ મુખપત્ર બંધ પડતાં શ્યામજી આંદોલનના ભાવિ વિષે ચિંતાગ્રસ્ત હતા ત્યાં ખુદ બ્રિટિશ સામ્રાજ્યવાદનો વિરોધી એક ગોરો તેમની સહાયે આવ્યો અને તેમનું સાપ્તાહિક પોતાના પ્રેસમાં છાપવાની તૈયારી બતાવી. એનું નામ ગાય આલફ્રેડ.



ગાય આલફ્રેડ

એક બ્રિટિશ નાગરિક દ્વારા ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનને સહાય કરવાની આ ચેષ્ટાએ ભારે તરખાટ મચાવી મૂક્યો. આલફ્રેડે છાપેલા સાપ્તાહિકના પહેલા અંકમાં તેણે ભારતની આઝાદીનું સમર્થન કરતો તમતમતો લેખ પણ લખ્યો. બ્રિટિશ સરકારે આ બદલ માફી માગવાનું કહેતાં તેણે જવાબ આપ્યો - 'જો સાચી વાત કરવી યા લખવી એ ગુનો ગણાતો હોય તો સરકાર મને તે બદલ સજા કરી શકે છે.'

અને સરકારે એ જ દિવસે (તા.૧૩મી માર્ચ, ૧૯૨૦)ના રોજ આલફ્રેડને જેલમાં ધકેલી દીધા. લંડનની બો સ્ટ્રીટ અદાલતમાં તેની સામે ચલાવવામાં આવેલા મુકદ્દમામાં પણ તેણે એ જ હકીકત પર ભાર મૂક્યો કે, 'હિંદનું આઝાદી માટેનું આંદોલન ન્યાયોચિત છે, તેને આઝાદી મળવી જ જોઈએ.' આ સણસણતા વક્તવ્યથી સમસમી ઊઠેલી સરકારે તેને સખ્ત સજા ફરમાવી, બ્રિટિશ અખબારોએ તેને વિદ્રોહી જાહેર કર્યો.

આલફ્રેડ તેની આ ભારતભક્તિને લઈને બે વરસ સુધી જેલમાં સબડતો રહ્યો, પરંતુ જેવો છૂટ્યો તેવો જ તે પાછો એ જ પ્રવૃત્તિમાં પડ્યો ને ભારતની આઝાદીના ટેકામાં તલવારની જેમ પોતાની કલમ વીંઝવા માંડી. ભારતની આઝાદી એ જ જાણે એનું જીવનવ્રત બની રહ્યું. લંડનમાં સાવરકર પર ચાલી રહેલા મુકદ્દમાનો સાદ્યંત હેવાલ તેણે ત્યારનાં જાણીતાં પત્રોમાં આપવા માંડ્યો. સાવરકરને જન્મટીપની સજા ફરમાવવામાં આવતાં, તેણે 'હેરલ્ડ ઓવ્ રિવોલ્ટ' પત્રની ખાસ સાવરકરપૂર્તિ બહાર પાડી, જેમાં જણાવ્યું કે, સાવરકરને અન્યાયપૂર્વક સખ્તમાં સખ્ત સજા આપવામાં આવી છે. તેણે વિશ્વભરનાં પ્રતિષ્ઠિત પત્રપત્રિકાઓમાં સાવરકરને ન્યાય અપાવવા જોરદાર લખાણો છપાવવા માંડ્યાં.

ભારતની વકીલાત કરી તેની આઝાદી માટે મેદાને પડેલા આલફ્રેડ પર બ્રિટિશ સરકાર ધૂંઆંફૂંઆં થઈ ઊઠી અને તેને ફરી જેલમાં ધકેલી દીધો, ચાર વર્ષની સજા ફટકારીને.

આ વખતે પણ જેલમાંથી છૂટતાંવેંત તેણે 'વર્લ્ડ' નામના અખબારમાં ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ પરની લેખમાળા શરૂ કરી. આમ, જીવનાન્ત સુધી ભારતની આઝાદી માટે ઝૂઝતા રહેલા આ વિદેશીની ભારતીય જનતા ચિરકાળ ઋણી રહેશે. □

લઘુકથા

વારસો

બહાદુરભાઈ જ. વાંક

એક ગર્ભશ્રીમંત શેઠે ગુરુ બજુવા પાસે આવી પોતાની તકલીફો રજૂ કરતાં કહ્યું : 'હું વરસોથી ડાયાબિટીઝ અને બ્લડપ્રેશરના રોગથી પીડાઉં છું. દવાઓ કરાવી કરાવીને થાકી ગયો, પણ મને કોઈ જ ફાયદો જણાયો નથી. હવે તો આપ જેવા સંતની કૃપા થાય તો જ હું આમાંથી છૂટી શકું.'

ઔપચારિક વાત કરતાં બજુવાએ કહ્યું : 'મને લાગે છે કે તમારા કુટુંબમાં પણ આ રોગો કોઈકને હશે.'

'હા જી, મારા પિતાજીને આ રોગો હતા' ને શેઠે નિરાશા વ્યક્ત કરતાં ઉમેર્યું : 'એટલે આ બંને રોગો મને પણ વારસામાં જ મળ્યા છે.'

જરા રહી બજુવાએ પૂછ્યું : 'તમે ગર્ભશ્રીમંત છો, એટલે કરોડો રૂપિયાની સંપત્તિ પણ તમને વારસામાં મળી છે કે નહીં?'

'હા જી. મળી છે, પણ એનું શું?'

'તમારા પિતાશ્રીની એ અઢળક સંપત્તિનો બીજો કોઈ હક્કદાર ખરો?' ફરી બજુવાએ પૂછ્યું.

'બીજો કોણ હક્કદાર હોય? મારા પિતાશ્રીનો હું એકમાત્ર વારસદાર છું. પછી બધી સંપત્તિ હું જ રાખું ને?' શેઠે કહ્યું.

'તો વારસામાં મળેલ કરોડો રૂપિયાની સંપત્તિને તમે સ્વીકારી શકો છો, એમ વારસામાં મળેલ ડાયાબિટીઝ અને બ્લડપ્રેશરને કેમ સ્વીકારી શકતા નથી?' ગુરુ બજુવાએ વેધક પ્રશ્ન કર્યો.

'હું મારા આ રોગોને સ્વીકારી લઉં તો મારી અઢળક સંપત્તિનો કોણ ઉપયોગ કરશે?' શેઠ બોલ્યા.

'આમેય તમે તમારી સંપત્તિનો આ રોગોના કારણે ઉપયોગ તો કરી શકવાના નથી.' બજુવા બોલ્યા.

'કેમ આપ આમ બોલ્યા?' શેઠે પૂછ્યું.

ને બજુવા ઉવાચ : 'જેમ તમે તમારા રોગોને સ્વીકારી શકતા નથી, તેમ તમારી સંપત્તિ તમારો પણ ક્યારેય સ્વીકાર નહીં જ કરી શકે!!' □

આયુર્વેદ અને ઔષધી - ૧૨

ગોખરુ

ચોમાસામાં વેલા જમીન ઉપર પથરાયેલા જોવા મળે છે. તેને આંબલી જેવાં નાનાં નાનાં પાન હોય છે. તેને ચણા જેવડાં કે તેથી નાનાં ફળો બેસે છે. જેના ઉપર કાંટા હોય છે. ફળ તાજા હોય તો લીલા રંગનાં હોય છે. જે સૂકાતાં કઠણ અને સફેદ બને છે.



ગોખરુને સૂકવી, તેને ખાંડી. તેનું ચૂર્ણ બનાવી તેનો ઉપયોગ કરાય છે. ગોખરુ ગાંધીની દુકાને મળે છે. ગોખરુનું તૈયાર ચૂર્ણ દવાવાળા વેચે છે. ગોખરુ ચૂર્ણ ૩-૩ ગ્રામ એટલે નાની ચમચી જેટલું દિવસમાં ૨ થી ૩ વાર પાણી, સાકર, દૂધ, ઘી કે મધ સાથે લઈ શકાય. ગોક્ષુરાધિ ગૂગળ ૨-૨ ગોળી દિવસમાં ૩ વાર પાણી સાથે લઈ શકાય. ગોખરુ સાથે ગળો અને આમલાં મેળવી બનાવેલું રસાયન ચૂર્ણ પ્રખ્યાત છે.

ગોખરુ સ્વાદે મીઠાં, તાસીરે ઠંડાં, ગુણમાં ભારે, ચીકણાં, વાતપિત્તશામક, સંખૂક, મૂત્રલ, ગર્ભસ્થાપક, રસાયણ, વૃષ્ય અને બલ્ય છે. પ્રમેહ, દમ, ઉધરસ, હૃદયરોગ, હરસ, દાઢ, પથરી, અગ્નિમાંદ્ય, અશક્તિ, શૂલ વગેરેમાં લાભકર છે.

ગોખરું ઠંડાં છે. તે પેસાબના દરેક જાતના રોગમાં ખૂબ સારું કામ કરે છે. પેશાબ ઓછો આવવો, ન આવવો, અટકી અટકીને આવવો, વગેરેમાં ગોખરુ ઉપયોગી છે. તે મૂત્રપિંડ અને મૂત્રાશયને કાર્યશીલ રાખે છે. આથી પથરીના રોગીને અને કિડની બગડી હોય તેવા રોગીને માટે પણ સારું છે.

ગોખરુ રસાયન અને વાજીકર પણ છે. તેથી સ્વપ્નદોષ, શીઘ્ર સ્ખલન, વીર્યની ઓછપ, વીર્યમાં વાસ આવવી, પેશાબ સાથે ધાતુ જવી વગેરે રોગોમાં તે ખૂબ સારું કામ આપે છે.

અશક્તિ, દુર્બળતા, બળતરામાં તેનું સેવન દૂધ સાથે કરવું.

સ્વ. વૈદ્ય નવીનભાઈ ઓઝા



શિખર ઊંચાં ને મારગ આકરા.
નહીં કોઈ સાથ કે સંગાથ,
નહીં ત્યાં કેડી કે નહીં વાટ,
ચડવાં ચઢાણો તસુ તસુ એકલાં,
શિખર ઊંચાં ને મારગ આકરા.

\- મનસુખલાલ ઝવેરી

ડૉ. મધુસૂદન પારેખને ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક

ગુજરાતમાં મોં હસતું રાખવા માટે જેઓ કલમસેવા કરી રહ્યા છે તેવા હાસ્યસર્જકોમાં 'પ્રિયદર્શી' (ડૉ.મધુસૂદન પારેખ)નું નામ ઉલ્લેખનીય છે. તેઓ સર્જનક્ષેત્રે પ્રિયદર્શી છે



ને વિવેચનક્ષેત્રે મધુદર્શી. પ્રસંગોપાત્ત તેઓ 'કીમિયાગર' કે 'વક્રદર્શી' થયા છે પણ એ તેમનો પેશો નથી ! મધુભાઈ વતની સુરતના. જન્મ ૧૪-૭-૧૯૨૩ના રોજ અમદાવાદમાં - પિતા હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, માતા જડાવબહેન. ૧૯૪૫માં બી.એ. થયેલા ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયો સાથે. ૧૯૫૨માં એમ.એ. થયા અને ૧૯૫૮માં 'ગુજરાતી નવલકથા સાહિત્યમાં પારસીઓનો ફાળો' - એ વિષય પર મહાનિબંધ લખી પીએચ.ડી.ની પદવી મેળવી. મધુભાઈ ૧૯૫૫થી ૧૯૮૩ સુધી હ.કા. આર્ટ્સ કોલેજ, અમદાવાદમાં ગુજરાતીના અધ્યાપક અને વચમાં આચાર્ય તરીકે સેવાઓ આપી નિવૃત્ત થયા. તેઓ ૧૯૬૦થી મુખ્યત્વે 'ગુજરાત સમાચાર'માં અને તે પછી વચ્ચે વચ્ચે અન્ય પત્રોમાં હળવી તેમજ અન્ય કટારો ચલાવતા રહ્યા છે. તેઓ ૧૯૬૧થી 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી તરીકે તથા ૧૯૭૪થી ગુજરાત સાહિત્ય સભા - અમદાવાદના મંત્રી તરીકે પણ સેવાઓ આપતા રહ્યા છે. તેમને 'અંગ્રેજી સાહિત્યનું આચમન' એ લેખશ્રેણી માટે ૧૯૭૨નો 'કુમાર' ચંદ્રક પ્રાપ્ત થયેલો. તે ઉપરાંત તેમનાં સાતેક પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પારિતોષિકો પ્રાપ્ત થયાં છે.

મધુભાઈએ સર્જન ક્ષેત્રે હાસ્યનિબંધો ને હાસ્યકથાઓ આપવા ઉપરાંત બાલસાહિત્ય તેમ જ નાટ્ય સાહિત્યમાંયે કેટલુંક ઉપયોગી પ્રદાન કર્યું છે. બાલસાહિત્યક્ષેત્રે 'શામળ ભટ્ટની વાર્તાઓ' (૧૯૬૬, ૧૯૯૨), 'વૈતાળ પચીસી' (૧૯૬૭), 'સિંહાસન બત્રીસી ભાગ - ૧,૨' (૧૯૭૦, ૧૯૮૮,૧૯૯૩), 'મૂરખરાજ' (૧૯૭૩, ૧૯૯૩), 'બુધિયાનાં પરાક્રમો' (સાત પુસ્તકોનો સંપુટ, ૧૯૭૩, ૧૯૮૫), 'માખણલાલ' (ચાર પુસ્તકોનો સંપુટ, ૧૯૭૬), 'બીરબલ' (ચાર પુસ્તકોનો સંપુટ, ૧૯૭૮), 'વિનોદ ચાતુરી કથામાળા' (પાંચ પુસ્તકોનો સંપુટ, ૧૯૭૮, ૧૯૮૧, ૧૯૯૩, ૧૯૯૪), 'બાર પૂતળીની વાતો' (ત્રણ પુસ્તકોનો સંપુટ, ૧૯૮૧), 'એક હતો બુધિયો' (ભાગ : ૧ થી ૫, ૧૯૯૦), 'સાહસિક સુંદરલાલ' (૧૯૯૧), 'બુધાકાકા' (૧૯૯૧), 'પટુકિયો' (૧૯૯૧), 'શ્રીકૃષ્ણની કથાઓ' (ભાગ : ૧ થી ૫, ૧૯૯૧), 'અલિબાબા' (૧૯૯૨), 'મિયાં અકડુ' (૧૯૯૨), 'હિંમતે મર્દા' (૧૯૯૪), 'મધુર મધુર વાતો' (૧૯૯૬), 'રામ કરે રખવાળાં' (૧૯૯૬), 'ગધેસિંહ' અને 'દોઢ ડાહ્યો' (૧૯૯૭) તથા 'વરુણનું સીનેરી

સ્વપ્ન' (૧૯૯૮) - આ પુસ્તકો આપ્યાં છે. જોઈ શકાશે કે બાલસાહિત્યના ક્ષેત્રે તેમની કલમ અવિરત ચાલતી રહી છે અને આપણી પરંપરામાં બાલભોગ્ય અને બાલવિકાસમાં પ્રેરક-પ્રોત્સાહક જે કથાસામગ્રી-રસસામગ્રી છે તેનો પ્રસાદ તેઓ બાલજગતને સતત વહેંચતા રહ્યા છે. સફળ બાલસાહિત્યકાર તરીકેની ક્ષમતા-શક્તિનો હૃદયંગમ પરિચય બાલસાહિત્યમાં તેઓ કરાવતા રહ્યા છે. રોજિંદા જીવનની ઘટમાળમાંથી બાલમાનસને અનુકૂળ એવું વિષયવસ્તુ તથા એવાં પાત્રો પસંદ કરી સરળ-મધુર શૈલીમાં ને ખાસ તો પ્રસન્નતા ને હળવાશથી તે રજૂ કરવામાં આહ્લાદક નિપુણતા દાખવે છે.

મધુભાઈએ શાળા-કૉલેજમાં ભજવી શકાય એવાં એકાંકીઓનો સંગ્રહ 'નાટ્યકુસુમો' ૧૯૬૨માં આપેલો તે પછી ૧૯૮૧માં 'પ્રિયદર્શીનાં પ્રહસનો' તથા ૧૯૯૫માં 'ફૂલફટાક નાટકો' આપીને ગુજરાતી નાટ્ય જગતનીયે શિષ્ટ ભૂમિકાએ રહીને ઉમદા સેવા કરી છે. તેમણે શેક્સપિયરનાં નાટકો પરથી આપેલી 'શેક્સપિયરની નાટ્યકથાઓ'(૧૯૬૫, ૧૯૭૧, ૧૯૮૨, ૧૯૮૮, ૧૯૯૬) સારો એવો પ્રચાર પામી. એ જ રીતે ૧૯૭૫માં તેમના દ્વારા પ્રાપ્ત 'સંસ્કૃત સાહિત્યની નાટ્યકથાઓ'એ પણ ઊછરતી પેઢીના સાહિત્યરસને પોષવાનું પ્રશસ્ય કાર્ય કર્યું છે.

મધુભાઈની સર્જકતાનો ઉત્તમ ઉઘાડ અને હિસાબ તો હાસ્ય રસના ક્ષેત્રે જોવા મળે છે. ૧૯૬૦થી 'ગુજરાત સમાચાર'માં 'હું, શાણી અને શકરાભાઈ' કૉલમ તેમણે સ્વીકારીને તેનો સુંદર નિર્વાહ આજ પર્યંત કર્યો છે. કેટકેટલા વિષયો, પ્રશ્નો અને દૃષ્ટિબિંદુઓ લઈને તેમણે ગુજરાતને હસતું રાખ્યું છે. વિનોદ ભટ્ટે મધુભાઈને 'ફૅમિલી હ્યુમરિસ્ટ' તરીકે યોગ્ય રીતે વર્ણવ્યા છે. તેમનાં વિનોદમાં વ્યંગનું તત્ત્વ અલ્પ હોવાનું ને અંતર્મુખતા હોવાનુંયે નોંધ્યું છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ તેમના વિનોદને સાભિપ્રાય 'મૃદુ' કહ્યો છે. યશવંતભાઈએ 'પ્રિયદર્શી'ના વિનોદમાં જે સમદર્શિતા છે તે પર ભાર મૂક્યો છે. મધુભાઈના વિનોદમાં શિષ્ટતા, મિષ્ટતા ને મધુરતા-માર્મિકતાનોયે અનુભવ થાય છે.

મધુભાઈ જીવન અને જગતના અવનવા સંચારોને ખુલ્લી આંખે, ખુલ્લા કાને અને ચિત્તે ગ્રહણ કરીને તેનો પ્રસન્નભાવે વિનિયોગ કરી વિનોદરસની નિષ્પત્તિ સાધે છે. જીવનનો આસ્વાદ લેવાની સહજવૃત્તિ એમના હળવા નિબંધોની આસ્વાદ્યતાના મૂળમાં રહી છે. જીવનમાં જે કંઈ કુત્સિત-અનિષ્ટ છે તે અહીં વ્યંગ-કટાક્ષનો વિષય બને છે ને છતાં તેમાં સમભાવ-પ્રેરિત સમુદારતા ને તટસ્થતા જળવાઈ રહે છે. લેખકની સામે વિશાળ વાચકવર્ગનું મનોરંજન એ મુખ્ય લક્ષ્ય હોઈ દેખીતી રીતે જ સરેરાશ વાચકવર્ગની ગ્રહી-માણી શકે એવી ભૂમિકા હાસ્યમાં જાળવવાની જહેમત દેખાય છે તે સાથે જ એમાં શબ્દરમત શ્લેષ - અલંકાર રમતથી માંડીને ભાવગત સૂક્ષ્મ હાસ્ય સુધીનાં જૂજવાં રૂપોની અજમાયશ થતી જોવા-માણવા મળે છે. માનવપ્રકૃતિની વિચિત્રતાઓને વિસંગતિઓનો પાકો અંદાજ આ લેખકને છે. તે સર્વને હસી કાઢતાંયે તેઓ પોતાની ભદ્રિકતા, સમતા, વિવેકશીલતાનો સ્તર બરોબર જાળવી રાખે છે. તેમના નિબંધો પથ્ય આનંદ આપવા સાથે સુરુચિની સુવાસ પણ પ્રસારે છે. મધુભાઈનું હાસ્યરસક્ષેત્રે કેવું વિપુલ સર્જન છે તે તેમની આ ગ્રંથયાદી જોતાંયે પ્રતીત થાય છે : 'હું, શાણી અને શકરાભાઈ' (૧૯૬૫), 'સૂડી-સોપારી' (૧૯૬૭), 'રવિવારની સવાર' (૧૯૭૧), 'હું, રાધા અને રાયજી' (૧૯૭૪), 'આપણે બધાં' (૧૯૭૫), 'અવળાં ચશ્માં' (૧૯૭૬), 'શ્રેષ્ઠ હાસ્યરચનાઓ' (સંપાદન : વિનોદ ભટ્ટ, ૧૯૮૧), 'વિનોદાયન' (૧૯૮૨), 'પેથાભાઈ પુરાણ' ((૧૯૮૫), 'હાસ્યકુસુમ' (૧૯૮૮), 'આંખનું કાજળ ગાલે ઘસ્યું' (૧૯૯૧), 'હાસ્યપચીસી' (૧૯૯૧), 'હાસ્યદેવાય નમઃ' (૧૯૯૨), 'પ્રિયદર્શીનો મધુવિનોદ' (૧૯૯૩), 'લાફિંગ સન્ડે' (૧૯૯૫), 'જરાક હસતું મોં' (૧૯૯૬) અને 'સ્મિતલહરી' (૧૯૯૭).

હાસ્યસર્જક મધુભાઈએ વિવેચક, અનુવાદક, સંપાદક વગેરેની કામગીરી પણ પ્રસંગોપાત્ત કરી છે. 'આવિર્ભાવ' (૧૯૭૩), 'દલપતરામ અને સ્વામિનારાયણ' (૧૯૮૦) તથા 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ'માં એક સ્વસ્થ રુચિના વિવેચકનું સામર્થ્ય તેઓ દાખવે છે. અનંતરાય રાવળે એક જાગ્રત અધ્યાપક અને વિવેચકની પ્રસાદી રૂપે 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ' એ પુસ્તકને યોગ્ય રીતે આવકાર આપ્યો છે. મધુભાઈ ગુ.સા. સભાની વાર્ષિક સમીક્ષાનું ઘણું જહેમતભર્યું કામ (૧૯૫૭, ૧૯૫૮, ૧૯૮૧ થી ૧૯૮૪, ૧૯૯૧ થી ૧૯૯૫) રજૂ કરતા અગિયાર સમીક્ષા-ગ્રંથો તો આપ્યા છે ને હજુ એ દિશામાં તેમની કામગીરી ચાલુ છે. આવું સમીક્ષાકાર્ય કરનારા ગુજરાત સાહિત્ય સભાના તેઓ અનન્ય મંત્રી છે અને રહેશે.

'અમેરિકન સમાજ' (૧૯૬૬), 'હેન્રી જેમ્સની વાર્તાઓ' (૧૯૬૯), 'આધુનિક ભારતમાં સમાજપરિવર્તન' (૧૯૭૫) - એ તેમના અનુવાદો છે, તો 'કનૈયાલાલ મુનશી : સાહિત્ય, જીવન અને પ્રતિભા' (૧૯૬૭), 'હિંદુસ્થાન મધ્યેનું એક ઝૂંપડું' (૧૯૬૮), 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' (સંક્ષેપાત્મક સંપાદન, ૧૯૭૬), 'ગુજરાતની અસ્મિતાના સ્વપ્નદ્રષ્ટા કનૈયાલાલ મુનશી' (૧૯૯૧) - એ એમનાં સંપાદનો છે.

આમ, મધુભાઈની સાહિત્યસેવા અધ્યાપન, પત્રકારત્વ અને સંસ્થાસંચાલન નિમિત્તે ચાલી છે અને તેનાં ઈષ્ટમિષ્ટ ફળો ગુજરાતના સાહિત્યરસિક વર્ગને લગભગ વરસોવરસ મળતાં રહ્યાં છે. એમને જ્યારે એમના વિશિષ્ટ સાહિત્યિક પ્રદાનને માટે ધનજી કાનજી સુવર્ણચંદ્રક મળે છે ત્યારે એમને જ નહીં, એમને જીવનમાં ને સાહિત્યમાં અશોકપ્રીતિનો મધુ-મય સંબંધ સંપડાવનારાં કુસુમબહેનેય આપણે ધન્યવાદ આપીએ.

મધુભાઈના વ્યક્તિત્વનું કુસુમિત માધુર્ય આકસ્મિક નથી.

(ચંદ્રક અર્પણ પ્રસંગે પરિચય પત્રિકા) - ચંદ્રકાન્ત શેઠ

એઇડ્ઝની શોધ

એઇડ્ઝ (AIDS aquired immuno-deficiency syndrome) : માનવ પ્રતિરક્ષા ઊણપકારી વિષાણુ (human immuno deficiency virus, HIV)ના ચેપથી થતો રોગનો છેલ્લો તબક્કો AIDS-ઉપાર્જિત પ્રતિરક્ષા ઊણપ સંલક્ષણનું અંગ્રેજી મૂળાક્ષરોથી બનાવેલું સંક્ષિપ્ત નામ છે.



રૉબર્ટ ગેલો તથા લુક મોન્તેનીઅરને અલગ અલગ સંશોધન દ્વારા એઇડ્ઝનો વિષાણુ શોધનારા ગણવામાં આવે છે. ૧૯૭૦માં ગેલોએ માણસના રુધિર કૅન્સરના કોષોમાં નિવર્તનીય લિપ્યંતરક દર્શાવ્યો અને ૧૯૮૦માં HTLV-2 પણ શોધ્યો. તેમને અનેક પારિતોષિકોથી નવાજવામાં આવ્યા છે. તેઓ એઇડ્ઝના વિષાણુને HTLV જૂથને માનતા અને તેનું ૧૯૮૪માં નિદર્શન કરીને તેને HTLV-3 કહ્યો. આ અગાઉ ૧૯૮૩માં ફ્રાન્સની પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટના વૈજ્ઞાનિકોએ એઇડ્ઝનો વિષાણુ શોધ્યો, તેનું સંવર્ધન કર્યું. તેનો જનીની નકશો તૈયાર કર્યો તથા તેને લસિકાગ્રંથિવર્ધન-સંબંધિત વિષાણુ (Lymphodenupathy-associated virus LAV)નું નામ આપ્યું. તેમણે ગૅલોના કરતાં પહેલાં એઇડ્ઝના વિષાણુ સામેનાં પ્રતિદ્રવ્યોનું નિદર્શન કરતી કસોટી તૈયાર કરીને તેના પેટન્ટ માટે અરજી પણ કરી. પોતાને એઇડ્ઝના વિષાણુ વિષે ૨ વર્ષ અગાઉથી માહિતી હતી એવું જાહેર કરીને ગેલોએ વિવાદ સર્જ્યો. કાયદાકીય સંઘર્ષ શરૂ થયો પરંતુ ૧૯૮૭ના માર્ચની ૨૩મી તારીખે ગેલો અને મોન્તેનીઅરે ફ્રૅન્કફર્ટની એક હૉટેલમાં મળીને એઇડ્ઝના વિષાણુની શોધના સન્માન માટે સહભાગીદારી સ્વીકારી. ત્યાર બાદ HTLV-3 અથવા LAVને બદલે તેને HIVનાં નામથી ઓળખવામાં આવે છે. આ વિવાદ ર.ને સમા[illegible]નનું એટલું તો મહત્ત્વ થઈ પડ્યું હતું કે ૧૯૮૭ના માર્ચની ૩૧મી તારીખે વૉશિંગ્ટનમાં યુ.એસ.એ.ના પ્રમુખ રૉનાલ્ડ રેગન તથા ફ્રાન્સના વડાપ્રધાન ઝેક શિરાકે (Jacques Chirac) એક સમારંભમાં HIVની શોધ અંગેની સંયુક્ત સહમતીની જાહેરાત કરી. ('વિશ્વવિહાર'માંથી)

હું પગારવધારો સ્વીકારતો નથી

હું અહમદનગર ખાતે આવેલા સીતારામ સારડા વિદ્યાલયમાં માધ્યમિક શિક્ષક છું. હું ૧૯૯૪થી નોકરી કરું છું. મહારાષ્ટ્ર સરકારે તાજેતરમાં જ રાજ્યના કર્મચારીઓ માટે પાંચમા પગારપંચની ભલામણો લાગુ કરી છે. આ પગારપંચે સૂચવેલું પગારધોરણ (૫૫૦૦-૭૦૦૦) મને આપવું નહીં; હું જૂના પગારધોરણ (૧૪૦૦-૨૬૦૦) અનુસાર કામ કરવા ઇચ્છું છું. એમ હું મુખ્યમંત્રીને સોગંદનામા પર લખી આપું છું.

પાંચમા પગારપંચ દ્વારા મળતા બધા પ્રકારના લાભ નકારવા પાછળની મારી ભૂમિકા આ પ્રમાણે છે :

અત્યારે દેશ આર્થિક આપત્તિમાંથી પસાર થઈ રહ્યો છે. આ દેવાદાર દેશે દર વર્ષે વ્યાજપેટે અબજો રૂપિયા ચૂકવવા પડે છે. દેશની આવકની લગભગ ૩/૪ ભાગની રકમ પગાર અને વહીવટ પાછળ ખર્ચાય છે. તેને કારણે વિકાસકાર્યો અટકી પડ્યાં છે. એટલે આર્થિક પરિસ્થિતિ સુધારવી હોય તો પગારપેટે થતા ખર્ચ પર કાપ મૂકવામાં આવે તે ખૂબ જરૂરી છે. પગાર-કપાતની શરૂઆત હું મારા પોતાનાથી કરવા ઇચ્છું છું.

પગારવધારાની માગણી માટે આપવામાં આવતું મોંઘવારીનું કારણ વિચારણીય હોય તો પણ દેશમાં ગરીબીરેખા નીચે જીવતા કરોડો બાંધવો અતિશય ઓછી આવકમાં જીવન જીવતાં હોય ત્યારે આપણે પોતાના બધા પ્રશ્નો આ ગરીબ બાંધવોના સંદર્ભમાં તપાસવા જોઈએ. માણસો જ્યાં ભૂખમરાનો ભોગ બનતા હોય તેવા આ દેશમાં અર્ધપેટે જીવતાં લોકોની સરખામણીમાં આપણે ખૂબ સુખી જીવન વીતાવીએ છીએ. એટલે કે લોકોના ઉદ્ધાર માટે બંધુત્વની ભૂમિકાએથી આપણે પગારવધારાનો ત્યાગ કરીએ તે જરૂરી છે.

દેશમાં કરોડો રૂપિયાનાં કૌભાંડો થતાં હોય, રાષ્ટ્રપતિ, ન્યાયાધીશ, ધારાસભ્યો અને મંત્રીઓ ખૂબ તગડાં ભથ્થાં મેળવતા હોય, મોટા પ્રમાણમાં પૈસા ઉડાવવામાં આવતા હોય ત્યારે દેશનો વિચાર માત્ર આપણે જ શા માટે કરવો – આવો વિચાર કેટલાંકના મનમાં આવે તે સ્વાભાવિક છે. પણ કોઈ પરિવારમાં પતિ દારૂડિયો હોય, સંતાનો કુમાર્ગે ચડેલાં હોય, તો તે પરિવારમાં ગૃહિણી પતિ કે સંતાનોની જેમ વર્તતી નથી. તે કરકસર કરીને પતિ અને સંતાનોને ઠેકાણે લાવવા પ્રયત્ન કરે છે. આજે બરાબર આ જ ભૂમિકા અમે કર્મચારીઓ લઈએ તે જરૂરી છે. તિજોરી ખાલી કરવાની સ્પર્ધામાં જો અમે રાજકારણીઓની હારોહાર ઊભા રહીશું તો તેમની પાસેથી જવાબ માગવાનો અધિકાર અમે ગુમાવી બેસીશું. એટલે પગારવધારો નકારીને એ ત્યાગના નૈતિક બળે રાજકારણીઓ તેમ જ ઊંચા હોદ્દા ધરાવતા નોકરશાહો દ્વારા થતી પૈસાની ઉડાઉગીરી અને કાળાં નાણાં પર કાબૂ રાખવો શક્ય બનશે.

આપણા દેશનો ઉચ્ચ વર્ગ દેશની સમસ્યાઓ વિશે ઉદાસીન છે અને નિમ્ન વર્ગ અસંગઠિત છે. આ પરિસ્થિતિમાં ક્રાન્તિની શરૂઆત મધ્યમ વર્ગે જ કરવી રહી. રાજ્યકર્તાઓને દોષ દેવાથી પ્રશ્નનો ઉકેલ આવશે નહીં. કરકસરની શરૂઆત અધ્યાપકો, તેમ જ બૅન્કો અને મહામંડળના કર્મચારીઓએ પગારવધારો નકારીને કરવી જોઈએ. આ નૈતિક આંદોલન દ્વારા જ રાષ્ટ્રપતિથી માંડીને મોટા પગાર લેતા સહુ લોકો સુધી કરકસર અને રાષ્ટ્રિય ભાવનાનો સંદેશ પહોંચશે, અને તેમાંથી વિધાયક પરિસ્થિતિ સર્જાશે એવો મને સાચો વિશ્વાસ છે.

નિવૃત્તિ માટેની વયમર્યાદામાં અને પગારમાં થયેલો વધારો

સ્વીકારવામાં આજે સારું લાગે છે. પણ પછી આપણે અને આપણી ભાવિ પેઢીઓ નાદારીની આગનો ભોગ બનીશું. આ કટુ ભાવિનો વિચાર કરીને દેશના ઉદ્ધારનો પ્રારંભ - કોઈ પ્રેષિતની રાહ જોવાને બદલે - પોતાનાથી જ કરવો જોઈએ

પગારવધારો નકારવા પાછળની ભૂમિકા રજૂ કરનારા સોગંદનામાની નકલ હું રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, કેટલાક પ્રધાનો, રાજ્યપાલો અને મુખ્યમંત્રીને મોકલીને તે બધાને પણ ભથ્થાંમાં કાપ મૂકવાની હાકલ કરું છું. અને સાથે જુદા જુદા રાજકીય પક્ષોના પ્રમુખોને પણ વિનંતી કરું છું કે તેઓ તેમના પક્ષની વિચારધારામાં માનતા કર્મચારીઓને હાકલ કરે.

આ નિર્ણય દ્વારા હું કોઈ મોટો ત્યાગ કરી રહ્યો છું એવો મારો કોઈ દાવો નથી. દેશની સમસ્યાઓની સરખામણીમાં આ અત્યંત ક્ષુલ્લક વાત છે. પણ દેશના સર્વ કર્મચારીઓને હું નમ્ર પ્રાર્થના કરું છું કે, તે બધાંએ રાષ્ટ્રને નજર સમક્ષ રાખીને પગારવધારાનો અસ્વીકાર કરતું સોગંદનામું રજૂ કરીને રાજ્યકર્તાઓને પણ હાકલ કરવી. રાષ્ટ્રપ્રેમ અને માનવતાનો મોટો વારસો ધરાવનારા આપણા દેશમાં લાખો કર્મચારીઓ આ પ્રકારની ભૂમિકા લેશે એવો મને સાર્થ વિશ્વાસ છે. - અનુ. સંજય ભાવે ('નિરીક્ષક'માંથી)

કૉલેજ અને ઉત્સવો

આજકાલ કૉલેજો લોકોને મન ચિંતાનો વિષય બની રહી હોવાના અહેવાલો દેશનાં મોટાં શહેરોમાંથી મળે છે. આપણું ગુજરાત હજી અન્ય ચોક્કસ રાજ્યોની સરખામણીમાં મર્યાદા જાળવી રહ્યું છે. પરંતુ તેમ છતાં અમદાવાદ, વડોદરા જેવાં શહેરોની કૉલેજોમાં સતત કથળતી જતી અભ્યાસકીય પ્રવૃત્તિઓ અને વધતી જતી અર્થહીન ઇતર પ્રવૃત્તિઓ થોડી ચિંતાજનક તો છે. એ એક રિવાજ થઈ પડ્યો છે કે ડિસેમ્બર મહિનો આવે એટલે બધી જ કૉલેજોમાં જાતજાતના 'ડે'ની લંગાર ચાલુ થાય. આ 'ડે'ની કરામત એવી કે અમુક દિવસે બધા જ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અમુક ચોક્કસ પ્રકારનાં જ વસ્ત્રો પહેરીને આવે. વળી, બીજા દિવસે તેઓ બીજા પ્રકારનાં વસ્ત્રો પહેરે. ત્રીજા દિવસે એકબીજાંને ચૉકલેટ આપે. ચોથા દિવસે વળી ગુલાબની આપ-લે થાય અને તેના ગર્ભિત અર્થો પણ હોય. આને જો ઉજવણી કહેવી હોય તો કહેનારને કોઈ રોકવાનું નથી. પણ શિક્ષણ અને ઘડતરની સંસ્થાઓમાં ઉજવણી પણ શિક્ષણ અને ઘડતરને સીધી જ પોષક બને તેવી હોવી જોઈએ.

કૉલેજોના સત્તાવાળા બિચારા શું કરે? આજકાલ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ જ આવા કાર્યક્રમો માટે દબાણ કરતાં હોય છે. હા, એ કબૂલ કે આજકાલ યુવામાનસમાં એક વિચિત્ર હવા પેસી ગઈ છે. જીવન વિષેના તેમજ પોતાના શિક્ષણ અને ઘડતર વિશેના ખ્યાલો છીછરા બન્યા છે. પણ તેની સામે એવું કહી શકાય તેમ છે કે તેઓને ગંભીરતાથી વિચારતાં કે સમજણપૂર્વક પસંદગી કરતાં કોઈએ શીખવ્યું જ નથી. આ 'કોઈ'માં અધ્યાપકો તેમજ માબાપો બન્ને સમાઈ જાય છે. તો પછી આપણા યુવાધનને થોડીક ગંભીરતા કે સમજણની દિશામાં વાળવાની તસ્દી કેમ 'કોઈ' લેતું નથી ? એ તસ્દી નહિ લેવા બદલ શિક્ષકો, શૈક્ષણિક સંસ્થાઓ અને માબાપો કોઈ બહાનું કાઢી શકે નહિ. યુવાનોને યોગ્ય દિશામાં વાળવા, યોગ્ય માર્ગ પર ચાલતા કરવા, પોતાનાં શિક્ષણ તથા જીવન ઘડતરને સર્વોચ્ચ મહત્ત્વ આપતા બનાવવા તે તેઓની જ પ્રથમ ફરજ છે, જવાબદારી છે. તેમાંથી છટકવું કે છટકવાનાં બહાનાં શોધવાં તે નિંદનીય કામચોરી છે. નઘરોળ બેજવાબદારી છે અને સમાજ તથા રાષ્ટ્ર પ્રત્યે પોતાનું કર્તવ્ય અદા કરવામાંથી શરમજનક પલાયન છે.

યુવાન વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ પણ એ સમજવું ખુદ તેમના જ ઉત્તમ હિતમાં ગણાય કે જિંદગીનાં આ અમૂલ્ય વર્ષો, યુવાનીનાં વર્ષો કશું જ નક્કર કે ઉપયોગી પ્રાપ્ત કર્યા વિના વેડફાઈ જાય તે સૌથી મોટું નુકસાન છે. કૉલેજોમાં સામે ચાલીને એવી માગણી કરી, એવો આગ્રહ રાખે કે કૉલેજના વર્ગોમાં તો સઘન અને સુંદર શિક્ષણ અપાય જ, પણ જે ઉજવણીઓ, ઉત્સવો તથા ઇતર પ્રવૃત્તિઓ યોજાય તે પણ એવી યોજાય કે જે આડકતરી રીતે તેમનાં ઘડતર અને વિકાસમાં ફાળો આપનાર બની રહે. શું વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ તેમના પોતાના ખાતર પણ આટલું કરશે? ('સ્ત્રી'માંથી ટૂંકાવીને) - લીલાબહેન પટેલ

શરદીમાં રાહત શી રીતે મેળવશો

શરદીની જાતજાતની દવાઓથી દવાઓનું બજાર ઊભરાય છે. આ તમામ દવાઓ શરદીનાં લક્ષણોમાં થોડા-ઘણા અંશે રાહત આપે છે પણ શરદીને મટાડી શકતી નથી. આથી જાહેરાતોમાં આવતી શરદીની દવાઓનો ભરોસો રાખશો નહીં. આવી મોટા ભાગની દવાઓમાં દર્દશામક રસાયણ હોય છે, જે શરદીથી થતા શરીર અને માથાના દુઃખાવામાં આંશિક રાહત આપે છે. આ દવાઓ તમારા તાવ અને દુઃખાવાને દબાવી દેશે પણ રોગ મટાડશે નહીં. ખરેખર તીવ્ર દુઃખાવો હોય તો સાદી એસ્પિરિનની ગોળી જ પૂરતી છે. ૧૨ વર્ષથી નાની ઉંમરનાં બાળકોમાં શરદીની બીમારીમાં એસ્પિરિન વાપરશો નહીં. શરદીમાં ખાંસીની દવાઓ જરૂરી છે ? અતિશય સૂકી ખાંસી થતી હોય તો અમુક દવાઓ લઈ શકાય છે, પણ સામાન્ય ખાંસીને દબાવશો નહીં.

ત્યારે શરદી-ખાંસી થાય તો શું કરશો ? ગરમ પાણીની વરાળનો નાસ લો, પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લો - ખાસ કરીને ગરમ પ્રવાહી - જેથી નાક અને શ્વાસમાર્ગમાં જામેલો કફ પ્રવાહી બનીને છૂટો પડી જાય. ગળામાં દુઃખતું હોય તો મીઠાંના પાણીના કોગળા કરો. હળદર-મીઠાંનું દૂધ લો. પૂરતો આરામ કરો અને પૌષ્ટિક ખોરાક લો. ખાંસી થતી હોય તો મોંમાં સાકર, લવિંગ કે મીઠાંની ગાંગડી રાખીને ચૂસો. આ ઉપચારો તદ્દન સલામત છે.

('લોકૉસ્ટ ફીચર્સ'માંથી ટૂંકાવીને)

બિન્દુનું ગાવું છે ગાન, સિન્ધુનીયે લેવી તાન;
દોસ્તી સૌ સંગાથે કરવી, નાનાં વા એ હોય મહાન.
પ્રહ્‌લાદ પારેખ

જોઉં છું તમે નવા વર્ષે કેવા
નવા નિશ્ચયો કર્યા છે.
જે ન બોલે તેને બોલાવજો.
જે ન આવે તેને ઘેર જજો.
જે રિસાય તેને રીઝવજો.
અને આ બધું તેના ભલાને સારુ નહીં,
પણ તમારા ભલાને સારુ કરજો.
જગત લેણદાર છે,
આપણે તેના કરજદાર છીએ.
ગાંધીજી

એક વાર વઢવાણના રાજવીએ ઝંડુ ભટ્ટજીને કહ્યું કે તમે નથી તમારી વિઝિટના પૈસા માગતા કે ન તો તમારી દવાના. આમ કેમ? ભટ્ટજીએ જણાવ્યું, 'તમે સાજા થઈ જાવ પછી વાત. મારો એક નિયમ છે કે દર્દી સાજો ન થાય તો હું પૈસા લેતો નથી.' ઝંડુ ભટ્ટજીએ રાજા સાહેબની સારવાર કરી, પણ તેઓ બચી શક્યા નહિ. થોડા સમય પછી રાજકોષમાંથી ઝંડુ ભટ્ટજીને જામનગર તેમની દવા તથા વિઝિટના પૈસા મોકલી આપવામાં આવ્યા. ઝંડુ ભટ્ટજીએ રકમ પાછી વાળતાં જણાવ્યું, 'રાજાસાહેબનો રોગ અસાધ્ય હતો; પણ તેમ કહી હું તેમને ગભરાવવા માગતો નહોતો. વળી, જે દર્દીને હું સાજો નથી કરી શકતો તેમની પાસેથી હું પૈસા લેતો નથી. માટે આ રકમ સાભાર પરત કરું છું, ક્યાં ઝંડુ ભટ્ટજી અને ક્યાં આજનો ધનપીપાસુ તબીબ!



નેતાજી આજના

'નખ'ના રૂઢપ્રયોગો

- નખથી શિખ સુધી - આખે શરીરે.
- નખમાં રોગ ન હોવો - સંપૂર્ણ તંદુરસ્ત હોવું.
- આંગળાંથી નખ વેગળા - નજીક હોવા છતાં જુદાઈ.

*

ચાંદીના દાગીના કાળા ન પડી જાય તે માટે તેને એક ડબ્બામાં મૂકી અંદર કપૂરનો ટુકડો મૂકવો.

*

ઈ.સ.૧૧૬૨માં દુનિયાના ઘણાખરા દેશોમાં એકસાથે દુષ્કાળ પડ્યો હતો.

*

જાણો છો કે જાહેરાત આપવાની પ્રથા ઈ.૧૮૪૮ના વર્ષમાં ઇંગ્લંડે શરૂ કરી હતી?

*

અરેબિયામાં 'લાફિંગ કડાસ' નામનો એક છોડ થાય છે, જેની નીચે બેસીને જે કોઈ કંઈ પણ ખાય તો થોડી વારમાં જ તે જોરથી હસવા માંડે છે અને હસવાનું બંધ થતાં જ તે બેભાન બની જાય છે!

*


નોક્ટિલ્યુકા અથવા રાત્રિપ્રકાશ નામે ઓળખાતાં એકકોષી અને ટાંકણીના માથા જેવડા કદના સામુદ્રી જીવો ક્યારેક હજારોની સંખ્યામાં જળસપાટી પર દેખા દે છે અને પાણી પર જાણે આગનું દૃશ્ય સર્જી રહે છે!

*

એક ચમચો ફૂદીનાના રસમાં લીંબુનાં થોડાં ટીપાં અને મધ ભેળવીને પીવામાં આવે તો અપચો દૂર થાય છે.


એક જાણીતા ટી.વી. કાર્યક્રમવાળાએ પ્રેક્ષકોને લખી જણાવવા કહ્યું કે, એમને શા માટે આ કાર્યક્રમ ગમે છે?

એક વ્યક્તિએ લખ્યું: '...કારણ કે જેવો તમારો કાર્યક્રમ પૂરો થાય છે કે તરત બીજા રસ પડે એવા સારા કાર્યક્રમો શરૂ થાય છે.'



કલાકણિકા : ચીનના સુન્ગ વંશનું એક પુષ્પદાન, જેના બે હાથા પંખીની ડોક અને માથાના આકારના બનાવાયા છે.


સળંગ દોરીમાં પરોવેલા મણકાઓને અદ્ભૂત રીતે છૂટા પાડવાનો આ પ્રયોગ જેટલો સરળ તેટલો જ અસરકારક છે. રહસ્ય તદ્દન મામૂલી હોવા છતાં ચતુર પ્રેક્ષક પણ તેને પામી શકતો નથી. તેથી જ દેશી મદારીઓમાં અને રંગમંચ પર ખેલ કરતા જાદુગરોમાં તે એકસરખો પ્રચલિત છે. આ ખેલ મૂળ ભારતમાં જ શોધાએલો હોઈ પરદેશમાં તે Indian bead mystery ને નામે પ્રચલિત છે.



જાદુગર એકસરખા માપના દોરીના બે ટુકડા લે છે. એમાં પ્રથમથી જ લાકડાના ત્રણ મોટા મણકા પરોવી રાખેલા છે. જાદુગર પ્રેક્ષકોને એ નજીકથી પણ બતાવે છે.

આ પછી એ કોઈ પણ બે પ્રેક્ષકોને પાસે બોલાવી, સામ સામે ઊભા રાખી એમની પાસે પેલી દોરીના છેડાઓ પકડાવે છે. (આ.૧) હવે જાદુગર તેમાંનો એક એક છેડો લઈને મજબૂતી ખાતર મણકા પાસે બે-ત્રણ ગાંઠ લગાવી દે છે. આથી બન્ને પ્રેક્ષકોના હાથમાં હવે એક એક છેડો રહે છે. જેમાં વચ્ચે પેલા મણકાઓ અને દોરીની ગાંઠ લટકતા રહે છે. (આ.૨) જાદુગર પ્રેક્ષકોને સાવધાન કરી 'એક...દો...તી...ન' એમ બોલતાં જ વચલા મણકા પર પોતાની જાદૂઈ લાકડી ફટકારે છે ત્યાં તો પેલા મણકા જમીન પર આવી પડે છે. ને દોરી? એ તો એ લટકે! એનો એક એક છેડો પ્રેક્ષકોના હાથમાં જ છે ને બીજાની જે ગાંઠ મારી હતી એ એમ જ અકબંધ છે. (આ.૩) પ્રેક્ષકો અવાક્ થઈ જાય છે.

રહસ્ય : બન્ને દોરીઓ જેમ શરૂઆતમાં જણાય છે તેમ સળંગ નથી, (નીચેની આકૃતિ જુઓ) પરંતુ વચ્ચેથી બેવડી વાળેલી



છે. વળાંક આગળથી પાતળા દોરા વડે એ બન્ને ને બાંધી રાખી છે. આ જોડાણ પર વચલો મણકો આવી જાય છે. તેથી બન્ને દોરીઓ સળંગ લાગે છે. જાદુઈ લાકડીના ફટકાથી પેલો પાતળો દોરો તૂટી જાય છે અને દોરી ખેંચાતાં મણકા સરી પડે છે. બે છેડાની ગાંઠ વાળવી અનિવાર્ય છે તે હવે સમજાયું હશે.

['કુમાર' વર્ષ ૪૦, સળંગ અંક ૪૭૫, જુલાઈ ૧૯૬૩માંથી ઉદ્ધૃત]